અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 17 જુલાઈ 2026 શુક્રવાર
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ - 3


વર્ષ : 18
અંક : 18

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
બંગાળની ખાડીમાં રોહિંગ્યા શરણાર્થીઓની બે બોટ પલટી: 500થી વધુ લોકોના મોતની આશંકા....

4 
હિમાલયના પર્વતો વચ્ચે વાદળો ફસાય છે અને ફાટે છે

6 
19 વર્ષ પહેલાં જેને ખોળામાં નવડાવ્યો, હવે તેની જ સામે ફાઇનલ રમશે મેસી! ફિફા....

7 
ડીઝલ-ATF પર એક્સપોર્ટ ડ્યુટી વધી, પેટ્રોલ પર ઘટી: દેશમાં ફ્યુઅલની અછત રોકવા માટે નિર્ણય લેવાયો


## NEWS BRIEF

### NEET-2026ના કેમેસ્ટ્રી પેપર માટે 5 લાખ આપ્યા: લાતુરના કોચિંગ માલિકે પુત્રને NTA પેનલના સભ્યના કોચિંગમાં મોકલ્યો

CBIએ બુધવારે જણાવ્યું હતું કે નીટ પેપર લીક કેસમાં કોચિંગ સેન્ટરના માલિક શિવરાજ રઘુનાથ મોટેગાંવકરે કેમેસ્ટ્રીના પેપર માટે 5 લાખ રૂપિયા આપ્યા હતા. CBIએ એક વિશેષ અદાલતને મોટેગાંવકરની જામીન અરજી પર સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે તેણે NTA ક્વેશ્વન પેપર બનાવનાર પેનલ પર હાજર પી. વી. કુલકર્ણીને 5 લાખ રૂપિયા આપ્યા હતા.



મોટેગાંવકરનો દીકરો કુલકર્ણીના કોચિંગ ક્લાસમાં પણ જતો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે મોટેગાંવકરે કુલકર્ણીના કેમેસ્ટ્રી ટ્યુટોરિયલ ક્લાસિસમાં આપવામાં આવેલા પેપરમાંથી હાથથી લખેલી નોટ્સ તૈયાર કરી હતી. NEET-UG પરીક્ષા 3 મેના રોજ દેશના 551 શહેરો અને વિદેશના 14 કેન્દ્રો પર યોજાઈ હતી. તેમાં લગભગ 23 લાખ ઉમેદવારો સામેલ થયા હતા. NTA અનુસાર 7 મેની સાંજે પરીક્ષામાં ગડબડીની સૂચના મળી હતી. ત્યારબાદ મામલો કેન્દ્રીય એજન્સીઓને સોંપવામાં આવ્યો. 12 મેના રોજ પરીક્ષા રદ કરવામાં આવી અને રી-એક્ઝામનો નિર્ણય લેવામાં આવ્યો. CBIએ મોટેગાંવકરનો ફોન જપ્ત કર્યો છે, જેમાં રસાયણશાસ્ત્રના 132 હાથથી લખેલા પ્રશ્નોવાળી 36 તસવીરો (પાંચ ડુપ્લિકેટ તસવીરો) મળી છે.

### યુવા વૈજ્ઞાનિક સામે છેતરપીંડીનો કેસ: ડ્રોન ઇનોવેશનના નામે ₹62 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા



લખનઉની ફાઈવ સ્ટાર નોવોટેલમાં યુવા વૈજ્ઞાનિક રાહુલ સિંહના મૃત્યુના કેસમાં એક નવો ખુલાસો થયો છે. રાહુલ પર એક મહિના પહેલા જ બસ્તીના નગર પોલીસ સ્ટેશનમાં ડ્રોન પ્રોજેક્ટના નામે 62 લાખ રૂપિયાની છેતરપિંડીનો આરોપ લાગ્યો હતો. છેતરપિંડીનો આરોપ લગાવનાર ફરિયાદીએ પોલીસને કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રાહુલ સિંહે પોતાને ડ્રોન ઈનોવેટર ગણાવીને પ્રોજેક્ટના નામે પૈસા લીધા હતા. જ્યારે, રાહુલના મૃત્યુ પછી તેના ભાઈ રોહિત સિંહે ચંદ્રભૂષણ પર જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો છે. બસ્તીના નગર વિસ્તારના તિનપેડિયા નિવાસી ચંદ્રભૂષણ મિશ્રાએ 14 જૂને નોંધાવેલી FIRમાં જણાવ્યું હતું કે તેમની મુલાકાત દિલ્હીમાં મહારાજગંજના કોઠીભાર પોલીસ સ્ટેશન વિસ્તારના સિસવા બજાર નિવાસી રાહુલ સિંહ સાથે થઈ હતી. રાહુલે પોતાને ડ્રોન ઈનોવેટર ગણાવીને મોટા પ્રોજેક્ટ્સ અને પ્રભાવશાળી લોકો સાથેના પોતાના ફોટા અને વીડિયો બતાવીને વિશ્વાસ જીતી લીધો હતો. આરોપ છે કે થોડા સમય પછી રાહુલે ફોન કરીને જણાવ્યું કે તે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ થનારા એક નવા ડ્રોન પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે, પરંતુ તેનો એક મહત્વપૂર્ણ પાર્ટ ખરાબ થઈ ગયો છે. તેણે પ્રોજેક્ટ પૂરો કરવા માટે તાત્કાલિક 62 લાખ રૂપિયા અને રિસર્ચ કાર્ય માટે મોબાઈલ ફોન અને લેપટોપની જરૂરિયાત જણાવી હતી. ચંદ્રભૂષણ મુજબ, રાહુલની વાતો પર વિશ્વાસ કરીને તેમણે બે મોબાઈલ ફોન ઉપલબ્ધ કરાવ્યા. 17 સપ્ટેમ્બર 2025ના રોજ તેણે જણાવેલા બેંક ખાતામાં 62 લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા. આ પછી પણ ન તો પ્રોજેક્ટ સામે આવ્યો અને ન તો તેમની રકમ પાછી મળી.

## રથ ખેંચતી વખતે સર્જાઈ અફરાતફરી

# પુરીમાં જગન્નાથ રથયાત્રામાં નાસભાગ, એક શ્રદ્ધાળુનું મોત, અનેકને ઈજા

### ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોને જ્યારે મંદિરથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા, ત્યારે તેમને જોવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું

**પુરી, તા.16**

ઓડિશાના પુરીમાં જગપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ગુરુવારથી ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે. જોકે, રથયાત્રાના પ્રથમ દિવસે જ ભક્તોની ભારે ભીડને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. લાખો ભક્તોની હાજરી વચ્ચે થયેલી દોડધામમાં ગૂંગળામણના કારણે એક શ્રદ્ધાળુનું મોત નીપજ્યું છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે.

ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોને જ્યારે 12મી સદીના મુખ્ય મંદિરથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા, ત્યારે તેમને જોવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. આ અતિશય ભીડમાં શ્વાસ લેવાની તકલીફ થતાં એક શ્રદ્ધાળુ અચાનક બેહોશ થઈને ઢળી પડ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.



ઘટનાને પગલે સ્પેશિયલ રેસ્ક્યુ યુનિટ (SRU)ની ટીમોએ તુરંત જ બચાવ કામગીરી શરૂ કરીને અસરગ્રસ્તોને ભીડમાંથી બહાર કાઢ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે પુરીની મેડિકલ કોલેજ અને અન્ય હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ભીડ પર નિયંત્રણ મેળવવા માટે પ્રશાસન દ્વારા તાત્કાલિક વધારાની સુરક્ષા અને મેડિકલ ટીમો તૈનાત કરી દેવામાં આવી છે.

આ અગાઉ, પરંપરાગત વાદ્યો, શંખનાદ અને ઝાંઝ-પખવાજના નાદ સાથે ભગવાનની યાત્રા શરૂ થઈ હતી. સૌપ્રથમ ચક્રરાજ સુદર્શનને રથ પર બિરાજમાન કરાયા હતા અને ત્યારબાદ દેવી સુભદ્રા તથા ભગવાન જગન્નાથના રથોને પ્રસ્થાન કરાવાયા હતા. આ સમયે સમગ્ર પુરી 'જય જગન્નાથ'ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. આ યાત્રા મુખ્ય મંદિરથી ગુન્ડિચા મંદિર સુધી જશે.

પુરીમાં છેલ્લા 24 કલાકમાં અંદાજે 200 મિલીમીટર જેટલો ભારે વરસાદ નોંધાયો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પુરી મ્યુનિસિપલ કોર્પોરેશન (PMC)ની 24 કલાક કાર્યરત ટીમોને એલર્ટ પર રાખવામાં આવી છે.

આવાસ અને શહેરી વિકાસ મંત્રી કૃષ્ણ ચંદ્ર મહાપાત્રએ જાતે સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લઈને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓને કડક સૂચના આપતાં કહ્યું કે, 'પાણી ભરાયેલા વિસ્તારોમાં હાઈ-કેપેસિટી પમ્પિંગ યુનિટ્સ કાર્યરત કરવામાં આવે અને રથયાત્રાના રૂટ પર રસ્તાઓ સુકા અને વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવે.'

## જિંદગી અનમોલ છે...સોનમ વાંગચુકના ઉપવાસનો 19મો દિવસ: 8.9 કિલો વજન ઘટ્યું

### બળજબરીથી ભોજન આપવાની માગ પર આજે હાઈકોર્ટમાં સુનાવણી

**નવી દિલ્હી, તા.16**

સામાજિક કાર્યકર સોનમ વાંગચુકના આમરણાંત ઉપવાસનો આજે 19મો દિવસ છે. તેમની બગડતી તબિયતને લઈને દાખલ કરવામાં આવેલી જનહિત અરજી (PIL) પર આજે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થશે. અરજીમાં કેન્દ્ર અને દિલ્હી સરકારને વાંગચુકને હોસ્પિટલમાં દાખલ કરવા અને જરૂર પડ્યે જબરદસ્તીથી ભોજન (ફોર્સ-ફીડિંગ) આપવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. વાંગચુક 28 જૂનથી જંતર-મંતર પર ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટી (CJP)ના આંદોલનમાં સામેલ છે. તેઓ NEET પરીક્ષામાં ગેરરીતિઓ માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિત પરીક્ષા પ્રણાલીમાં સુધારાની માંગ સાથે અનિશ્ચિતકાળની ભૂખ હડતાળ પર છે. દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ડી.કે. ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કરિયાની બેન્ચ બુધવારે સરકારી પક્ષની ગેરહાજરીને કારણે સુનાવણી કરી શકી ન હતી. અદાલતે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેને ગુરુવાર માટે સૂચિબદ્ધ કર્યો અને મામલા પર કેન્દ્ર અને દિલ્હી સરકાર પાસેથી જવાબ માંગ્યો.

દિલ્હી હાઈકોર્ટમાં જળવાયુ કાર્યકર્તા સોનમ વાંગચુકની સુરક્ષા અને સ્વાસ્થ્યને લઈને દાખલ કરવામાં આવેલી એક જનહિત અરજી પર સુનાવણી થઈ. વાંગચુક છેલ્લા 19 દિવસથી જંતર મંતર પર ભૂખ હડતાળ પર બેઠા છે. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી સોલિસિટર જનરલ હાજર રહ્યા અને કોર્ટને જણાવ્યું કે આ મામલે ગઈકાલે નોટિસ જારી કરવામાં આવી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે સરકારી ડોકટરો દ્વારા તેમની નિયમિત તપાસ કરાવવામાં આવે અને ડોકટરોના રિપોર્ટના આધારે જરૂર પડ્યે તાત્કાલિક પગલાં લેવામાં આવે કારણ કે દરેક મનુષ્યનું જીવન કિંમતી છે.



સુનાવણી દરમિયાન કોર્ટે સૌથી પહેલા પૂછ્યું કે શું સોનમ વાંગચુકની તબિયત તપાસવા માટે કોઈ નિશ્ચિત વ્યવસ્થા છે. આના પર સોલિસિટર જનરલે જવાબ આપ્યો કે તેમની રોજ તપાસ કરવામાં આવે છે અને તેમને તથા તેમની સાથે હાજર અન્ય લોકોને તેમની તબિયત સંબંધિત તમામ જરૂરી વાતો જણાવવામાં આવે છે. તેમણે જણાવ્યું કે જ્યારે પણ વાંગચુકે મંજૂરી આપી, સરકારી ડોકટરો તેમની પાસે ગયા અને ખાનગી ડોકટરો પણ તેમની તપાસ માટે ગયા છે. ત્યારબાદ હાઈકોર્ટે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે સોનમ વાંગચુકની મેડિકલ તપાસ સરકારી ડોકટરો દ્વારા કરવામાં આવે અને ડોકટરોના રિપોર્ટના આધારે જરૂર પડ્યે તાત્કાલિક હસ્તક્ષેપ કરવામાં આવે. કોર્ટે કહ્યું કે દરેક નાગરિકનું જીવન કિંમતી છે અને તેને બચાવવા માટે શક્ય તમામ પ્રયાસો કરવા જોઈએ. સોલિસિટર જનરલે આ વાત સાથે સહમતિ દર્શાવી અને કહ્યું કે દરેક નાગરિકનો જીવ અમૂલ્ય છે. તેમણે કોર્ટને ખાતરી આપી કે ડોકટરોની સલાહ મુજબ જે પણ મદદ જોઈશે, તે પૂરી પાડવામાં આવશે. કોર્ટે કહ્યું કે આ અરજી સોનમ વાંગચુકના બગડતા સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરતા દાખલ કરવામાં આવી છે.

## કોંગ્રેસનો પીએમને પત્ર, કહ્યું- સર્વપક્ષીય બેઠક બોલાવો: ચોમાસુ સત્રમાં રામમંદિર દાન ચોરીનો મામલો ઉઠાવશે, સંશોધન બિલનો વિરોધ કરશે

**નવી દિલ્હી, તા.16**

કોંગ્રેસ ચોમાસુ સત્રમાં રામ મંદિરમાં દાન ચોરી, પેટ્રોલિયમમાં ઈથેનોલ ભેળવવાના મુદ્દા ઉઠાવશે. આ ઉપરાંત, સરકારના સંશોધન બિલનો વિરોધ કરશે.

આ નિર્ણય ગુરુવારે કોંગ્રેસની સંસદીય દળની બેઠકમાં લેવામાં આવ્યો હતો. મલ્લિકાર્જુન ખડગેએ 131મા બંધારણીય સુધારા બિલ એટલે કે સીમાંકન સંબંધિત બિલને લઈને પીએમ મોદીને પત્ર લખ્યો હતો. તેમાં સરકારના સુધારેલા પ્રસ્તાવો પર સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરવામાં આવી છે. આ બેઠક સોનિયા ગાંધીના નિવાસસ્થાને યોજાઈ હતી. જેમાં મલ્લિકાર્જુન ખડગે, શશિ થરૂર અને જયરામ રમેશ સહિત અનેક નેતાઓ હાજર રહ્યા હતા. બેઠક બાદ કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે પ્રેસ કોન્ફરન્સ કરી હતી.

જયરામ રમેશે કહ્યું, 'સંસદના આગામી ચોમાસુ સત્રમાં સરકાર જે મુખ્ય બિલો લાવવાની તૈયારી કરી રહી છે, તેનો પક્ષ સખત વિરોધ કરશે.'

તેમણે વધુમાં કહ્યું- 'ઘણા મુદ્દાઓ એવા છે, જેને અમે ખાસ કરીને ઉઠાવીશું. જેમ કે દાન ચોરી અને વિશ્વાસઘાત. પ્રભુ શ્રીરામ મંદિરના સંબંધમાં રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે.'



'અમે અયોધ્યામાં ભાજપ અને RSS દ્વારા રચાયેલા કૌભાંડનો મુદ્દો ચોક્કસ ઉઠાવીશું. NEET અને E20 કૌભાંડ જેવા ઘણા મુદ્દાઓ પણ છે, જેમાં ઘણા વરિષ્ઠ ભાજપ નેતાઓ અને તેમના પુત્રો સામેલ છે. અમે 16 અને 17 એપ્રિલે વર્તમાન લોકસભામાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકોના અનામતના સંબંધમાં અમારું વલણ સ્પષ્ટ કરી દીધું હતું. નારી શક્તિ વંદન અધિનિયમ, 2023માં મહિલાઓ માટે આ એક તૃતીયાંશ અનામતની જોગવાઈ સામેલ છે.

જજને હટાવવા સંબંધિત બંધારણીય સુધારા બિલ પર પણ બેઠકમાં ચર્ચા થઈ. આ બિલની તપાસ માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC) બનાવવામાં આવી છે, પરંતુ વિરોધ પક્ષોએ તેનો બહિષ્કાર કર્યો છે. કોંગ્રેસ આ બિલનો પણ મજબૂતીથી વિરોધ કરશે. જો સરકાર 'વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન વિધેયક' ચોમાસુ સત્રમાં લાવશે તો કોંગ્રેસ તેનો સંપૂર્ણ વિરોધ કરશે. કોંગ્રેસ નેતાએ એમ પણ કહ્યું કે વિદેશી યોગદાન નિયમન અધિનિયમ (એફસીઆરએ-Foreign Contribution (Regulation) Act) સંશોધન બિલ ફરીથી લાવી શકાય છે.

તેમણે કહ્યું કે કોંગ્રેસે પહેલા પણ આ બિલનો વિરોધ કર્યો હતો, જેના પછી સરકારે તેને પાછું ખેંચવું પડ્યું હતું. જો તેને ફરીથી રજૂ કરવામાં આવશે તો પાર્ટી ફરીથી તેનો વિરોધ કરશે.




# અમદાવાદમાં ભક્તિનો ઘોડાપૂર: 149મી ઐતિહાસિક રથયાત્રામાં ઉમટ્યું 10 લાખથી વધુ ભક્તોનું જનમેદની

## કેન્દ્રીય મંત્રી અમિત શાહે કરી મંગળા આરતી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરાવી પ્રસ્થાન વિધિ

**અમદાવાદ, તા.16**

ઓડિશાના જગન્નાથપુરી બાદ દેશભરમાં જેની આતુરતાપૂર્વક રાહ જોવાય છે તેવી અમદાવાદની ૧૪૯મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા આજે ૧૬ જુલાઈ ૨૦૨૬, ગુરૂવારના રોજ અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થઈ રહી છે. વહેલી સવારે મંદિર પરિસરમાં ભક્તિનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો હતો જ્યારે સવારે બરાબર ૪ વાગ્યે ભગવાન જગન્નાથજીની પરંપરાગત મંગળા આરતી ઉતારવામાં આવી હતી. આ પરમ પવિત્ર અવસરે દેશના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ પોતાના પરિવાર સાથે વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા અને ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતા. આરતીની આ મંગલ વિધિ પૂર્ણ થયા બાદ ભગવાનને પરંપરાગત રીતે તૈયાર કરાયેલા વિશિષ્ટ ખીચડાનો મહાભોગ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ત્રણેય પૂજનીય ભાઈ-બહેન ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને ગગનભેદી જયઘોષ વચ્ચે પોતપોતાના ભવ્ય રથોમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ મંગલ ઘડીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી રથની આગળનો માર્ગ સાફ કરવાની પરંપરાગત 'પહિંદ' વિધિ કરી હતી અને રથયાત્રાને નગરચર્યા માટે વિધિવત પ્રસ્થાન



કરાવ્યું હતું. આ સાથે જ ભગવાન જગન્નાથજી પોતાના 'નંદીઘોષ' રથમાં, બહેન સુભદ્રાજી 'દર્પદલન'માં અને ભાઈ બલભદ્રજી 'તાલધ્વજ' રથમાં સવાર થઈને નગરજનોને દર્શન આપવા માટે નીકળી પડ્યા હતા.

ભગવાન જ્યારે પોતાના ભક્તોના દ્વારે પહોંચ્યા ત્યારે સમગ્ર નગરમાં એક અનેરો અને અલૌકિક ઉત્સાહ જોવા મળ્યો હતો અને રસ્તાઓ શ્રદ્ધાળુઓથી ઉભરાઈ ગયા હતા. રથયાત્રાના આ પાવન માર્ગ પર ભગવાનનું મોસાળ ગણાતા સરસપુર ખાતે ત્રણેય દેવોનું અદભુત અને ભવ્ય મામેરું ભરવામાં આવ્યું હતું, જ્યાં ભક્તોએ ભારે આતિથ્ય સત્કાર સાથે ભગવાનનું સ્વાગત કર્યું હતું. જોકે, ભક્તોના ભારે ઘોડાપૂર અને દર્શનની પડાપડીના કારણે રથયાત્રા પોતાના નિયત સમયપત્રક કરતાં આશરે બે કલાક જેટલી મોડી ચાલી રહી હતી. આ વિરાટ જનમેદની વચ્ચે જ્યારે પણ કોઈ તબીબી કટોકટી કે ઈમરજન્સી કેસ સામે આવ્યા, ત્યારે ત્યાં તહેનાત ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમો દ્વારા અત્યંત સક્રિયતા દાખવીને ત્વરિત કાનૂની અને તબીબી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રથયાત્રાના રૂટ પર બપોરે ૩ વાગ્યા સુધીમાં અસહ્ય ગરમી અને ભીડના કારણે અંદાજે ૧૫ જેટલા લોકો બેભાન થઈ ગયા હતા, જેમને તાત્કાલિક અસરથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ ઐતિહાસિક પર્વ અંગે વિગતો આપતા ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે અમદાવાદના ઈતિહાસમાં અત્યાર સુધી ક્યારેય ન જોયો હોય તેવો અભૂતપૂર્વ માનવ મહેરામણ આજે રસ્તાઓ પર ભગવાનના દર્શન કરવા માટે ઉમટી પડ્યો હતો. એક અંદાજ મુજબ ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ નગરચર્યા દરમિયાન ભગવાનની એક ઝલક મેળવવા રસ્તા પર આવ્યા હતા, જેમને સાચવવા માટે વહીવટી તંત્ર અને ગુજરાત પોલીસ દ્વારા સુરક્ષાની અદભુત તેમજ ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ગયા વર્ષે રથયાત્રા દરમિયાન નારાજ થયેલા બાબુ નામના હાથીની સુવિધા અને કાળજી માટે આ વર્ષે વિશેષ રૂપે અત્યંત સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેથી સમગ્ર યાત્રા શાંતિપૂર્ણ રીતે આગળ વધી શકે. વહીવટી આયોજન મુજબ રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં તમામ રથો સુરક્ષિત રીતે નિજ મંદિરે પરત પહોંચી જશે તેવી ખાતરી પણ વ્યક્ત કરવામાં આવી હતી. અમદાવાદની ભવ્ય રથયાત્રા હંમેશા કોમી એકતાનું પ્રતીક રહી છે, જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આજે પણ જોવા મળ્યું હતું જ્યારે માણેક ચોક વિસ્તારમાંથી રથયાત્રા પસાર થઈ રહી હતી ત્યારે બરાબર અઝાનનો સમય થતાં જ સ્થાનિક હિન્દુ ભક્તો અને આયોજકોએ પરસ્પર આદર દાખવીને થોડીવાર માટે પોતાના મોટા સ્પીકરો બંધ કરી દીધા હતા. સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે રાજ્યના પોલીસ વડા અને અમદાવાદના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત પોતે સંવેદનશીલ ગણાતા દરિયાપુર તંબુ ચોકી ખાતે હાજર રહીને સમગ્ર પરિસ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યા હતા. રથયાત્રા સમય કરતાં બે કલાક મોડી ચાલતી હોવાથી કમિશનરે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓને રથયાત્રાની ગતિ વધારવા અને રથોને ઝડપથી આગળ ધપાવવા માટે જરૂરી આદેશો આપ્યા હતા. ત્યારબાદ કાયદો-વ્યવસ્થાની સમીક્ષા કરતા કરતા રાજ્ય પોલીસ વડા અને પોલીસ કમિશનર બંને અધિકારીઓ દરિયાપુરથી પગપાળા ચાલીને દિલ્હી દરવાજા સુધી પહોંચ્યા હતા અને પ્રજા વચ્ચે રહીને સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરી હતી. રથયાત્રાના માર્ગ પર રંગીલા પોલીસ સ્ટેશન પાસેથી જ્યારે એક પછી એક આકર્ષક ટેબલો પસાર થઈ રહ્યા હતા ત્યારે આસપાસના ઊંચા મકાનોની છત પરથી પોલીસ જવાનો દૂરબીન અને અત્યાધુનિક કેમેરા વડે સમગ્ર ભીડ પર ચાંપતી નજર રાખી રહ્યા હતા.



અમદાવાદમાં રથયાત્રા ઉત્સવ નિમિત્તે ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના રથ ખેંચતા લોકો સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ધાર્મિક વિધિઓ કરે છે.

# જગન્નાથજીના દર્શન કરી પરત ફરતી યુવતીને કાળ ભેટ્યો: પૂરપાટ દોડતા ટ્રકે મોપેડ સવાર બે કોલેજિયન યુવતીઓને અડફેટે લીધી

**સુરત, તા.16**

સુરતમાં પૂરપાટ ઝડપે દોડતા ભારે વાહનો માસૂમ અને નિર્દોષ વાહનચાલકો માટે કાળ સાબિત થઈ રહ્યો છે. પવિત્ર અષાઢી બીજના તહેવારે જ સુરતમાં એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. સાયણ અને હજીરાને જોડતા આઉટર રિંગ રોડ પર એક બેફામ દોડતા ટ્રક ચાલકે મોપેડ સવાર બે કોલેજિયન યુવતીઓને જોરદાર ટક્કર મારી હતી. ભગવાન જગન્નાથના દર્શન કરીને પરત ફરતી આ બે બહેનપણીઓમાંથી એકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવતીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. તહેવારના દિવસે જ વ્હાલસોયી દીકરી ગુમાવતા પરિવારમાં ભારે આક્રંદ અને શોકનો માહોલ છવાઈ ગયો છે.



મળતી માહિતી મુજબ સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી અને B.Com માં અભ્યાસ કરતી બે બહેનપણીઓ 18 વર્ષીય રિયા કુંભાણી અને 20 વર્ષીય ઉર્વિષા બાંભણિયા ગુરુવારે સવારે અમરોલી ખાતે આવેલી તેમની કોલેજે ગઈ હતી. આજે અષાઢી બીજનો પવિત્ર તહેવાર હોવાથી, કોલેજ પત્યા બાદ બંને બહેનપણીઓ મોપેડ લઈને જહાંગીરપુરા ખાતે આવેલા ઈસ્કોન મંદિરમાં ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે નીકળી હતી. બંને યુવતીઓ પવિત્ર દિવસે ભગવાનના દર્શન કરીને ધન્યતા અનુભવે તે પહેલા જ રસ્તામાં મોત ભેટશે તેવી કલ્પના પણ કોઈએ કરી ન હતી.

બંને વિદ્યાર્થીનીઓ સાયણ અને હજીરાને જોડતા આઉટર રિંગ રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે જહાંગીરપુરા પોલીસ મથકની હદમાં એક પૂરપાટ ઝડપે ધસી આવેલા ટ્રકના ચાલકે તેમની મોપેડને જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે રિયા કુંભાણીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઉર્વિષા બાંભણિયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આજુબાજુના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં ઉર્વિષાને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડી હતી, જ્યાં તેની સ્થિતિ વધુ નાજુક જણાતા તેને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવી છે.

આ ભયાનક અકસ્માતની જાણ થતાં જ જહાંગીરપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે તુરંત કાર્યવાહી કરીને મૃતક રિયાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. બીજી તરફ દીકરીઓના અકસ્માતના સમાચાર મળતા જ બંને પરિવારના સભ્યો સ્મીમેર અને સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

# નશાની હાલતમાં કારચાલક નબીરાનો આતંક: ડિવાઈડર કૂદાવી રસ્તા પર પાર્ક થયેલી બે કારનો કચ્ચરઘાણ વાળી દીધો

**સુરત, તા.16**

સુરત શહેરમાં નશાખોર વાહનચાલકોનો આતંક અટકવાનું નામ નથી લઈ રહ્યો. સુરત શહેરમાં ગત મોડી રાત્રે એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં દારૂના નશામાં ધુત્ત એક કાર ચાલકે લજામણી ચાર રસ્તા પાસે સન રાઈઝ કોમ્પ્લેક્સની પાછળ જાહેર રોડ પર પોતાની કાર બેફામ હંકારી ભારે ધમાકો કર્યો હતો. નશામાં ભાન ભૂલેલા આ ચાલકે પહેલા પોતાની કાર ડિવાઈડર સાથે અથડાવી હતી અને ત્યારબાદ ડીવાઈડર કુદાવી રોડ પર ઉભેલી અન્ય બે કારને જોરદાર ટક્કર મારી કચ્ચરઘાણ વાળી દીધો હતો.



મળતી વિગતો અનુસાર, વાલક પાટીયા લસકાણા ખાતે 'બ્લુ સ્ટાર ઓટો મોટીવ' નામથી ફોર વ્હીલરનું ગેરેજ ચલાવતા અને કરૂણેશ હોમ્સમાં રહેતા 26 વર્ષીય આશિષભાઈ પ્રવિણભાઈ ધાકેચાએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ગત રાત્રે આઠેક વાગ્યે તેમના કસ્ટમર મુકેશભાઈ માલાણી ગેરેજે આવ્યા હતા અને જણાવ્યું હતું કે, તેમની ગ્રાન્ડ આઈ-10 કાર (GJ-05-JF-4932) લજામણી ચોક પાસે બંધ પડી ગઈ છે, જેને રીપેર કરવા માટે તેઓ ચાવી આપી ગયા હતા. આશિષભાઈ રાત્રે સાડા દસ વાગ્યે આ ગાડી લેવા ગયા હતા. તેઓ ગાડી ચાલુ કરીને લઈ જતા હતા ત્યારે રાત્રે 11:30 વાગ્યાની આસપાસ સન રાઈઝ કોમ્પ્લેક્સ પાછળ કાર ફરીથી બંધ થઈ ગઈ હતી.

ગાડી બંધ થઈ જતાં આશિષભાઈ નીચે ઉતર્યા હતા અને ટૂલ્સ શોધવા માટે ડીકી ખોલી રહ્યા હતા. બરાબર એ જ સમયે પાછળથી એક સફેદ કલરની કાર (GJ-15-CP-6625)ના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સૌપ્રથમ રોડના ડિવાઈડર સાથે ભટકાવી દીધી હતી. ડિવાઈડર સાથે અથડાયા બાદ પણ કાર થોભી નહોતી અને તેણે મુકેશભાઈની ગ્રાન્ડ આઈ-10 કારની પાછળ જમણી બાજુએ જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે ગ્રાન્ડ આઈ-10 કાર ધસીને આગળ ઉભેલી લાલ કલરની બ્રેઝા કાર (GJ-05-RQ-8332) સાથે અથડાઈ પડી હતી. આ અકસ્માતમાં ગ્રાન્ડ આઈ-10ની ટેલ લાઈટ, બમ્પર, રીયર એક્સલ, ટાયર અને બોનેટમાં રૂ. 50,000 તથા બ્રેઝા કારમાં રૂ. 20,000 મળી કુલ રૂ.70,000નું નુકસાન થયું હતું.

અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માત કરનાર કારમાંથી બે ઈસમો નીચે ઉતરીને ભાગવા લાગ્યા હતા. જોકે, ત્યાં એકત્ર થયેલા સ્થાનિક લોકોએ ડ્રાઈવર સીટ પરથી ઉતરેલા શખ્સને કોર્ડન કરીને ઝડપી લીધો હતો, જ્યારે તેની સાથે રહેલો અન્ય એક માણસ અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયો હતો. પકડાયેલો ચાલક એટલો બધો નશામાં ચૂર હતો કે તે સરખી રીતે ઉભો પણ રહી શકતો નહોતો અને તોતળાતી જીભે પોતાનું નામ સાગર જયંતિભાઈ તાળા હોવાનું રટણ કરતો હતો. તપાસ દરમિયાન કારમાંથી ગ્લાસ પણ મળી આવ્યા હોવાનું સામે આવ્યું છે.

ઘટના અંગે ગેરેજ સંચાલક આશિષભાઈએ તાત્કાલિક 112 નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. પોલીસ કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને નશાખોર ચાલક સાગર તાળાને કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 281,324(4) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ 177,184,185અને પ્રોહિબિશન એક્ટની કલમ 66(1)(બી) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની આગળની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર દીપ્તી પરસોત્તમભાઈ પાંભર ચલાવી રહ્યા છે.

# ડાયમંડ સિટીમાં જગન્નાથજીની નગરચર્યા: સફેદ મર્સિડીઝમાં પ્રભુનું આગમન, રથ ખેંચવાની ઘેલછામાં મહિલાઓ પડી ગઈ

**સુરત, તા.16**

સુરત શહેરમાં અષાઢી બીજના પવિત્ર પર્વે ભક્તિનો એવો માહોલ જોવા મળ્યો જેણે સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા. શહેરમાં કુલ આઠ અલગ-અલગ જગ્યાઓ પરથી ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામજીની રથયાત્રા નીકળી હતી, પરંતુ ઈસ્કોન મંદિરની યાત્રા આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ યાત્રાની શરૂઆત પરંપરાગત રીતભાત કરતા સાવ અનોખી અને રોયલ રહી. જહાંગીરપુરા ઈસ્કોન મંદિરથી ભગવાનને સુરત રેલવે સ્ટેશન વિસ્તાર સુધી લાવવા માટે કરોડો રૂપિયાની લક્ઝરી કારોના કાફલાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભગવાન જગન્નાથ પોતે સફેદ રંગની આલીશાન મર્સિડીઝ કારમાં સવાર થઈને સ્ટેશન વિસ્તારમાં પહોંચ્યા હતા. એક તરફ મોંઘીદાટ કારોનો વૈભવ અને બીજી તરફ પ્રભુને રથ પર બિરાજમાન જોવા માટે ભક્તોમાં લાગેલી અપ્રતિમ ભક્તિની પડાપડી- આ બંને દ્રશ્યોનો સમન્વય સુરતની ધરતી પર અદ્ભુત ભક્તિમય ઉર્જાનો સંચાર કરી ગયો.

રેલવે સ્ટેશન ખાતે લક્ઝરી કારમાંથી ઉતરીને પ્રભુ પોતાના ભવ્ય રથ પર સવાર થયા હતા. પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ સોનાની સાવરણીથી રથની આગળ કચરો વાળીને (છેડા પહરા વિધિ) રથયાત્રાનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ રથયાત્રા સુરતના રાજમાર્ગો પરથી પસાર થઈ હતી, જેમાં સુરત રેલ્વે સ્ટેશન, રીંગરોડ, એશિયાની સૌથી મોટી ટેક્સટાઈલ માર્કેટ, ઉધના દરવાજા, મજુરાગેટ, અઠવાગેટ, અડાજન પાટીયા અને રાંદેર રોડ જેવા વ્યસ્ત વિસ્તારોનો સમાવેશ થાય છે. આ આખો રૂટ જાણે ભક્તોથી ઉભરાઈ ગયો હતો. ઠેર-ઠેર ભગવાનના રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને આખરે આ ભવ્ય યાત્રા જહાંગીરપુરા ખાતે આવેલા ઈસ્કોન મંદિરે પહોંચીને સંપન્ન થઈ હતી.



ભગવાન જગન્નાથના રથનું દોરડું ખેંચવાને હિન્દુ ધર્મમાં મોક્ષદાયી માનવામાં આવે છે. રથને પોતાના હાથે ખેંચવા માટે ભક્તોમાં ભારે પડાપડીના દ્રશ્યો સામે આવ્યા હતા. ભીડ એટલી પ્રચંડ હતી કે રથ સુધી પહોંચવાની લ્હાયમાં અનેક મહિલા ભક્તો નીચે પડી ગઈ હતી અને કચડાઈ જતાં સહેજમાં બચી હતી. ભક્તોની આ બેકાબૂ બનેલી ભીડ અને ઉત્સાહને સંભાળવા માટે સ્થળ પર હાજર સુરક્ષાકર્મીઓને નાકે દમ આવી ગયો હતો. જોકે, પ્રભુ ભક્તિના આ અવિરત પ્રવાહમાં નાની-મોટી અડચણો વચ્ચે પણ ભક્તોનો ઉત્સાહ જરાય ઓછો થયો નહોતો.

સુરત જેવા સંવેદનશીલ અને મોટા શહેરમાં એકસાથે આઠ રથયાત્રાઓનું શાંતિપૂર્ણ આયોજન કરવું એ સુરક્ષા તંત્ર માટે મોટો પડકાર હતો. આ અંગે સુરતના ઈન્ચાર્જ પોલીસ કમિશનર વબાંગ ઝમીરે પોતે સુરક્ષા વ્યવસ્થાની કમાન સંભાળી હતી. સમગ્ર રૂટ પર હજારો પોલીસ જવાનો, એસઆરપી, હોમગાર્ડ અને ઉચ્ચ અધિકારીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન કેમેરા અને સીસીટીવી દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી હતી. તંત્રની સજ્જતાના કારણે કોઈ પણ અપ્રિય ઘટના વગર ભક્તો સુરક્ષિત રીતે દર્શન કરી શક્યા હતા.

સુરક્ષા વ્યવસ્થા અને રથયાત્રાના આયોજન અંગે વાત કરતા સુરતના ઈન્ચાર્જ પોલીસ કમિશનર વબાંગ ઝમીરે (બાઈટમાં) જણાવ્યું હતું કે, 'સુરત શહેરમાં અષાઢી બીજ નિમિત્તે નીકળેલી તમામ રથયાત્રાઓ માટે પોલીસ તંત્ર સંપૂર્ણપણે એલર્ટ હતું. ઈસ્કોન મંદિરની રથયાત્રાના લાંબા રૂટ પર પૂરતો પોલીસ ફોર્સ તહેનાત કરવામાં આવ્યો હતો. ભીડને નિયંત્રિત કરવા માટે અને ટ્રાફિક જામ ન થાય તે માટે એડવાન્સ પ્લાનિંગ કરાયું હતું. સુરતની જનતાએ હંમેશની જેમ શાંતિ અને સૌહાર્દ જાળવી રાખીને પોલીસને પૂરો સહકાર આપ્યો છે, જે બદલ અમે નાગરિકોનો આભાર માનીએ છીએ.'

આ ભવ્ય રથયાત્રા માત્ર એક ધાર્મિક સરઘસ ન રહેતા સુરતની સંસ્કૃતિ અને ભક્તિનો ઉત્સવ બની ગઈ હતી. રથયાત્રા દરમિયાન આખો માર્ગ 'જય જગન્નાથ', 'હરે ક્રિષ્ણા' અને 'મંદિર મેં કોન હે, જગન્નાથ ઓર કોન હે' ના ગગનભેદી નારાઓથી ગુંજી ઉઠ્યો હતો. રસ્તાની બંને બાજુએ ઊભેલા હજારો શ્રદ્ધાળુઓએ ભગવાન પર પુષ્પવર્ષા કરી હતી અને આરતી ઉતારી હતી. વૈભવી મર્સિડીઝ કારથી શરૂ થયેલી ભગવાનની આ સફર સામાન્ય જનતાના લાકડાના રથ સુધી પહોંચીને એક સમાનતાનો સંદેશ આપી ગઈ, જે સુરતના ઈતિહાસમાં લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



પુરીમાં રથયાત્રા ઉત્સવ નિમિત્તે ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના રથ પાસે લોકો ભેગા થાય છે.



પશ્ચિમ બંગાળના કોલકાતામાં ઇસ્કોન દ્વારા આયોજિત વાર્ષિક રથયાત્રા ઉત્સવ ઉજવણી દરમિયાન ભગવાન જગન્નાથની મૂર્તિ લઈને જતા રથ તરીકે કલાકારો પ્રદર્શન કરી રહ્યા છે.

# ઝેલેન્સકીએ વડાપ્રધાન પછી હવે રક્ષામંત્રીને પણ હટાવ્યા: ડ્રોન હુમલાઓથી રશિયાને હરાવ્યું હતું, નિર્ણય વિરુદ્ધ હજારો લોકો રસ્તાઓ પર ઉતર્યા

**કિવ, તા.16**

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ સંરક્ષણ મંત્રી મિખાઈલો ફેડોરોવને નિમણૂકના માત્ર છ મહિના પછી પદ પરથી હટાવી દીધા. આ નિર્ણય પછી ગુરુવારે યુદ્ધ શરૂ થયા પછી પહેલીવાર દેશના ઘણા શહેરોમાં વિરોધ પ્રદર્શનો થયા.

રાજધાની કિવમાં મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ રસ્તાઓ પર ઉતર્યા. આ ઉપરાંત ઓડેસા, લ્વીવ અને રશિયાના હુમલાઓનો સતત સામનો કરી રહેલા ખાર્કિવ શહેરમાં પણ લોકોએ પ્રદર્શન કર્યું. ખાર્કિવમાં 300થી વધુ લોકો હાથમાં પ્લેકાર્ડ લઈને રસ્તાઓ પર ઉતર્યા અને 'શરમ કરો, શરમ કરો' ના નારા લગાવ્યા.

35 વર્ષના ફેડોરોવ યુક્રેનના ડ્રોન યુદ્ધ કાર્યક્રમનો સૌથી મોટો ચહેરો માનવામાં આવતા હતા. તેમને યુક્રેનમાં ડ્રોન અને રોબોટની મદદથી યુદ્ધ લડવાની રણનીતિના મુખ્ય સમર્થક માનવામાં આવતા હતા. તેમના હટાવવાથી હવે આ સવાલો ઉઠવા લાગ્યા છે કે રશિયા જેવી મોટી સેનાનો મુકાબલો કરવા માટે યુક્રેનની નવી ટેકનોલોજી અને ડ્રોન આધારિત રણનીતિ આગળ પણ પહેલાની જેમ ચાલુ રહેશે કે નહીં. ફેડોરોવને હટાવવામાં આવવું ઝેલેન્સકી સરકારમાં મોટા ફેરફારનો એક ભાગ છે. આ જ ફેરબદલમાં વડાપ્રધાનને પણ હટાવવામાં આવ્યા છે.

રક્ષા મંત્રી બનતા પહેલાં ફેડોરોવ યુક્રેનના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન (ઈ-ગવર્નન્સ) મંત્રી હતા. તેઓ ઘણા વર્ષો સુધી ઝેલેન્સકીના સૌથી ભરોસાપાત્ર ટેકનિકલ સલાહકાર પણ રહ્યા.

જાન્યુઆરીમાં રક્ષા મંત્રી બન્યા પછી તેમણે સેનામાં નવી ટેકનોલોજી, ડ્રોન અને રોબોટનો ઉપયોગ ઝડપથી વધાર્યો. તે જ સમયગાળા દરમિયાન યુક્રેનના ઘણા જૂના ડ્રોન પ્રોજેક્ટ સફળ થવા લાગ્યા. યુક્રેને રશિયાની અંદર અનેક કિલોમીટર દૂર સુધી સતત ડ્રોન હુમલા કર્યા અને કબજા હેઠળના ક્રિમિયાને નિશાન બનાવીને ત્યાં રશિયન સેનાના પુરવઠા અને ઠેકાણાઓ પર હુમલા કર્યા. આ સફળતાઓથી યુક્રેનમાં લોકોનો વિશ્વાસ વધ્યો કે નવી ટેકનોલોજી દ્વારા રશિયાનો મુકાબલો કરી શકાય છે.

ઘણા અહેવાલો અનુસાર, રક્ષા મંત્રી ફેડોરોવને હટાવવા પાછળ ભ્રષ્ટાચાર કે નિષ્ફળતા નહીં, પરંતુ સેનાના ટોચના જનરલો અને કમાન્ડર-ઈન-ચીફ ઓલેક્સાંદ્ર સિર્સ્કી સાથે તેમનો ઊંડો મતભેદ હતો. જાન્યુઆરીમાં રક્ષા મંત્રી બન્યા પછી તરત જ ફેડોરોવની તેમની સાથે દલીલો થવા લાગી હતી. ફેડોરોવનું માનવું હતું કે ભવિષ્યનું યુદ્ધ ડ્રોન, રોબોટ અને નવી ટેકનોલોજીથી લડવામાં



આવશે.

પરંતુ સિર્સ્કીનું કહેવું હતું કે આ વિચાર સંપૂર્ણપણે વ્યવહારુ નથી. તેમનું માનવું હતું કે યુદ્ધ જીતવા માટે હજુ પણ સૈનિકોને મોરચા પર જઈને લડવું પડશે. ફક્ત ડ્રોનથી યુદ્ધ જીતી શકાતું નથી. બંને વચ્ચેની પરસ્પર વાતચીત પણ બંધ થઈ ગઈ હતી. રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કમાનના આ સંઘર્ષને ઉકેલવા માટે સેનાના જનરલોનો પક્ષ લીધો અને ફેડોરોવને હટાવવાનો નિર્ણય કર્યો.

ફેડોરોવે હથિયારો ખરીદવાની વ્યવસ્થા બદલવાનો પ્રયાસ કર્યો. તેનાથી અબજો ડોલરના રક્ષા ઉદ્યોગ સાથે સંકળાયેલા ઘણા કોન્ટ્રાક્ટરો તેમના વિરોધી બની ગયા. તેમણે બ્રેવ-1 નામનું ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ કર્યું, જેને લોકો 'હથિયારોનું એમેઝોન' કહેતા હતા. તેના દ્વારા સૈનિકો પોતાની જરૂરિયાતના કેટલાક હથિયારો અને ઉપકરણો પોતે ઓનલાઈન પસંદ કરી શકતા હતા અને મંગાવી શકતા હતા.

આ ઉપરાંત તેમણે ડોટચેન નામનું એક બીજું પ્લેટફોર્મ પણ શરૂ કર્યું. આ બંને સિસ્ટમને કારણે હથિયારો ખરીદવાની પરંપરાગત સરકારી પ્રક્રિયા નબળી પડવા લાગી. તેનાથી હથિયાર કંપનીઓની લોબિંગ અને બંધ રૂમમાં થતા રક્ષા સોદાઓ પર અસર પડી. આ જ કારણ હતું કે ઘણા મોટા રક્ષા કોન્ટ્રાક્ટરો તેમની વિરુદ્ધ થઈ ગયા.

સેનાના કેટલાક અધિકારીઓનું કહેવું હતું કે ફેડોરોવ પાસે સૈન્ય અનુભવ નહોતો. તેમના ટીકાકારોનું કહેવું હતું કે તેઓ યુદ્ધનો અનુભવ ધરાવતા અધિકારી નથી, પરંતુ સારી રજૂઆત (પ્રેઝન્ટેશન) કરનાર વ્યક્તિ છે.

તેમના ઘણા વરિષ્ઠ સહયોગીઓ પણ પહેલા ડિજિટલ મંત્રાલયમાં કામ કરતા હતા. તેઓ સેનામાંથી આવ્યા નહોતા. આ કારણે પણ સેનાની અંદર તેમના નેતૃત્વ પર સવાલો ઉઠતા રહ્યા.

ફેડોરોવના એક વરિષ્ઠ સહયોગીએ સ્કેલ્યા (Skelya) નામની હુમલાખોર સૈન્ય યુનિટની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે તે યુનિટને લડાઈમાં ભારે નુકસાન થયું. તેના જવાબમાં સ્કેલ્યા યુનિટે કટાક્ષ કરતા કહ્યું કે જો તેમને યુદ્ધની આટલી સમજ હોય તો તેઓ પોતે મોરચા પર જઈને હુમલો કરીને બતાવે. આ વિવાદ પણ ખૂબ ચર્ચામાં રહ્યો.


રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે ફેડોરોવની લોકપ્રિયતા સતત વધી રહી હતી. તેઓ ડ્રોન કાર્યક્રમનો ચહેરો બની ચૂક્યા હતા અને લોકોમાં ખૂબ લોકપ્રિય હતા. કિવ સ્થિત સ્વતંત્ર થિંક ટેન્ક પેન્ટા સેન્ટર ફોર પોલિટિકલ સ્ટડીઝના પ્રમુખ વોલોદિમિર ફેસેન્કોએ કહ્યું, 'ઝેલેન્સકી ઈચ્છે છે કે સરકારમાં સૌથી મોટો ચહેરો તેઓ જ બની રહે.' ફેસેન્કોએ એમ પણ કહ્યું કે ફેડોરોવને વિપક્ષી નેતાઓનો પણ ટેકો મળવા લાગ્યો હતો. શક્ય છે કે ઝેલેન્સકીએ તેને પણ પોતાના માટે રાજકીય ખતરા તરીકે જોયું હોય. યુક્રેનની સમાચાર વેબસાઈટ ઉક્રાઈન્સ્કા પ્રાવદા અનુસાર, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પોતાના રાજકીય સહયોગીઓને કહ્યું કે ફેડોરોવ, સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને સંરક્ષણ ઉદ્યોગ વચ્ચે વધતા વિવાદો હવે તેમના માટે સંભાળવા મુશ્કેલ બની ગયા હતા. રિપોર્ટ અનુસાર, આ જ કારણ બન્યું કે આખરે ઝેલેન્સકીએ તેમને સંરક્ષણ મંત્રીના પદ પરથી હટાવવાનો નિર્ણય કર્યો.

# બંગાળની ખાડીમાં રોહિંગ્યા શરણાર્થીઓની બે બોટ પલટી: 500થી વધુ લોકોના મોતની આશંકા, UNએ ચિંતા વ્યક્ત કરી

**મ્યાનમાર, તા.16**

મ્યાનમારના રોહિંગ્યા શરણાર્થીઓને લઈ જતી બે બોટ બંગાળની ખાડીમાં પલટી ગઈ. યુનાઈટેડ નેશન્સ રેફ્યુજી એજન્સી (UNHCR) અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) અનુસાર, બંને બોટમાં લગભગ 530 લોકો સવાર હતા. ઘટનાની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી, પરંતુ 500 થી વધુ લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. UNHCR અને IOM અનુસાર, બંને બોટ જૂનના અંતમાં મ્યાનમારના રખાઈન પ્રાંતથી રવાના થઈ હતી. તેમાં મોટાભાગના મુસાફરો રોહિંગ્યા સમુદાયના હતા, જ્યારે કેટલાક લોકો બાંગ્લાદેશના શરણાર્થી શિબિરોમાંથી પણ આવ્યા હતા. પ્રથમ બોટનો સંપર્ક રવાના થયાના થોડા સમય પછી જ તૂટી ગયો હતો. તેમાં લગભગ 250 લોકો સવાર હતા. બીજી બોટમાં લગભગ 280 લોકો હતા અને તે 8 જુલાઈએ મ્યાનમારના આયેયારવાડી કિનારે ડૂબી ગઈ હોવાની આશંકા છે.

હાલમાં લગભગ 12 લાખ રોહિંગ્યા બાંગ્લાદેશના શરણાર્થી શિબિરોમાં રહી રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોમાં દરિયાઈ માર્ગે સ્થળાંતર દરમિયાન હજારો રોહિંગ્યાએ પોતાનો જીવ ગુમાવ્યો છે. રોહિંગ્યા સમુદાયના લોકો ઘણા



વર્ષોથી હિંસા, અસુરક્ષા અને ખરાબ પરિસ્થિતિઓને કારણે પોતાનું ઘર છોડવા મજબૂર છે. મ્યાનમારમાં સતત સંઘર્ષ અને બાંગ્લાદેશના શરણાર્થી શિબિરોમાં મુશ્કેલ પરિસ્થિતિઓને કારણે હજારો લોકો સારા ભવિષ્યની આશામાં દરિયાઈ માર્ગે અન્ય દેશો તરફ જવાનું જોખમ ઉઠાવે છે. તેમનો મુખ્ય ધ્યેય સામાન્ય રીતે મલેશિયા, ઈન્ડોનેશિયા અથવા થાઈલેન્ડ જેવા દેશો સુધી પહોંચવાનો હોય છે, જ્યાં તેમને સુરક્ષિત જીવન અને રોજગાર મળવાની આશા હોય છે.

યુએન એજન્સી અનુસાર પ્રથમ બોટમાં લગભગ 250 લોકો સવાર હતા. સમુદ્રમાં રવાના થયાના થોડા સમય પછી જ આ બોટનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો. જ્યારે બીજી બોટમાં લગભગ 280 લોકો સવાર હતા. એવું માનવામાં આવે છે કે આ બોટ 8 જુલાઈએ મ્યાનમારના અયેયારવાડી તટ પાસે સમુદ્રમાં ડૂબી ગઈ હતી. અત્યાર સુધી બંને બોટમાં સવાર મોટાભાગના લોકોનો કોઈ પત્તો લાગ્યો નથી. આ જ કારણોસર 500થી વધુ લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. યુએનએચસીઆર (UNHCR) અને આઈઓએમ (IOM) એ જણાવ્યું છે કે હજુ સુધી અકસ્માત અને મૃત્યુઆંકની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. તેમ છતાં, પ્રારંભિક માહિતી અત્યંત ચિંતાજનક છે અને જો આશંકા સાચી સાબિત થાય છે, તો તે તાજેતરના વર્ષોની સૌથી મોટી દરિયાઈ દુર્ઘટનાઓમાંની એક હોઈ શકે છે. બંને એજન્સીઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી છે કે શરણાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નક્કર પગલાં લેવામાં આવે.

# કેનેડામાં જંગલની આગ વચ્ચે ફસાયેલી ટ્રેન: ટ્રક સાથે અથડામણ, કર્મચારીઓએ ભાગીને જીવ બચાવ્યો

**કેનેડા, તા.16**

કેનેડાના ઑન્ટારિયો પ્રાંતમાં ભીષણ જંગલની આગ વચ્ચે, કેનેડિયન નેશનલ રેલવેના કર્મચારીઓ મૃત્યુની ખૂબ નજીક પહોંચી ગયા. ધૂમાડાને કારણે સામે દેખાવાનું લગભગ શૂન્ય થઈ ગયું હતું. આ દરમિયાન એક ટ્રકમાં આગ લાગી ગઈ અને તે ટ્રેન સાથે અથડાઈ ગયો. જોકે, બધા કર્મચારીઓ સુરક્ષિત બહાર નીકળી આવ્યા. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં ટ્રેનના એન્જિનની બારીઓની બહાર ચારે બાજુ જંગલમાં આગની ઊંચી જ્વાળાઓ દેખાય છે. આકાશ નારંગી રંગનું દેખાય છે અને



કર્મચારીઓ તાત્કાલિક સ્થળાંતરની માગ કરતા સંભળાય છે. વીડિયોએ સોશિયલ મીડિયા પર રેલવે સુરક્ષાને લઈને ચર્ચા જગાવી છે.

CN રેલવે અનુસાર, ગાઢ ધુમાડા વચ્ચે એક ટ્રક આગની ઝપેટમાં આવી ગયો અને ટ્રેન સાથે અથડાઈ ગયો. ત્યારબાદ બધા કર્મચારીઓ પગપાળા જ સુરક્ષિત સ્થળે પહોંચ્યા. જોકે, કોઈ પણ કર્મચારીને ઈજા થઈ નથી. ઘટના પછી CN રેલવેએ સાવચેતીના ભાગરૂપે પ્રભાવિત વિસ્તારમાં તમામ રેલ સેવાઓ અસ્થાયી રૂપે રોકી દીધી. કંપનીએ આર્મસ્ટ્રોંગ શહેરના કર્મચારીઓ અને સ્થાનિક લોકોને પણ સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા. આ વિસ્તાર ઉત્તર-પશ્ચિમ ઑન્ટેરિયોમાં જંગલની આગથી પ્રભાવિત છે. ઑન્ટેરિયોના NDPના ધારાસભ્ય સોલ મમાક્વાએ જણાવ્યું કે વિડિયો રેકોર્ડ કરનાર કર્મચારીને કંપનીની કાર્યવાહીનો ડર છે, કારણ કે ડ્યુટી દરમિયાન વિડિયો બનાવવો એ કંપનીની નીતિ વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે તે સમયે કર્મચારીની પ્રાથમિકતા પોતાનો જીવ બચાવવાની હતી અને કંપનીએ દંડાત્મક કાર્યવાહી કરવાને બદલે તેમને સહયોગ આપવો જોઈએ.

# ભારતીય મૂળના એસ્ટ્રોનોટ અનિલ મેનનનું અવકાશમાંથી નમસ્તે: ISSમાં પાણીમાંથી દવા બનાવવા, સ્પેસમાં ઝડપથી થતાં વૃદ્ધત્વ અને અલ્ટ્રાસાઉન્ડ પર સંશોધન કરશે

**વોશિંગ્ટન, તા.16**

નાસા (નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન)ના અંતરિક્ષ યાત્રી અને ભારતીય મૂળના અનિલ મેનન અને રશિયાના બે કોસ્મોનોટ્સ પ્યોત્ર દુબ્રોવ અને એના કિકિનાની સોયુઝ MS-29 (Soyuz MS-29) સ્પેસક્રાફ્ટ દ્વારા 15 જુલાઈ 2026, બુધવારે વહેલી સવારે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર પહોંચ્યા હતા. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર પહોંચ્યાના એક દિવસ કરતાં પણ ઓછા સમયમાં અનિલ મેનને ભ્રમણકક્ષામાં તેમના પ્રથમ કલાકોની ઝલક શેર કરી છે. અનિલ મેનને ISSમાંથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર વીડિયો પોસ્ટ કર્યો. આ સાથે જ તેમણે લખ્યું, 'ભ્રમણકક્ષામાં પ્રથમ દિવસ અને હું આ પૃથ્વી માટે કૃતજ્ઞતા, પ્રેમ અને સુંદરતાથી અભિભૂત છું, જે આપણે શેર કરીએ છીએ. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક તરફથી નમસ્તે (હેલો)!'

વીડિયોમાં અનિલ મેનને વર્ષોની મહેનત બાદ આખરે પોતાના લક્ષ્ય સુધી પહોંચવાના અનુભવો શેર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, તેમનું ધ્યાન ભ્રમણકક્ષામાં પહોંચવાની ટેકનિકલ સફળતા કરતાં એ લોકો તરફ વધુ હતું, જેમણે તેમની આ સફરને શક્ય બનાવી હતી.

તેમણે જણાવ્યું કે, તેઓ પૃથ્વીની સુંદરતા જોઈને તેમજ દરેક પ્રત્યેના આદર અને પ્રેમની લાગણીથી ગદગદ થઈ ગયા છે. સ્પેસ સ્ટેશન સુધી પહોંચવાના પોતાના સંઘર્ષને યાદ કરતા તેમણે એના, ગ્રેસ અને જેમ્સનો આભાર માન્યો અને કહ્યું કે આ લોકોએ જ તેમના સપનાને હકીકતમાં બદલવામાં મદદ કરી છે.

અનિલ મેનને યુનાઈટેડ સ્ટેટ્સ સ્પેસ ફોર્સના સભ્યોને પણ સંબોધિત કર્યા હતા અને તેમને 'ગાર્ડિયન્સ' તરીકે ઓળખાવ્યા. અવકાશ અભિયાનોની વિશાળતા વિશે વાત કરતા તેમણે કહ્યું કે, અવકાશ એ માનવજાત માટે કામ કરવાનું સૌથી મોટું ક્ષેત્ર છે અને તેમાં સેવા આપતા લોકોના ખભા પર ખૂબ જ મોટી જવાબદારી રહેલી છે.

રશિયન સ્પેસ એજન્સી રોસકોસ્મોસ (Roscosmos)નું આ સ્પેસક્રાફ્ટ મંગળવારે (14 જુલાઈ, 2026) ભારતીય સમય અનુસાર રાત્રે 8:17 વાગ્યે બાયકોનુર કોસ્મોડ્રોમ પરથી રવાના થયું હતું. બરાબર એ જ સમયે આ સ્પેસ સ્ટેશન પણ કોસ્મોડ્રોમની ઉપરથી પસાર થઈ રહ્યું હતું. પ્રારંભિક ભ્રમણકક્ષામાં પ્રવેશવા માટે 8 મિનિટના ચઢાણ પછી સોયુઝ MS-29 સ્પેસક્રાફ્ટે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સુધી પહોંચવા માટે લગભગ ત્રણ કલાકનો સમય લીધો અને રાત્રે 11:52 વાગ્યે (IST) તે સ્ટેશનના 'પ્રિચાલ મોડ્યુલ' સાથે સફળતાપૂર્વક જોડાઈ ગયું હતું.

ત્યારબાદ અંતરિક્ષ યાત્રીઓએ સ્પેસક્રાફ્ટ અને સ્પેસ સ્ટેશનની અંદર વિવિધ ટેકનિકલ તપાસ શરૂ કરી હતી અને આશરે રાત્રે 2:00 વાગ્યે (IST) સ્પેસક્રાફ્ટનો દરવાજો (હેચ) ખોલ્યો હતો. જોકે, ટ્રેકિંગ અને ડેટા રિલે સેટેલાઈટમાંથી સિગ્નલ ગુમાવવાના કારણે સ્પેસક્રાફ્ટનો દરવાજો ખુલવાનો હતો, ત્યારે જ સ્પેસ સ્ટેશનનું લાઈવ વીડિયો પ્રસારણ કપાઈ ગયું હતું. પરંતુ, સેટેલાઈટ ફરીથી રેન્જમાં આવતા જ 12 મિનિટ બાદ લિંક ફરી સ્થાપિત થઈ ગઈ હતી.

સ્પેસ સ્ટેશન પર પહોંચ્યા બાદ આ ત્રણેય સભ્યો નાસાના અંતરિક્ષ યાત્રી જેસિકા મીર, જેક હેથવે અને



ક્રિસ વિલિયમ્સ, યુરોપિયન સ્પેસ એજન્સીની સોફી એડેનોટ અને રોસકોસ્મોસના કોસ્મોનટ્સ સેર્ગેઈ કુદ-સ્વર્તકોવ, સેર્ગેઈ મિકાએવ અને આન્દ્રે ફેદ્યાએવ સાથે જોડાયા હતા. મેનન, દુબ્રોવ અને કિકિનાનું આ મિશન લગભગ આઠ મહિના ચાલશે અને તેઓ એપ્રિલ 2027માં પૃથ્વી પર પાછા ફરવાના છે. નાસાના જણાવ્યા અનુસાર અનિલ મેનનની આ પ્રથમ અવકાશયાત્રા છે, જ્યારે રશિયન કોસ્મોનટ્સ પ્યોત્ર દુબ્રોવ અને એના કિકિનાની આ બીજી અવકાશયાત્રા છે.

મિનેપોલિસમાં યુક્રેનિયન અને ભારતીય ઈમિગ્રન્ટ્સ દંપતીને ત્યાં જન્મેલા અનિલ મેનન ઈમરજન્સી મેડિસિન ફિઝિશિયન અને યુએસ સ્પેસ ફોર્સના કર્નલ છે. અનિલ મેનનના પિતા કે.પી. શંકરન મેનન કેરળના પાલક્કાડ જિલ્લાના ઓટ્ટાપલમના વતની છે. તેમનાં માતા એલિઝાબેથ યુક્રેનથી અમેરિકા સ્થળાંતરિત થયાં હતાં. અનિલે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ અને મેડિકલ ડિગ્રી મેળવતા પહેલા હાર્વર્ડ યુનિવર્સિટીમાં ન્યુરોબાયોલોજીનો અભ્યાસ કર્યો હતો. 49 વર્ષના અનિલ મેનન પોલિયો રસીકરણના અભિયાનના અભ્યાસ અને સમર્થન માટે રોટરી એમ્બેસેડર સ્કોલર તરીકે ભારતમાં એક વર્ષ પણ વિતાવી ચૂક્યા છે.

યુએસ એરફોર્સમાં તેમની સેવા દરમિયાન, તેમણે 'ઓપરેશન એન્ડ્યુરિંગ ફ્રીડમ' દરમિયાન અફઘાનિસ્તાનમાં સરહદ પર સેવા આપી હતી અને માઉન્ટ એવરેસ્ટ પર પર્વતારોહકોની સારવાર કરતી હિમાલયન રેસ્ક્યુ એસોસિએશન માટે પણ કામ કર્યું હતું. તેમણે 2014માં નાસામાં ફ્લાઈટ સર્જન તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. 2018માં તેઓ સ્પેસએક્સ (SpaceX)માં જોડાયા, જ્યાં તેમણે કંપનીનો મેડિકલ પ્રોગ્રામ શરૂ કર્યો, પ્રથમ માનવ અવકાશયાત્રાની તૈયારીમાં મદદ કરી અને સ્ટારશિપ પ્રોજેક્ટના વિકાસમાં નજીકથી કામ કર્યું હતું. ડિસેમ્બર 2021ના અંતરિક્ષ યાત્રી તરીકે તેમની પસંદગી થઈ હતી.

તેમના પત્ની એના વિલ્હેમ પણ અંતરિક્ષ યાત્રી છે, જેમણે સપ્ટેમ્બર 2024 સ્પેસએક્સના ખાનગી મિશન 'પોલારિસ ડૉન' (Polaris Dawn) હેઠળ 5 દિવસની અંતરિક્ષ યાત્રા કરી હતી.

સ્પેસ સ્ટેશન પર આગામી 8 મહિનાના રોકાણ દરમિયાન અનિલ મેનન અનેક વૈજ્ઞાનિક પ્રયોગો અને નવી ટેકનોલોજીનું પરીક્ષણ કરશે, જેનો ઉદ્દેશ્ય ભવિષ્યના અંતરિક્ષ અભિયાનોને સરળ બનાવવાનો અને પૃથ્વી પર માનવ જીવનને વધુ બહેતર બનાવવાનો છે.

**પાણીમાંથી મેડિકલ સપ્લાય:** તેઓ સ્પેસ સ્ટેશનની પીવાના પાણીની વ્યવસ્થાનો ઉપયોગ કરીને ગ્લુકોઝ કે સલાઈન (ઈન્ટ્રાવેનસ ફ્લુઈડ્સ) બનાવવાની ટેકનોલોજીનું પરીક્ષણ કરશે, જે ઊંડા અવકાશના લાંબા મિશનોમાં દવાની તંગી સમયે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

**સેમિકન્ડક્ટર ક્રિસ્ટલ્સનું ઉત્પાદન:** તેઓ સ્પેસ સ્ટેશનમાં સેમિકન્ડક્ટર ક્રિસ્ટલ્સના ઉત્પાદનની પદ્ધતિઓ સુધારવા માટે સંશોધન ચાલુ રાખશે. આનાથી હાઈ-પર્ફોર્મન્સ કોમ્પ્યુટર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને આધુનિક તબીબી ઉપકરણો માટે જરૂરી સંશોધનોને વેગ મળશે.

**અંતરિક્ષમાં અલ્ટ્રાસાઉન્ડ કરશે:** તેઓ ઓગમેન્ટેડ રિયાલિટી (AR) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પદ્ધતિઓનો ઉપયોગ કરીને અલ્ટ્રાસાઉન્ડની તપાસ કરશે, જેથી ભવિષ્યના અવકાશ મિશનોમાં પૃથ્વી પરથી મેડિકલ સપોર્ટ લીધા વિના જ સારવાર થઈ શકે.

**પોતાના શરીર પર સંશોધન:** તેમના આ મિશનમાં સૌથી ખાસ બાબત છે 'પોતાના પર સંશોધન'. તેઓ પોતે એક 'ટેસ્ટ સબ્જેક્ટ' (એટલે કે દર્દી) બનશે, જેથી વૈજ્ઞાનિકો એ સમજી શકે કે અંતરિક્ષમાં ગુરુત્વાકર્ષણ ન હોવાને કારણે આપણા શરીરમાં લોહીનો પ્રવાહ કેવી રીતે પ્રભાવિત થાય છે. આ સંશોધન ભવિષ્યના અંતરિક્ષ યાત્રીઓને સુરક્ષિત રાખવામાં મદદરૂપ સાબિત થશે.

**સ્પેસમાં માણસ કેમ ઝડપથી વૃદ્ધ થાય છે તેનું સંશોધન:** અંતરિક્ષમાં ગુરુત્વાકર્ષણ ન હોવાને કારણે માનવ શરીર પર ખૂબ જ ખરાબ અસર પડે છે. ત્યાં હાડકાં નબળાં પડી જાય છે, સ્નાયુઓ સંકોચાઈ જાય છે અને શરીરના કોષો ઝડપથી વૃદ્ધ થવા લાગે છે. પૃથ્વીની સરખામણીમાં અંતરિક્ષમાં માણસ વધુ ઝડપથી વૃદ્ધ બને છે. વૈજ્ઞાનિકો માટે હંમેશાંથી આ એક મોટો કોયડો રહ્યો છે કે ઉંમર વધવાની (વૃદ્ધ થવાની) આ પ્રક્રિયાને કેવી રીતે રોકી શકાય, જેનો જવાબ હવે અનિલ મેનન શોધશે.

## તંત્રી લેખ

# નિંદામણ નાશક ઝેરી પેરાક્વેટ પર મોડે મોડે પ્રતિબંધ મૂકાયો ખરો

ભારત સરકારે નિંદામણ નાશક ઝેરી પેરાક્વેટ પર પ્રતિબંધ મૂકીને બહુ આવકારદાયક પગલું ભર્યું છે. પેસ્ટિસાઇડ્સ (Pesticide), ઇન્સેક્ટિસાઇડ્સ (Insecticide) અને હર્બીસાઇડ્સ (Herbicide) એ ત્રણેય ભારતમાં કૃષિ ક્ષેત્ર માટે મહત્ત્વના છે. ખેડૂતો આ ત્રણેય વિના ઉત્પાદકતા વધારી શકતા નથી. જે લોકો પ્રાકૃતિક ખેતીનો ઉપયોગ વધારવાનો પ્રયાસ કરે છે, તેઓ આ ત્રણેય પદાર્થોનો વિરોધ કરે છે. અનેક કિસાનો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે, પરંતુ હજુ તે બાબતની જાગ્રતતા કેળવાઈ નથી. ગુજરાતના રાજ્યપાલ અવારનવાર પ્રાકૃતિક ખેતી કરનારાઓને મળે છે અને અન્ય કિસાનોને આ પદ્ધતિ અપનાવવાનો આગ્રહભર્યું સૂચન કરે છે.

લાખો કિસાનોને પ્રાકૃતિક ખેતીની વાત ગળે ઊતરી છે, પરંતુ ખેતીમાં પાયાથી સુધારો કરવાની હિંમત બહુ ઓછા કિસાનો કરી શક્યા છે, પેસ્ટિસાઇડ્સ, ઇન્સેક્ટિસાઇડ્સ અને હર્બીસાઇડ એ ત્રણેય કેમિકલયુક્ત ખેતી કરનારા માટે બહુ મહત્ત્વના છે. પરંતુ નિંદામણ નાશક કહેવાતા પેરાક્વેટ પર ભારત સરકારે પ્રતિબંધ મૂકીને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને કૃષિ વિજ્ઞાનીઓએ સરકારને કરેલી રજૂઆતનો પ્રત્યાઘાત આપ્યો છે.

ભારતે પેરાક્વેટ (Paraquat) પર પ્રતિબંધ મૂકીને કૃષિ ક્ષેત્રમાંથી સૌથી મોટું ઝેર દૂર કર્યું છે. ઊભા પાકની આસપાસ ઊગતા બિનજરૂરી નિંદામણનો નાશ કરવા હર્બીસાઇડનો ઉપયોગ થાય છે. વિશ્વના ૭૦ જેટલા દેશોએ જેના પર પ્રતિબંધ મૂક્યો છે, તેનો ભારતમાં છૂટથી ઉપયોગ થતો હતો. પેરાક્વેટ, એક એવું હબસાઇડ્સ (નિંદામણ નાશક) જેનો કોઈ જાણીતો એન્ટીડોટ (નાશક) નથી. તે વિશ્વના મોટાભાગના દેશોમાં તેની અતિશય ઝેરી અસરોને કારણે પ્રતિબંધિત હોવા છતાં ભારતમાં વરસો સુધી ટકી રહ્યો. કૃષિ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા એક ખરડા દ્વારા ૭૦થી વધુ દેશોમાં પ્રતિબંધિત આ કેમિકલ પર દેશવ્યાપી પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારે એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડીને જીવલેણ હર્બીસાઇડ પેરાક્વેટ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો છે. હકીકત તો એ છે કે જો આ પેરાક્વેટ ઝેરી હતું તો સરકારે શા માટે પ્રતિબંધ મૂકતા આટલી વાર લગાડી? ટોક્સિકોલોજિસ્ટ્સ, ડૉક્ટરો અને કૃષિ નિષ્ણાતો કહી રહ્યા છે કે આ પ્રતિબંધ ઘણાં વરસો પહેલાં આવી જવો જોઈતો હતો. જે દેશોમાં તેની શોધ થઈ હતી અને જ્યાં તેનું ઉત્પાદન થાય છે તે સહિત ૭૦થી વધુ દેશોમાં પ્રતિબંધિત હોવા છતાં, પેરાક્વેટ ડાયક્લોરાઇડ ભારતીય ખેતરોમાં કાયદેસર રીતે છાંટવામાં આવતું હતું.

મહત્ત્વની વાત એ પણ છે કે, પેરાક્વેટ પરનો આ પ્રતિબંધ વ્યાપક નીતિ-સ્તરની કાર્યવાહીની શરૂઆત બની શકે છે. ભારત હજી પણ એવા કેટલાક જંતુનાશકોના ઉપયોગની મંજૂરી આપે છે જે કેન્સર, ન્યુરોલોજીકલ ડિસઓર્ડર અને પર્યાવરણ માટે નુકસાનકર્તા હોવા બદલ અન્ય દેશોમાં પ્રતિબંધિત છે.

પેરાક્વેટને વિશ્વના સૌથી ઘાતક હર્બીસાઇડ્સમાંનું એક કહેવામાં આવે છે. પેરાક્વેટ એ કોઈ સામાન્ય નિંદામણ નાશક નથી. ડૉક્ટરો તેને સૌથી ઘાતક કૃષિ રસાયણોમાંનું એક માને છે કારણ કે તેનો કોઈ ચોક્કસ એન્ટીડોટ નથી. તેની થોડી માત્રા પણ જીવલેણ સાબિત થઈ શકે છે.

એકવાર શરીરમાં પ્રવેશ્યા પછી, પેરાક્વેટ ફેફસાંને નુકસાન પહોંચાડે છે, જેનાથી ઘણીવાર અટકાવી ન શકાય તેવું 'ફાઇબ્રોસિસ' (fibrosis) થાય છે. તેના લીધે દર્દીઓ શ્વાસ લઈ શકતા નથી. તે કિડની, લીવર, ત્વચા અને આંખોને પણ ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. ભારતે અગાઉ જોકે પેરાક્વેટ પર કડક નિયંત્રણો લાદવાનો પ્રયાસ કર્યો હતો. કેરળ અને આંધ્રપ્રદેશ સહિતનાં કેટલાક રાજ્યોએ અગાઉ તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે, અન્ય રાજ્યોમાં આવી કાનૂની અથવા તકનીકી અડચણો નડી હતી. આ પ્રતિબંધ દર્શાવે છે કે સત્તાધારીઓ નવા વૈજ્ઞાનિક પુરાવા, દુરુપયોગની પેટર્ન અને જાહેર આરોગ્યની ચિંતાઓને ધ્યાનમાં રાખીને જૂની મંજૂરીઓની પુનઃસમીક્ષા કરવા માટે તૈયાર છે.

**સંશોધકોના મતે, બંગાળની ખાડી અને અરબ સાગર તરફથી આવતા પવનો જ્યારે હિમાલયના ઊંચા ઢોળાવો સાથે અથડાય છે ત્યારે તેઓ ખૂબ જ ઝડપથી ઉપર તરફ જાય છે. ઉપર જતાં જ હવા ઠંડી થાય છે અને ક્યુમુલોનિમ્બસ વાદળો બનાવે છે. આ વાદળો તેના ઘેરાવ નીચેના વિસ્તારમાં ભારે વરસાદ લાવે છે : IMDના સંશોધન મુજબ, આવું મોટે ભાગે ૧ હજારથી ૨૫૦૦ મીટરની ઊંચાઈ વાળા વિસ્તારોમાં થાય છે. અહીં ખીણોની રચના વાટકા જેવી છે**

# હિમાલયના પર્વતો વચ્ચે વાદળો ફસાય છે અને ફાટે છે

## ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, વાદળ ફાટવાની મોટાભાગની ઘટનાઓ ૧ હજારથી ૨૫૦૦ મીટરની ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં નોંધાઈ છે



સંશોધકોના મતે, બંગાળની ખાડી અને અરબ સાગર તરફથી આવતા પવનો જ્યારે હિમાલયના ઊંચા ઢોળાવો સાથે અથડાય છે ત્યારે તેઓ ખૂબ જ ઝડપથી ઉપર તરફ જાય છે. ઉપર જતાં જ હવા ઠંડી થાય છે અને ક્યુમુલોનિમ્બસ વાદળો બનાવે છે. આ વાદળો તેના ઘેરાવ નીચેના વિસ્તારમાં ભારે વરસાદ લાવે છે : IMDના સંશોધન મુજબ, આવું મોટે ભાગે ૧ હજારથી ૨૫૦૦ મીટરની ઊંચાઈ વાળા વિસ્તારોમાં થાય છે. અહીં ખીણોની રચના વાટકા જેવી છે. આમાં વાદળો ફસાઈ જાય છે અને હવાનો પ્રવાહ અટકી જાય છે. આવા સમયે વાદળો એક જ જગ્યાએ બહુ વધારે પાણી વરસાવી દે છે : એક નવા અભ્યાસમાં સામે આવ્યું છે કે હિમાલય ખૂબ જ ઝડપથી ગરમ થઈ રહ્યો છે. જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગોનું તાપમાન માત્ર બે દાયકામાં લગભગ એક ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી ગયું છે. આમાં સૌથી ઝડપી તાપમાન વધારો ઊંચાઈવાળા વિસ્તારોમાં જોવા મળ્યો છે. કાશ્મીરના અનંતનાગમાં તાજેતરમાં બે જગ્યાએ વાદળ ફાટવાથી ફ્લેશ ફ્લડ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ. આ વાદળ શાંગસના ચટરગુલના ઉપરી વિસ્તારમાં ફાટયું હતું. જાણકારોના મતે આરિપથ નાળાનું જળસ્તર વધી જવાના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટના બની તેના એક જ કલાક પછી ઓવેરા વાઈલ્ડલાઈફ સેન્ચુરીમાં પણ વાદળ ફાટયું હતું. શાંગસ વિસ્તારમાં જ આ પહેલા ૧૩ અને ૧૪ જૂનના રોજ પણ વાદળ ફાટયું હતું, જેનાથી ખેતરો, બગીચાઓ અને મકાનોને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. ચિંતાજનક બાબત એ છે કે, હાલના દિવસોમાં પહલગામ, સિરહામા, લારનૂ વિસ્તારમાંથી પણ આવા જ સમાચાર સતત આવી રહ્યા છે. હિમાચલના લાહૌલ સ્પીતિમાં પણ થોડા દિવસ પહેલાં આવી જ પરિસ્થિતિ સર્જાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, હિમાલયન રેન્જમાં વાદળ ફાટવાની ઘટનાઓ સતત વધી રહી છે. ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, વાદળ ફાટવાની મોટાભાગની ઘટનાઓ ૧ હજારથી ૨૫૦૦ મીટરની ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં નોંધાઈ છે. જેમાં ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર સૌથી વધુ સંવેદનશીલ વિસ્તારો છે. જાણકારોના મતે હિમાલયમાં વાદળ ફાટવાની ઘટનાઓ ખૂબ વધારે પ્રમાણમાં થાય છે.

સામાન્ય રીતે અહીંયા જે ઘટનાઓ બને છે તેમાંથી માત્ર થોડીક જ ઘટનાઓ વિશે સમાચાર આવે છે, ખાસ કરીને ફ્લેશફ્લડથી જાનમાલને નુકસાન થાય ત્યારે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વાદળ ફાટવું એટલે વાસ્તવમાં વાદળના ટુકડા થઈ જવા એવું નથી. જ્યારે ૨૦ થી ૩૦ ચોરસ કિમી વિસ્તારમાં પ્રતિ કલાક ૧૦૦ મીમી કે તેથી વધુ વરસાદ પડે છે, ત્યારે તેને વાદળ ફાટવું એટલે કે ક્લાઉડબર્સ્ટ કહેવામાં આવે છે. આ ઘટના ખૂબ જ નાના વિસ્તારમાં અને અત્યંત ઓછા સમયમાં થાય છે. સામાન્ય રીતે વાદળ ફાટવાની ઘટનાઓની આગાહી કરવી અત્યંત મુશ્કેલ છે. આમાંથી મોટાભાગની ઘટનાઓ હિમાલયના દુર્ગમ વિસ્તારોમાં થાય છે. સંશોધન મુજબ આવું ત્યારે થાય છે જ્યારે પર્વતો ભેજથી ભરેલા ચોમાસુ પવનોને રોકે છે. પર્વતોની વચ્ચે ફસાઈને વાદળો એક જ જગ્યાએ વરસી જાય છે અને ફ્લેશ ફ્લડની સ્થિતિ સર્જાઈ જાય છે.

સંશોધકોના મતે, બંગાળની ખાડી અને અરબ સાગર તરફથી આવતા પવનો જ્યારે હિમાલયના ઊંચા ઢોળાવો સાથે અથડાય છે ત્યારે તેઓ ખૂબ જ ઝડપથી ઉપર તરફ જાય છે. ઉપર જતાં જ હવા ઠંડી થાય છે અને ક્યુમુલોનિમ્બસ વાદળો બનાવે છે. એટલે કે કાળા ઘેરા અને ગાજવીજવાળા વાદળો, જે ખૂબ જ નાના વિસ્તારમાં ભારે વરસાદ લાવે છે. તેને 'ઓરોગ્રાફિક લિફ્ટ' કહેવામાં આવે છે.ૈં સ્ઘ ના સંશોધન મુજબ, આવું મોટે ભાગે ૧ હજારથી ૨૫૦૦ મીટરની ઊંચાઈ વાળા વિસ્તારોમાં થાય છે.

અહીં ખીણોની રચના વાટકા જેવી છે. આમાં વાદળો ફસાઈ જાય છે અને હવાનો પ્રવાહ અટકી જાય છે. આવા સમયે વાદળો એક જ જગ્યાએ બહુ વધારે પાણી વરસાવી દે છે. જ્યાં આ પાણી પડે છે ત્યાં ફ્લેશ ફ્લડ આવે છે છે, જ્યારે તેનાથી થોડાક જ કિલોમીટર દૂર સામાન્ય વરસાદ હોઈ શકે છે.

તાજેતરના ઘણા સંશોધનોમાં એ પણ સામે આવ્યું છે કે ગ્લોબલ વોર્મિંગ પણ આવી ઘટનાઓને વ્યાપક રીતે ટ્રિગર કરે છે. વાસ્તવમાં પૃથ્વી પર સતત વધતી ગરમી અને સમુદ્રનું વાતાવરણ ગરમ થવાને કારણે વાતાવરણમાં વધુ ભેજ પેદા થાય છે, જે હિમાલય સુધી પહોંચે છે અને વધુ વરસાદની શક્યતા વધી જાય છે. ખાસ વાત એ છે કે વાદળ ફાટવા જેવી ઘટનાઓનો જરાય અંદાજ લગાવી શકાતો નથી. હવામાન વિભાગના સામાન્ય રડાર અને રેન ગેજ તેને પકડી શકતા નથી. તેના કારણે રહેણાક વિસ્તારોની ઘટના જીવલેણ બની જતી હોય છે. આ ઉપરાંત વાદળ ફાટવાના ઘણા મોટા કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે ચોમાસાનો ભેજ અને પશ્ચિમી વિક્ષોભ એકસાથે સક્રિય થઈને પણ ભારે તરખાટ મચાવી શકે છે. આનાથી ખૂબ જ નાના વિસ્તારમાં પણ વાવાઝોડું સક્રિય થઈ જાય છે.

વાદળ ફાટવાની સૌથી વધુ ઘટનાઓ સાંકડી ખીણોમાં થાય છે, જ્યાં હવા પર્વત સાથે અથડાઈને ચક્રવાતનું રૂપ ધારણ કરી લે છે અને ચારેય તરફથી પર્વતોમાં ફસાઈ જાય છે. ઘણીવાર આવો વરસાદ એક કલાકમાં ૨૦૦ થી ૫૦૦ મીમી અથવા તેનાથી પણ વધુ હોઈ શકે છે.

ચિંતાજનક વાત એ છે કે, કેદારનાથમાં પૂર આવ્યું તે સમયે પણ ભયાનક વરસાદ થયો હતો અને ઘણી જગ્યાએ વાદળ ફાટયા હતા. આજે છેલ્લાં દોઢ દાયકામાં ઘણી વખત અનેક વિસ્તારોમાં વાદળ ફાટવાની ઘટનાઓ વધી રહી છે. ગ્લોબલ વોર્મિંગની અસરનું આ એક પાસું છે. તે સિવાય પણ અન્ય પાસું છે જેણે હિમાલયની ઈકોસિસ્ટમને ખોરવી કાઢી છે. જાણકારોના મતે, જંગલોની અવિચારી કાપણી, પર્વતોનું ખોદકામ, આયોજન વગરનું નિર્માણ અને નદીના કિનારા પર વસવાટ પણ વાદળ ફાટવાની ઘટનાઓ માટે જવાબદાર છે. આમાં દાવો કરવામાં આવ્યો છે કે આ જ કારણ છે કે વાદળ ફાટવાની ઘટનાઓ સતત વધુ વિનાશક બની રહી છે. ખાસ કરીને કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં ઊંચા પર્વતો અને ઊંડી ખીણો હોવાને કારણે વધુ સાવચેતી રાખવી જોઈએ, જે રાખવામાં આવી રહી નથી. હવામાન વૈજ્ઞાનિકોના મતે વાદળ ફાટવાથી કોઈ સીધું નુકસાન થતું નથી, પરંતુ તેનાથી એટલો બધો વરસાદ થઈ જાય છે કે ફ્લેશ ફ્લડની સ્થિતિ સર્જાઈ જાય છે. નદી-નાળા અને વિસ્તાર સાંકડો હોવાને કારણે, વરસાદના પાણી સાથે આવતો કાટમાળ ખૂબ જ ઝડપથી નીચે તરફ વહે છે. ભૂસ્ખલન આ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવે છે. આનાથી પાણીનો પ્રવાહ એટલો ઝડપી બની જાય છે કે તે પોતાની સાથે રસ્તા અને પુલને પણ વહાવી શકે છે.

બીજી તરફ એક અન્ય તારણ અને કારણ પણ સામે આવ્યું છે. જાણકારોના મતે હિમાલય પર્વત હાલમાં પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. દુનિયામાં વધી રહેલા ગ્લોબલ વોર્મિંગની અસર અહીં પણ ભયાનક રીતે પડી રહી છે. એક નવા અભ્યાસમાં સામે આવ્યું છે કે હિમાલય ખૂબ જ ઝડપથી ગરમ થઈ રહ્યો છે. જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગોનું તાપમાન માત્ર બે દાયકામાં લગભગ એક ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી ગયું છે. આમાં સૌથી ઝડપી તાપમાન વધારો ઊંચાઈવાળા વિસ્તારોમાં જોવા મળ્યો છે.

વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે આ પરિવર્તન અને ક્લાઈમેટ ચેન્જની અસરને કારણે ગ્લેશિયર્સ (હિમનદીઓ) ખૂબ જ ઝડપથી પીગળી રહી છે. નદીઓનો પ્રવાહ પણ પ્રભાવિત થઈ શકે છે અને હિમાલયની નદીઓ પર નિર્ભર રહેતા કરોડો લોકો માટે જળ સુરક્ષાનું સંકટ ઊભું થઈ શકે છે. આ અભ્યાસમાં ૧૯૮૦ થી ૨૦૨૪ ના ગાળા વચ્ચેના હવામાન કેન્દ્રોના ઓબ્ઝર્વેશન અને વાતાવરણના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.ૈં ખડગપુરના 'સેન્ટર ફોર ઓશન, રિવર, એટમોસ્ફિયર એન્ડ લેન્ડ સાયન્સ' (ર્ભંઇછન્) ના સંશોધકોએ શોધી કાઢયું કે ભદ્રવાહ, પહલગામ અને ગુલમર્ગ જેવા પહાડી શહેરો, જમ્મુ જેવા નીચાણવાળા વિસ્તારોની સરખામણીમાં ખૂબ જ ઝડપથી ગરમ થઈ રહ્યા છે. સંશોધકોએ એક ખાસ ઘટના નોંધી જેને 'એલિવેશન-ડિપેન્ડન્ટ વોર્મિંગ' એટલે કે ઊંચાઈ આધારિત ગરમી કહેવામાં આવે છે. આમાં ઊંચાઈવાળા વિસ્તારો પોતાના આસપાસના નીચાણવાળા વિસ્તારોની સરખામણીમાં વધુ ઝડપથી ગરમ થાય છે. મધ્યમ ઊંચાઈવાળા કેટલાક કેન્દ્રો પર પ્રતિ દાયકા સરેરાશ તાપમાનમાં ૦.૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો જોવા મળ્યો હતો. ચોમાસા પહેલા રાત્રિના તાપમાનમાં પ્રતિ દાયકામાં ૦.૬૭ સુધીનો વધારો નોંધાયો હતો. રાત્રિનું વધુ ગરમ હોવું એ ખાસ કરીને ચિંતાજનક છે કારણ કે તેનાથી તે કુદરતી ઠંડક ઓછી થઈ જાય છે, જે બરફ અને ગ્લેશિયરને બચાવી રાખવા માટે જરૂરી હોય છે.

અભ્યાસ અનુસાર, બરફની ચાદર સંકોચાવવાનો અર્થ એ છે કે અવકાશમાં પરાવર્તિત (રિફ્લેક્ટ) થતો સૂર્યપ્રકાશ ઓછો થઈ રહ્યો છે, જેનાથી જમીન વધુ ગરમી શોષી રહી છે. આ પ્રક્રિયાને 'સ્નો-અલ્બેડો ફીડબેક' કહેવામાં આવે છે. આ સિવાય વાતાવરણમાં વધતો ભેજ પણ સપાટીની નજીક વધુ ગરમીને રોકી રહ્યો છે, જેનાથી તાપમાન વધવાની ઝડપ વધુ તીવ્ર બની છે. હિમાલયને ઘણીવાર એશિયાનો 'વોટર ટાવર' પણ કહેવામાં આવે છે. અહીંથી નીકળતી મુખ્ય નદીઓ ઉત્તર ભારત અને પાડોશી દેશોના કરોડો લોકોનું ભરણપોષણ કરે છે. ઝડપથી વધતા તાપમાનને કારણે ગ્લેશિયર્સનું સંકોચાવું ઝડપી બની શકે છે. શિયાળામાં જમા થતો બરફ ઓછો થઈ શકે છે, નદીઓનો પ્રવાહ બદલાઈ શકે છે અને પૂર, ભૂસ્ખલન તેમજ પાણીની અછતનો ખતરો વધી શકે છે. આ પરિણામો તે વધતા સંશોધનોને પણ સમર્થન આપે છે જે દર્શાવે છે કે હિન્દુ કુશ-હિમાલય ક્ષેત્ર વાસ્તવમાં વૈશ્વિક સરેરાશ કરતા વધુ ઝડપથી ગરમ થઈ રહ્યું છે. આના કારણે દુનિયાની સૌથી સંવેદનશીલ ઈકોસિસ્ટમમાંથી એક એવા હિમાલય ઉપર દબાણ સતત વધી રહ્યું છે. વૈજ્ઞાનિકોએ આબોહવાની કડક દેખરેખ અને અનુકૂલનના ઉપાયો પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે પહાડી સમુદાયોને અત્યારથી જ થઈ રહેલા આ ફેરફારોનો સામનો કરવા માટે તૈયાર કરવા માટેના આ પગલાં હવે અનિવાર્ય બની ચૂક્યા છે. જાણકારોના મતે હાલમાં હિમાલય પર્વતમાળામાં જે રીતે વિકાસકાર્યો થઈ રહ્યા છે, રસ્તા, મકાનો, હોટેલ અને અન્ય સગવડો વિકસાવાઈ રહી છે તેમાં કુદરતી સંપદાને વ્યાપક નુકસાન કરાઈ રહ્યું છે. કુદરતી સંસાધોના ભોગે માણસોની સુવિધાઓનો વિકાસ કરાઈ રહ્યો છે. છેલ્લાં બે દાયકામાં હિમાલયના પર્વતીય રાજ્યોમાં જે રીતે સ્થિતિ બદલાઈ છે તેના કારણે ગરમી, ઠંડી અને વરસાદ બધું જ અસામાન્ય થઈ રહ્યું છે. તેના પગલે અકાળે વિશાનનું તાંડવ થાય છે.

# "રામદાસજીના બોજથી લઈને મહાકાળીના તાંડવ સુધી: નિઃસ્વાર્થ સેવા અને શરણાગતિ દ્વારા પ્રગટ થતો ઈશ્વરીય પ્રેમ"

## "સેવામાં સખા અને ક્રોધમાં શાંતિ: જ્યાં પ્રેમ ઈશ્વરને ઝુકાવે છે"



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આધ્યાત્મિકતાનો માર્ગ સીધો નથી. ક્યારેક તે સેવાના પરસેવામાં ભીંજાય છે, તો ક્યારેક તે ક્રોધની આગમાંથી પસાર થાય છે. એક તરફ ભક્ત છે જે પોતાનું આખું જીવન સંતોની સેવામાં સમર્પિત કરી દે છે, અને બીજી તરફ માતા છે જેનું રૌદ્ર સ્વરૂપ અધર્મને ભસ્મ કરવા માટે પ્રગટે છે. બંને વાર્તાઓ જુદી લાગે, પણ તેમનું મૂળ એક જ છે. ઈશ્વર અને જીવ વચ્ચેનો સંબંધ કોઈ લેવડ-દેવડનો નથી.તે નિઃસ્વાર્થ પ્રેમનો, સમર્પણનો અને સમતાનો છે ભગવાન રામ એક ભક્તનું બોજ પોતાના ખભે લે છે, અને ભગવાન શિવ પોતાના શરીરને માતાના ચરણો નીચે ધરી દે છે.એક જગ્યા એ પ્રેમ સેવા બને છે,બીજી જગ્યા એ પ્રેમ શાંતિ બને છે.આ બે પ્રસંગો આપણને શીખવે છે કે ભક્તિ માત્ર પૂજા-પાઠ નથી, ભક્તિ જીવવું છે. ચાલો આ બે મુદ્દાઓને હૃદયથી સમજવાનો પ્રયાસ કરીએ. ભક્તના બોજને ઉપાડનાર સખા: રામદાસજીની કથા બુંદી નગરીના વેપારી રામદાસજી સામાન્ય માણસ હતા, પણ તેમનું હૃદય અસામાન્ય હતું. તેમનો વ્યવસાય ગામડે ગામડે માલ વેચવાનો હતો. પીઠ પર મીઠું, મરચું, ગોળનો ભારે પોટલો અને મનમાં સંતોની સેવાનો સંકલ્પ. તેઓ કહેતા કે મંદિરમાં દીવો કરતાં સંતને એક ટંકનું ભોજન આપવું મોટું પુણ્ય છે. કારણ કે સંતમાં જ સાક્ષાત ભગવાન વસે છે.

એક દિવસનો પ્રસંગ છે.આખો દિવસ ફરીને થાકીને રામદાસજી ઘરે પાછા ફરી રહ્યા હતા. તડકો, થાક અને ભારથી તેમનું શરીર તૂટી રહ્યું હતું. ત્યારે રસ્તામાં એક ખેડૂત મળ્યા. સાદો વેશ, શાંત ચહેરો, આંખોમાં અપાર કરુણા. તે ખેડૂતે રામદાસજીની હાલત જોઈ અને તરત જ તેમના માથા પરથી પોટલો પોતાના માથે લઈ લીધો.

રામદાસજીને નવાઈ લાગી,પણ તેમણે વાંધો ન ઉઠાવ્યો. તેમણે કહ્યું, 'રામ જે ઈચ્છે તે થવા દો.' રસ્તામાં તેઓ ભગવાનના ગુણગાન ગાતા રહ્યા. મનમાં વિચાર આવ્યો કે ઘરે પહોંચીને ગરમ પાણીથી સ્નાન અને પત્નીના હાથની કઢી-ફુલકા મળે તો કેવું સારું. દરમિયાન તે ખેડૂત રામદાસજીના ઘરે પહેલા પહોંચી ગયા. પોટલી ખૂણામાં મૂકી અને રામદાસજીની પત્નીને કહ્યું, 'ભગતજી આવી રહ્યા છે. તેમના માટે ગરમ પાણી અને કઢી-ફુલકા તૈયાર રાખજો.' અને એટલું કહીને અદૃશ્ય થઈ ગયા. જ્યારે રામદાસજી ઘરે પહોંચ્યા તો જે જોઈને તેઓ ચોંકી ગયા. પોટલી જગ્યાએ હતી, ગરમ પાણી તૈયાર હતું, અને તેમને સૌથી પ્રિય ભોજન પણ બનીને તૈયાર હતું. પત્નીએ કહ્યું કે પોટલી મૂકવા આવનાર વ્યક્તિએ જ આ બધી વ્યવસ્થા કરવાનું કહ્યું હતું. તે ક્ષણે રામદાસજીને સમજાયું. તે ખેડૂત બીજું કોઈ નહીં પણ પોતે શ્રી રામ હતા. જે ભગવાન માટે તેઓ આખી જિંદગી સંતોની સેવા કરતા હતા, તે જ ભગવાન આજે તેમની સેવા કરવા આવ્યા હતા. તેમની આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી. ભગવાન પ્રગટ થયા અને કહ્યું, 'તું મારા ભક્તોની સેવામાં પોતાને ઘસી નાખે છે, એટલે હું તારો થાક ઉતારવા આવ્યો. જે મને સત યાદ કરે છે, હું તેની સૌથી નજીક રહું છું.' અહીં ભક્તિનો સૌથી ઊંચો પાઠ છે. ઈશ્વરને ફૂલ-પ્રસાદ નથી જોઈતા, તેમને આપણો ભાવ જોઈએ છે. જ્યારે આપણે નિઃસ્વાર્થ ભાવે બીજાની સેવા કરીએ છીએ, ત્યારે ઈશ્વર પોતે આપણો ભાર હળવો કરવા આવે છે. રામદાસજીની વાર્તા આપણને કહે છે કે સાચી પૂજા એ છે જેનાથી કોઈનું દુઃખ ઓછું થાય.

ક્રોધને શાંત કરનાર શરણાગતિ: મહાકાળી અને શિવની કથાહવે બીજી તરફનું ચિત્ર જોઈએ. આ ચિત્ર રૌદ્ર છે, પણ તેની પાછળ પણ પ્રેમ જ છે.

પ્રાચીન કથા અનુસાર રાક્ષસ રક્ત બીજને વરદાન મળ્યું હતું. તેના શરીરમાંથી લોહીનું એક ટીપું પણ જમીન પર પડે તો તેમાંથી સો રાક્ષસો ઉત્પન્ન થાય. આવા રાક્ષસે ત્રણેય લોકમાં હાહાકાર મચાવ્યો. દેવતાઓ હારી ગયા. છેવટે બધાએ આદિશક્તિ મહાકાળીનો આશ્રય લીધો. મહાકાળી દુર્ગાનું જ તેજસ્વી અને ભયાનક સ્વરૂપ છે. તેમનું કામ જ અધર્મનો નાશ કરવાનું છે. તેઓ યુદ્ધભૂમિમાં પ્રવેશ્યા. ગળામાં નરમુંડની માળા, હાથમાં ખપ્પર, આંખોમાં અગ્નિ. તેમણે રાક્ષસોનો સંહાર શરૂ કર્યો. પણ સમસ્યા એ હતી કે જેમ જેમ રક્તબીજનું લોહી જમીન પર પડતું, તેમ નવા રાક્ષસો ઉભા થતા.ત્યારે મહાકાળી એ પોતાની જીભને પૃથ્વી સુધી લંબાવી દીધી. હવે લોહી જમીન પર પડવાને બદલે સીધું તેમની જીભ પર પડવા લાગ્યું. તેમણે બધા રાક્ષસોને મારીને તેમનું લોહી પી લીધું. આ રીતે રક્ત બીજનો અંત આવ્યો.પણ વિજય પછી એક નવી સમસ્યા ઉભી થઈ. યુદ્ધનો ક્રોધ એટલો વધી ગયો કે મહાકાળીનું તાંડવ રોકવાનું મુશ્કેલ બન્યું. તેમના ક્રોધથી સમગ્ર સૃષ્ટિ કંપવા લાગી. દેવતાઓ ગભરાઈ ગયા. કોઈ તેમની પાસે જવાની હિંમત ન કરતું. છેવટે બધા ભગવાન શિવ પાસે ગયા. શિવ જ મહાકાળના સ્વામી છે. શિવે પહેલા પ્રેમથી, પછી વાણીથી માતાને શાંત કરવાનો પ્રયાસ કર્યો. પણ ક્રોધની આગ એટલી મોટી હતી કે કશું કામ ન આવ્યું.અંતે શિવે એક અદ્ભુત કામ કર્યું. તેઓ મૌન થઈને મહાકાળીના માર્ગમાં જમીન પર સૂઈ ગયા. મહાકાળી પોતાના વિજયના ઉન્માદમાં આગળ વધી રહ્યા હતા. અચાનક તેમનો પગ કોઈના શરીર પર પડ્યો. તેમણે નીચે જોયું તો પોતાના જ સ્વામી, ભગવાન શિવ તેમના ચરણોમાં સૂતા હતા.

તે જ ક્ષણે માતાનો ક્રોધ ઓગળી ગયો. તેમને ભાન થયું કે ક્રોધમાં તેઓ પોતાનાથી જ દૂર જઈ રહ્યા હતા. શિવની આ શરણાગતિએ, આ સમર્પણે મહાકાળીને શાંત કરી દીધા.ચિંતન:બે વાર્તા, એક જ સત્ય ઉપરની બંને વાર્તાઓ બહારથી જુદી લાગે છે. એકમાં ભગવાન સેવક બને છે, બીજીમાં ભગવાન શરણાગત બને છે. પણ ઊંડાણમાં જઈએ તો બંનેનો સાર એક જ છે. રામદાસજીની વાર્તા આપણને શીખવે છે સેવાભાવ. જ્યારે આપણે 'મારું' અને 'તારું' ભૂલીને બીજા માટે જીવીએ છીએ, ત્યારે ઈશ્વર આપણા જીવનનો ભાગ બની જાય છે. રામદાસજીએ ક્યારેય ભગવાન પાસે કંઈ માંગ્યું નહીં. તેમણે ફક્ત આપ્યું. પરિણામે ભગવાને કહ્યું કે હું ઋણી છું. સાચો ભક્ત તે જ છે જેના માટે ભગવાનને પણ આવવું પડે. મહાકાળી અને શિવની વાર્તા આપણને શીખવે છે *સમતાનો ભાવ ક્રોધ, અહંકાર અને શક્તિ જ્યારે મર્યાદા વગરની બની જાય ત્યારે તે વિનાશ કરે છે. તેને રોકવા માટે તાકાત નહીં, નમ્રતા જોઈએ. શિવે પોતાનું ગૌરવ બાજુ પર મૂકીને ચરણોમાં સૂઈ જવાનું પસંદ કર્યું.

# ઐતરેય ઉપનિષદનો મુખ્ય બોધ સૃષ્ટિ સર્જન અને પોષણ છે! એને જીવ કંઈ રીતે અનુસરે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે શુક્રવાર એટલે ઉપનિષદીય સૂત્રો થકી તત્વ જ્ઞાન વિશે ચિંતન કરવાનો દિવસ. આપણે અત્યાર સુધીમાં છ ઉપનિષદ વિશે મહત્વનાં શ્લોક અને એનાં પર ચિંતન કર્યું! મૂળમાં સાધકને હું કોણ છું? અને આ જગત શેને કારણે છે,? એવાં પ્રશ્નો પર જીજ્ઞાસા થાય છે, અને ગુરુકુળમાં ભણતાં શિષ્યોને ગુરુ તત્વ જ્ઞાનથી બ્રહ્મ જ્ઞાન સુધી દોરી જાય છે, આ જ્ઞાનની સીડીના ઘણાં પગથિયાં છે, એક એક જીજ્ઞાસાથી આત્મ દર્શન અને બ્રહ્મ સાક્ષાત્કારનાં રહસ્યની ગૂથ્થીનો ઉકેલ આવે છે! પરંતુ સાક્ષાત્કારની જ્યાં સુધી અનુભૂતિ થતી નથી, ત્યાં સુધી એ માત્ર માહિતી બની રહે છે, સાધકે તત્વતઃ એ સત્યને સ્વીકારવું રહ્યું. સંક્ષેપમાં, ઉપનિષદોનો મુખ્ય ઉદ્દેશ આત્મજ્ઞાન દ્વારા બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવી મનુષ્યને મોક્ષ સુધી પહોંચાડવાનો છે. પ્રશ્ન ઉપનિષદ પછી હવે ક્રમમાં ઐતરેય ઉપનિષદ આવે છે અને આજે આપણે એનાં વિશે ચિંતન કરીશું ઐતરેય ઉપનિષદ આરણ્યકના બીજા ભાગમાંથી લેવામાં આવ્યું છે, આ ઉપનિષદ ત્રણ અધ્યાય, છ ખંડ, અને 23 શ્લોક ધરાવે છે. ઐતરેય શબ્દનો મુખ્ય અર્થ 'ઇતરા ઋષિનાં વંશજ એવો થાય છે. ઋગ્વેદના મહાન ઋષિ મહિદાસ ઇતરાના પુત્ર હતા, અને તેમનાં દ્વારા જ વૈદિક સાહિત્યના ગ્રંથો જેવા કે ઐતરેય બ્રાહ્મણ, ઐતરેય આરણ્યક, અને મુખ્ય ઉપનિષદ પ્રગટ થયા હોવાથી આ નામ પડ્યું છે. આરણ્યકના ચોથા, પાંચમા અને છઠ્ઠા અધ્યાયનો ભાગ, જે બ્રહ્મવિદ્યા અને સૃષ્ટિના સર્જન વિશે જ્ઞાન આપે છે. વૈદિક સાહિત્યમાં તે નીચે મુજબના મુખ્ય ગ્રંથોને દર્શાવે છે: ઐતરેય બ્રાહ્મણ:કર્મકાંડી બ્રાહ્મણો માટે ઋગ્વેદનાં કર્મકાંડ અને યજ્ઞ વિધિઓને સમજાવતો પ્રાચીન ગ્રંથ. ઐતરેય આરણ્યક:ઋગ્વેદનો એવો ભાગ જેમાં જંગલમાં રહીને કરવામાં આવતી આધ્યાત્મિક સાધના અને રહસ્યો વર્ણવ્યા છે. ઐતરેય ઉપનિષદ:આરણ્યકના ચોથા, પાંચમા અને છઠ્ઠા અધ્યાયનો ભાગ, જે બ્રહ્મવિદ્યા અને સૃષ્ટિના સર્જન વિશે જ્ઞાન આપે છે. (૧)ઐતરેય ઉપનિષદનો પ્રથમ અધ્યાય. ** આત્મા વા ઇદમેક એવાગ્ર આસીત્ નાન્યત્કિંચન મિષત્ સ ઈક્ષત લોકાન્નુ સૃજા ઈતિ॥ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં માત્ર પરમાત્મા જ હતાં, તેમના સિવાય બીજું કંઈ જ નહોતું. પછી તેમણે વિચાર કર્યો કે હું વિવિધ લોકનું સર્જન કરું. સમગ્ર સૃષ્ટિ એક જ મૂળમાંથી ઉત્પન્ન થઈ છે. સમગ્ર બ્રહ્માંડનું મૂળ એક જ ચૈતન્ય છે.

દેખાતી અનેકતા પાછળ એક જ પરમ સત્ય પરમાત્મા રહેલ છે.આત્મજ્ઞાન એટલે શું ! આત્મા અને પરમાત્મા નાં એકત્વને અનુભવવું. જ્યારે સાધક આ સત્યનો અનુભવ કરે છે, ત્યારે ભેદભાવ દૂર થાય છે અને બ્રહ્મભાવ પ્રગટે છે. **સ ઈમા લોકાનસૃજતા અંભઃ મરીચીઃ મરમાપઃ॥ પરમાત્માએ ચાર લોકોનું સર્જન કર્યું, અંભઃ એટલે કે ઊર્ધ્વલોક, મરીચિ લોક એટલે કે અંતરિક્ષ, પૃથ્વી અને આપ, એટલે કે જળલોક સૃષ્ટિ વ્યવસ્થિત અને નિયમબદ્ધ છે. દરેક તત્ત્વનું પોતાનું સ્થાન અને કાર્ય છે. સમગ્ર સૃષ્ટિ ઈશ્વરની યોજના અનુસાર કાર્ય કરે છે. મનુષ્ય પણ આ વૈશ્વિક વ્યવસ્થાનો એક ભાગ છે. **સ ઈક્ષતા ઈમે નુ લોકાઃ લોકપાલાન્નુ સૃજા ઈતિ॥ પરમાત્માએ વિચાર કર્યો કે આ લોકની રક્ષા માટે તેમનાં પાલકોનું સર્જન કરવું જોઈએ, પરંતુ માત્ર સર્જન કરવું પૂરતું નથી; તેનું સંરક્ષણ પણ જરૂરી છે. ઈશ્વર માત્ર સર્જનકર્તા જ નથી, પરંતુ પાલનકર્તા પણ છે. **સ એતમેવ પુરુષં બ્રહ્મ તતમમ્ અસૃજત આગળનાં શ્લોકમાં વર્ણન આવે છે કે પરમાત્માએ શરીરની રચના કરી અને પછી તેમાં આત્મારૂપે પ્રવેશ કર્યો. ત્યારે જ શરીર ચેતન અને કાર્યશીલ બન્યું. શરીરનું મૂલ્ય છે, પરંતુ તેને જીવંત બનાવનાર ચેતના વધુ મહત્ત્વની છે. શરીર નાશવંત છે, આત્મા નિત્ય છે. સાચી ઓળખ શરીરની નહીં, આત્માની છે. આત્મસાક્ષાત્કાર જીવનનું પરમ લક્ષ્ય છે. ઐતરેય ઉપનિષદના પ્રથમ અધ્યાયના આ ચાર શ્લોકના ચિંતન પરથી ખ્યાલ આવે છે કે ત્રણ મુખ્ય સત્ય છે: **સમગ્ર સૃષ્ટિનું મૂળ આત્મા એટલે કે પરબ્રહ્મ છે. **આત્મા જ દરેક જીવમાં ચૈતન્યરૂપે વસે છે. **પોતાના આત્મસ્વરૂપને ઓળખવું એ જ જીવનનું સર્વોચ્ચ જ્ઞાન અને મોક્ષનો માર્ગ છે. 'આત્મા જ સર્વનું મૂળ છે; આત્મજ્ઞાન જ જીવનનું પરમ લક્ષ્ય છે.' ઐતરેય ઉપનિષદની મુખ્ય ફિલસૂફી આત્મજ્ઞાનઅનેબ્રહ્મવિદ્યાએટલે કે પરમ સત્ય પર આધારિત છે. તે સૃષ્ટિના સર્જન, જીવ અને ઈશ્વરના એકત્વ વિશે ઊંડું ચિંતન રજૂ કરે છે.આ ઉપનિષદના મુખ્ય આધ્યાત્મિક સિદ્ધાંતો નીચે મુજબ છે: ૧. સૃષ્ટિની ઉત્પત્તિ (સૃષ્ટિ વિજ્ઞાન) જગતની શરૂઆતમાં માત્ર'એકમાત્ર આત્મા એવંમ પરમાત્મા જ અસ્તિત્વમાં હતો.અન્ય કોઈ પણ શક્તિ અથવા વસ્તુ ત્યારે હાજર નહોતી. ઈશ્વરે સંકલ્પ કર્યો કે,'હું લોક રુપી જગતની રચના કરું.'તેમના સંકલ્પ માત્રથી જ પાણી, પ્રકાશ, પૃથ્વી અને લોકપાળો, ક્ષેત્રપાળ એટલે કે દેવતાઓ ઉત્પન્ન થયા. ઉપનિષદ કોઈ પણ હોય, કાળની ગતિ આપણી આસપાસ એટલી હદે તીવ્રતાથી વ્યાપેલી છે કે, દેહ દેહી નું સત્ય આપણી માટે માત્ર એક માહિતી બની રહે છે ! અને એમાં આપણો કોઈ દોષ પણ નથી! કારણકે બધું જ જાણવા છતાં મારું મારું છૂટતું નથી, અને એટલે સદગુરુ બોધ આપે છે કે વ્યવહારિક દ્રષ્ટિકોણ કેળવી અને થોડુંક થોડુંક જાગરણ શક્ય છે! જેમ કે સમગ્ર બ્રહ્માંડમાં પહેલાં માત્ર બ્રહ્મ જ અસ્તિત્વમાં હતો , અને એણે સમગ્ર જીવ સૃષ્ટિનું સર્જન કર્યું, અને પોષણ પણ કર્યું! એટલે જીવ માત્રમાં રહેલાં આત્મ તત્વનો મૂળ સ્વભાવ સર્જન અને પોષણ છે! તો જે કંઈ શક્ય હોય એ રીતે બ્રહ્મનાં સ્વભાવને અનુસરવું. બીજું દરેક મહાન કાર્ય પહેલાં સારો વિચાર અને સંકલ્પ જરૂરી છે. પરંતુ એમાં માત્ર મહત્વાકાંક્ષા જ હોવી જોઈએ નહીં, અને એથી પણ વિશેષ આપણું ધ્યેય અન્ય માટે હિતકારી હોવું જોઈએ! અને એટલે જ મનુષ્યે કોઈ કાર્ય ઉતાવળથી નહીં, પણ વિચારપૂર્વક કરવું જોઈએ. બ્રહ્મ એ ચાર લોકનું સર્જન કર્યું અને દરેક લોકમાં વસતી જીવ સૃષ્ટિની વ્યવસ્થા ખોરવાઇ નહીં એ માટે પ્રકૃતિની રચના કરી. આપણાં હિસ્સામાં જે જવાબદારી આવી છે, એની વ્યવસ્થા અને સંતુલનનું મહત્ત્વ સમજી આપણે એ નિભાવવાની છે.પ્રકૃતિ પ્રત્યે આદર અને જવાબદારીની ભાવના રાખવી, આમ આંતર બાહ્ય દરેક ક્ષેત્રમાં જવાબદારી અને સંચાલન જરૂરી છે. જીવનમાં આપણે પણ પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ. પરંતુ એ ખાસ યાદ રાખવાનું છે કે, શરીર નાશવંત છે અને એટલે એની સાથે મન બગડે નહીં એ રીતે આત્માની કાળજી લેવી જોઈએ. આત્મ ખોજ થી શરૂ થતી આ યાત્રામાં બળ, બુદ્ધિ, વિવેક, સાહસ, અને મૈત્રી, ક્ષમા, અહિંસા, કરુણા, અને શાંતિ વિશે દ્રઢ વિશ્વાસ પ્રાપ્ત થાય છે, જે આત્મ જ્ઞાન અને આત્મ દર્શન માટે બહુ મહત્વની ઉપલબ્ધિ છે. તો આપણે સૌ પરમાત્મા એટલે પાલનકર્તા! અને એટલે આત્મા પણ પાલનકર્તાનો સ્વભાવ ધરાવે છે, એ સત્યને સમજીને સ્વીકારી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું, ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

### પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ ખેડા જિલ્લામાં શૈક્ષણિક કાર્યપ્રણાલીનુ કર્યું મૂલ્યાંકન

# રાજ્યનો કોઈ દીકરો કે દીકરી શિક્ષણના હકથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી આપણા સૌની: શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા

## રાજ્યમંત્રીરિવાબાએ પીએમ બ્રાન્ચ ચકલાસી શાળા નડિયાદ, માધ્યમિક શાળા ગુતાલ અને કસ્તુરબા ગાંધી વિદ્યાલય પીજની મુલાકાત લઈ શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને એસ.એમ.સીના સભ્યોએ સાથે કર્યો દ્વિપક્ષી સંવાદ







**નડિયાદ, તા.15**

ખેડા જિલ્લાની મુલાકાતે આવેલ પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંકુલોની મુલાકાત લઈ ખેડા જિલ્લામાં શૈક્ષણિક કાર્યપ્રણાલીનુ મૂલ્યાંકન કર્યું હતું.

રાજ્યમંત્રીએ પીએમ બ્રાન્ચ ચકલાસી શાળા નડિયાદ, માધ્યમિક શાળા ગુતાલ અને કસ્તુરબા ગાંધી વિદ્યાલય પીજની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને શાળા સમિતિના સભ્યો સાથે વર્ગખંડ શિક્ષણ, કેળવણી, રમતગમત, કૌશલ્ય વર્ધન અને વોકેશનલ કોર્સિસ જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓના અસરકારક અમલીકરણ અંગે દ્વિપક્ષી સંવાદ કર્યો હતો.

તેમણે શાળાઓમાં મધ્યાન ભોજન, કોમ્પ્યુટર લેબ અને વૈજ્ઞાનિક પ્રયોગશાળા અને સ્વચ્છતા સહિતની વ્યવસ્થાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ અવસરે રાજ્યમંત્રીરિવાબા જાડેજાએ શાળામાંથી ડ્રોપાઉટ થયેલા વિદ્યાર્થીઓની ખાસ મુલાકાત લઈ તેમને શાળામાં ફરી દાખલ કરવા ખાસ અનુરોધ કર્યો હતો. જેમાં, મંત્રીશ્રીએ ગુતાલના સીમ વિસ્તારમાં રહેતી ડ્રોપ-આઉટ વિદ્યાર્થીનીઓ હેતલ દિલીપભાઈ તળપદા અને તુલસીબેન કિસ્મતભાઈ તળપદાના ઘરે જઈ આ દીકરીઓ અને તેમના વાલીઓને સાથે કન્યા કેળવણીના મહત્વ વિશે આત્મીય સંવાદ કર્યો હતો.

રિવાબા જાડેજાએ આ દીકરીઓના વાલીઓને વિદ્યાર્થિનીઓના શિક્ષણને પ્રોત્સાહન આપતી સરકારની નમો લક્ષ્મી યોજના અને સરસ્વતી સાધન સહાય યોજનાઓની માહિતી આપી હતી. તથા આ દીકરીઓને શાળામાં પુન: પ્રવેશ કરાવતા જ આ યોજનાનો લાભ અપવાવવા સંબંધિત અધિકારીઓની સૂચના પણ આપી હતી. આ તકે વાલીઓની મૂંઝવણને પણ ધ્યાન પૂર્વક સાંભળી આ બંને દીકરીઓને શાળા પરિવહન માટે વિશેષ વ્યવસ્થાઓ ઊભી કરવાની પણ સૂચના આપી હતી. જેના ભાગરૂપે, આ વાલીઓએ પણ પોતાની દીકરીઓના અભ્યાસને ફરી શરૂ કરાવવાની ખાતરી આપી હતી.

રાજ્ય સરકારની શિક્ષણની જવાબદેહિ સ્પષ્ટ કરતા રિવાબા જાડેજાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યનો કોઈ દીકરો કે દીકરી શિક્ષણના હકથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી આપણા સૌની છે.

ખેડા જિલ્લાના પ્રવાસને બહુ જ યાદગાર બનાવતા રાજ્યમંત્રી રિવાબાએ વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ, કેળવણી, સ્પોર્ટ્સ અને કારકિર્દીની બાબતો અંગે ખૂબ જ રોચક સંવાદ કર્યો હતો. જેમાં, તેમણે એક મોટી બહેન તરીકે વિદ્યાર્થીઓને મૂંઝવતા અનેકવિધ પ્રશ્નો અને જિજ્ઞાસાઓનું સમાધાન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પણ પોતાના રસના વિષયો, એક્સપિરિયન્સલ લર્નિંગ, સફળતાનું રહસ્ય, શાળાની જરૂરિયાતો જેવી અનેક બાબતોની રાજ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. જેમાં, ગુતાલ શાળાના વિદ્યાર્થીઓના પ્રશ્નોથી પ્રભાવિત થઈને રાજ્યમંત્રીશ્રીએ તેમને દ્વારકા અને શિવરાજપુર ખાતે પ્રવાસ માટે આમંત્રણ પાઠવ્યું હતું.

શિક્ષણના મહત્વ વિશે વાત કરતા રિવાબા જાડેજાએ વિદ્યાર્થીઓને ખૂબ જ પરિશ્રમ અને પ્રામાણિકતાથી અભ્યાસ કરવા પર ભાર મૂક્યો હતો. મંત્રીએ રાજ્યના શિક્ષણ બજેટની જાહેરાતમાં સમયના મહત્વ વિશે ઉદાહરણ આપતા વિદ્યાર્થીઓને પરીક્ષામાં સારા પરિણામ માટે સમયસૂચકતાનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકારની નવી શૈક્ષણિક નીતિમાં એક થી વધુ પ્રવાહના વિષયોને એક સાથે ભણવાની તક મળશે જેનાથી કોઈપણ વિદ્યાર્થીઓ તેમના રસપ્રિય વિષયોના શિક્ષણથી ચૂકી જશે નહીં. તેમણે એ પણ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં ફક્ત ગુજરાતમાં જ હાલમાં ટુ ટાઈમ એકઝામ પોલિસીનો અમલ કરવામાં આવ્યો છે જેમાં, જો કોઈ વિદ્યાર્થી પોતાના પરિણામથી સંતોષ ન હોય તો ફરીવાર જે તે અભ્યાસક્રમની પરીક્ષા આપી શકે છે.

કન્યા કેળવણી ઉપર વિશેષ ભાર મુકતા રિવાબાએ વિદ્યાર્થીઓને કોઈ પણ શેહ સંકોચ વિના વોકેશનલ કોર્સીસ તથા સ્કીલ બેસ્ડ્ઝ લર્નિંગ પર સવિશેષ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો.

રિવાબાએ આ તકે પોતાની શૈક્ષણિક કારકિર્દી અને તેમને મૂંઝવતા પ્રશ્નોનો પણ પરિચય આપ્યો હતો. રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે આપણા કારકિર્દીના સપનાઓ સાકાર કરવા કોઈ ઉંમર બાધ્ય હોતી નથી. જો આપણે દ્રઢ મનોબળ અને પ્રમાણિકતા થી પ્રયાસ કરીએ તો સફળતા ચોક્કસ મળશે. અંતમાં, તેમણે તમામ વિદ્યાર્થીઓને સંસ્કાર સાથેનું શિક્ષણ લઈ રાષ્ટ્ર ઉપયોગી અને સમાજ સેવાના કાર્યોમાં ભાગીદાર બનવા અપીલ કરી હતી. જેના, માટે હર હંમેશ વંદે માતરમ્ ની સમજણને હૃદયમાં સાથે લઈને આગળ વધતા રહેવા સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં રાજ્યમંત્રીશ્રીએ શિક્ષણ વિભાગના મહત્વપૂર્ણ અધિકારીઓ સાથે સંવાદ કરી વિધાર્થીઓના ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા ખાસ કામગીરી કરવા સૂચના આપી હતી. વધુમાં જે ડ્રોપ આઉટ બાળકોને હજુ સુધી ટ્રેસ નથી કરી શકાયા તેમની ખાસ ઓળખ કરીને શાળામાં પુન: પ્રવેશ આપવા જણાવ્યું હતું. તેમણે તમામ અધિકારીશ્રીઓને જણાવ્યું કે, જિલ્લાનું એક પણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ના રહેવું જોઈએ અને એની જવાબદારી આપણા બધાની છે. સામાજિક બંધનો, કુપ્રથાઓ અને રૂઢિચુસ્તતા સામે લડીને તમામ માતાપિતાને સમજણ આપવી એ પણ આપણા સૌની જવાબદારી છે.

આપ્રસંગેધારાસભ્યકલ્પેશભાઈ પરમારે ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓને બાળકોના વાલીઓ સાથે સતત સંપર્કમાં રહેવા જણાવ્યું.

આ તકે રાજ્યમંત્રીશ્રીએ ચકલાસી, ગુતાલ અને કસ્તુરબા ગાંધી વિદ્યાલય પીજની શાળા સમિતિના સભ્યો સાથે બેઠક કરી શિક્ષણ વ્યવસ્થાને મજબૂત કરવા માટે ચર્ચા કરી હતી. અને શાળાઓમાં વિદ્યાર્થીઓની નિયમિતતા, પરિવહન, સલામતી અને કેળવણીના ઉચ્ચ માનંકોની જાળવણી માટે અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં સાંસદ દેવુસિંહ ચૌહાણ, નડિયાદ ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, માતર ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, અગ્રણી નયનાબેન પરમાર, જિલ્લા શિક્ષણ અધિકારી કલ્પેશભાઈ રાવલ, પ્રાથમિક શિક્ષણ અધિકારી પરેશભાઈ વાઘેલા, અન્ય સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ, શિક્ષકો, વાલીઓ અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### સંસદ સભ્ય હરિભાઈ પટેલે ડીઆરએમ વેદ પ્રકાશ સાથે બેઠક કરી

# રેલવે ફાટક, અંડરબ્રિજ, ઓવરબ્રિજ, નવી ટ્રેન સેવાઓ અને યાત્રીઓની સુવિધાઓ સહિત જનહિતના 20 થી વધુ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ

**અમદાવાદ, તા.15**

માનનીય સંસદ સભ્ય, મહેસાણા શ્રી હરિભાઈ પટેલે ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદ ખાતે ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ સાથે એક મહત્વપૂર્ણ બેઠક કરી. આશરે દોઢ કલાક ચાલેલી આ બેઠકમાં સંસદ સભ્ય શ્રી પટેલે તેમના સંસદીય મતવિસ્તારને લગતા રેલવેના વિવિધ જનહિતના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરીને રેલવે પ્રશાસન સમક્ષ મહત્વપૂર્ણ પ્રસ્તાવો અને માંગણીઓ રજૂ કરી હતી.



બેઠક દરમિયાન લેવલ ક્રોસિંગ પર રોડ અંડરબ્રિજ (RUB), ફૂટ ઓવરબ્રિજ (FOB) અને અન્ય વૈકલ્પિક માર્ગોના નિર્માણ, બંધ કરાયેલા ગ્રામીણ સંપર્ક માર્ગોને ફરીથી શરૂ કરવા, ખેડૂતોની તેમના ખેતરો સુધી સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા, રેલવે સ્ટેશનો પર યાત્રી સુવિધાઓનો વિસ્તાર કરવા, સુરક્ષા સંબંધિત કામો તેમજ નવી ટ્રેન સેવાઓ અને ટ્રેનોના સ્ટોપેજ જેવી અનેક જાહેરહિતની માંગણીઓ પર વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં સંસદ સભ્ય શ્રી હરિભાઈ પટેલ દ્વારા ઉઠાવવામાં આવેલા મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે: મોટી દાઉ (અમદાવાદ-પાલનપુર રેલવે લાઈન): જૂના લેવલ ક્રોસિંગના સ્થાને ખેડૂતો અને ગ્રામજનોની સુવિધા માટે રોડ અંડરબ્રિજ (RUB) બનાવવાની માંગ, લેવલ ક્રોસિંગ નંબર 209 ની નજીક બંધ કરાયેલા જૂના માર્ગને ફરીથી ચાલુ રાખવાની માંગ. બાલવા ગામ (વિજાપુર-ગાંધીનગર નવી રેલવે લાઈન): અગાઉ બંધ કરાયેલા અંડરબ્રિજ નંબર 25નું પુનઃનિર્માણ/પુનઃસ્થાપન કરી ખેડૂતોની ખેતરો સુધી પહોંચ સુનિશ્ચિત કરવાની માંગ. માણેકપુર-આદરજ મોટી (વિજાપુર બ્રોડગેજ લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 27-28 ની વચ્ચે લગભગ 10 મીટરનો માર્ગ ખુલ્લો રાખવાની માંગ, જેથી ખેડૂતો અને ગ્રામજનોની અવરજવરમાં કોઈ અવરોધ ન આવે. કૈયલ-સેઢાવી (અમદાવાદ-મહેસાણા રેલવે લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 216 પર રોડ અંડરબ્રિજ બનાવવાની માંગ. ઊંઝા (અમદાવાદ-પાલનપુર રેલવે લાઈન ડીએફસીસી કોરિડોર): અંડરબ્રિજ નંબર 198 ની બંને બાજુએ લગાવવામાં આવેલા હાઈ-ગેજ રિટેનિંગ એંગલ્સને કારણે દ્રશ્યતા અવરોધિત થવાની સમસ્યાનો ઉકેલ લાવી સુરક્ષામાં સુધારો કરવાની માંગ, બસ સ્ટેન્ડ તેમજ શહેરના પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડવા માટે રેલવે લાઈન પર નવો ફૂટ ઓવરબ્રિજ (FOB) બનાવવાની દરખાસ્ત.

આંબલીયાસણ સ્ટેશન (અમદાવાદ-મહેસાણા રેલવે લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 213 પર રોડ અંડરબ્રિજ બનાવવાની દરખાસ્ત. પીલુદરા (મહેસાણા-તારંગા રેલવે સેક્શન): ખેડૂતોની સુવિધા માટે રેલવે લાઈનને સમાંતર આશરે 500 મીટર લાંબો રોડ બનાવવાની માંગ. કૈયલ ગામ-ડાંગરવા-આંબલીયાસણ: રેલવે પરિયોજનાને કારણે બંધ થયેલા ખેતરના માર્ગને ફરી શરૂ કરવા તેમજ કાયમી વૈકલ્પિક માર્ગ પૂરો પાડવા વિનંતી. વડનગર રેલવે સ્ટેશન: લેવલ ક્રોસિંગ નંબર 36 ને પહોળો કરવાની અને તેની બંને બાજુએ પૂરતી પહોળાઈનો રસ્તો ઉપલબ્ધ કરાવવાની માંગ.

ભાંડુ (અમદાવાદ-પાલનપુર રેલવે લાઈન): અંડરબ્રિજ નંબર 946 (કટીપા-જેતલવાસણા માર્ગ) ની બંને બાજુ બંધ કરાયેલા સંપર્ક માર્ગને ફરીથી ખોલવા અને ખેડૂતો માટે રસ્તો ઉપલબ્ધ કરાવવાની માંગ. કાંસા ગામ (વિસનગર-મહેસાણા રેલવે લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 15 ની નજીક સુરક્ષા દીવાલ માં જરૂરી નિકાસ માર્ગ ઉપલબ્ધ કરાવવાની માંગ.

સંસારી-નોરતા (મહેસાણા-પાટણ રેલવે લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 30C/E2 પર રોડ અંડરબ્રિજ બનાવવાની દરખાસ્ત.

તંબોડિયાપરા (ખેરાલુ) મહેસાણા-તારંગા હિલ રેલવે સેક્શન: ગામ નજીક લેવલ ક્રોસિંગ અથવા રોડ અંડરબ્રિજ ઉપલબ્ધ કરાવવાની માંગ.

આ ઉપરાંત, સંસદ સભ્ય શ્રી પટેલે રેલવે પરિયોજનાઓને કારણે બંધ થયેલા ગ્રામીણ સંપર્ક માર્ગોના કાયમી ઉકેલ, ખેડૂતોની ખેતરો સુધી સુરક્ષિત અને અવરોધ વિનાની પહોંચ સુનિશ્ચિત કરવા, વિવિધ સ્ટેશનો પર યાત્રીઓની સુવિધાઓનું વિસ્તરણ કરવા, નવી ટ્રેન સેવાઓ શરૂ કરવા અને મહત્વની ટ્રેનોને વધારાના સ્ટોપેજ આપવા સંબંધિત માંગણીઓ પણ મુખ્ય રીતે રજૂ કરી હતી.

બેઠક દરમિયાન ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશે સંસદ સભ્ય દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓને ગંભીરતાથી સાંભળ્યા અને સંબંધિત વિભાગો દ્વારા દરેક વિષયની ટેકનિકલ તપાસ તેમજ વ્યવહારિકતા (ફિઝિબિલિટી) ના આધારે જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવાની ખાતરી આપી. તેમણે જણાવ્યું હતું કે, રેલવે યાત્રીઓની સુવિધા, સુરક્ષા અને વિસ્તારના સર્વાંગી વિકાસ સાથે જોડાયેલા કાર્યોને પ્રાથમિકતા આપીને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મેમનગર SGVP ગુરુકુળની 19મી રથયાત્રાનું ભવ્ય પ્રસ્થાન

# મુખ્યમંત્રીએ ભગવાન જગન્નાથજીની પૂજા-અર્ચના અને આરતી કરી મેળવ્યા આશીર્વાદ

## ■ મેમનગર ગુરુકુળ ખાતે 'જય રણછોડ, માખણ ચોર'ના નાદ સાથે ભક્તિમય બન્યું વાતાવરણ

**અમદાવાદ, તા.15**

અષાઢી બીજના પવિત્ર પર્વ નિમિત્તે મેમનગર સ્થિત SGVP ગુરુકુળ દ્વારા આયોજિત ૧૯મી ભવ્ય રથયાત્રાનો મંગળ પ્રારંભ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરાવવામાં આવ્યો હતો.



મુખ્યમંત્રીએ આ પાવન અવસરે ભગવાન જગન્નાથજી, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીના રથો સમક્ષ શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન કરીને મહાઆરતી ઉતારી હતી. ત્યારબાદ તેમણે ઉપસ્થિત વરિષ્ઠ સંતો અને મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં ત્રણેય રથોને પ્રસ્થાન કરાવી નગરજનો માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરી હતી. શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ મંગલમય પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નાગરિકોને રથયાત્રા અને અષાઢી બીજની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. રથયાત્રાના પ્રસ્થાન સમયે ગુરુકુળ પરિસરમાં એકત્રિત થયેલા હજારો હરિભક્તો અને શ્રદ્ધાળુઓએ 'જય રણછોડ, માખણ ચોર'ના જયઘોષ સાથે સમગ્ર માહોલને આધ્યાત્મિક ઉર્જાથી ભરી દીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ ધર્મજીવનદાસજી સ્વામીના ૧૨૫મા જન્મદિન અને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, મેમનગરના સુવર્ણ જયંતી મહોત્સવના દિવ્ય ઉપક્રમે ૧૯મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં જોડાયેલા રથોને વિશેષ આધ્યાત્મિક થીમ આધારિત ઝાંખીઓથી સુશોભિત કરવામાં આવ્યા હતા.

ભગવાન જગન્નાથજીની આ રથયાત્રા મેમનગર અને તેની આસપાસના વિસ્તારોમાં અંદાજે ૭ કિલોમીટર જેટલા લાંબા રૂટ પર પરિભ્રમણ કરીને નગરજનોને દર્શનનો લાભ આપ્યા બાદ મોડી સાંજે પરત ગુરુકુળ કેમ્પસ ખાતે સંપન્ન થશે. આ દિવ્ય રથયાત્રાના પ્રસ્થાન મહોત્સવમાં સદગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, શહેર પ્રમુખ પ્રેરકભાઈ શાહ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વૉટર સપ્લાય કમિટીના ચેરમેન ધરમશીભાઈ દેસાઈ, સ્થાનિક કાઉન્સિલરઓ સહિત પૂજનીય સંતો, અગ્રણીઓ, હરિભક્તો અને વિશાળ સંખ્યામાં નગરજનો ભક્તિભાવપૂર્વક જોડાયા હતા.

# સીઆરએસ એ કટોસણ રોડ-રણુજ બ્રોડગેજ રેલવે સેક્શન પર યાત્રી ટ્રેન સેવાઓને આપી મંજૂરી

**અમદાવાદ, તા.15**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે રેલવે સંરક્ષા કમિશનર (સીઆરએસ) વેસ્ટર્ન સર્કલ, શ્રી ઈ. શ્રીનિવાસ એ કટોસણ રોડ-રણુજ બ્રૉડ ગેજ રેલવે સેક્શન પર યાત્રી રેલવે સેવાઓ સેટ કરવા માટે સંરક્ષા મંજૂરી આપી દીધી છે.

આ નવ-પરિવર્તિત બ્રૉડ ગેજ રેલવે સેક્શન કટોસણ રોડ-રણુજ ગેજ પરિવર્તન પરિયોજના (મીટર ગેજથી બ્રૉડ ગેજ) નો એક ભાગ છે, આ પ્રોજેક્ટની લંબાઈ લગભગ 63 કિમી છે. આ પરિયોજના પૂર્ણ થવાથી આ વિસ્તારના લોકોને સુરક્ષિત, ઝડપી અને આધુનિક રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું હતું કે, કટોસણ રોડ-રણુજ બ્રૉડ ગેજ રેલવે સેક્શનને રેલવે સંરક્ષા કમિશનર તરફથી યાત્રી સેવાઓનું સંચાલન કરવાની મંજૂરી મળવી એ અમદાવાદ મંડળ માટે અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધિ છે. તેમણે કહ્યું કે આ પરિયોજના આ વિસ્તારના લાખો યાત્રીઓ, ખાસ કરીને બેચરાજી, શંખલપુર અને આસપાસના વિસ્તારોના લોકો માટે સુરક્ષિત, ઝડપી અને સુવિધાજનક રેલવે યાત્રાનો નવો અધ્યાય આરંભ કરશે. પશ્ચિમ રેલવે સુરક્ષિત, વિશ્વસનીય અને આધુનિક રેલવે સેવાઓ પૂરી પાડવા માટે સતત પ્રતિબદ્ધ છે. તેમણે આ પરિયોજના સાથે જોડાયેલા તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને બાંધકામ એજન્સીઓના સામૂહિક પ્રયાસોની પ્રશંસા કરતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ રેલવે સેક્શન પર નિયમિત યાત્રી સેવાઓ ટૂંક સમયમાં શરૂ થવાથી આ વિસ્તારની કનેક્ટિવિટી, પ્રવાસન, વેપાર અને સ્થાનિક



અર્થવ્યવસ્થાને નવી ગતિ મળશે.

રેલવે સંરક્ષા કમિશનર દ્વારા આ રેલવે સેક્શનનું 9, 10 અને 11 જુલાઈ, 2026 ના રોજ વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નિરીક્ષણ દરમિયાન WAP-7 ઈલેક્ટ્રિક રેલવે એન્જિન સાથે ગતિ પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં ટ્રેને સફળતાપૂર્વક 120 કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ગતિ પ્રાપ્ત કરી હતી. નિરીક્ષણ દરમિયાન રેલવે પ્રશાસન દ્વારા રજૂ કરાયેલા તમામ સુરક્ષા પ્રમાણપત્રો, ટેકનિકલ દસ્તાવેજો અને જરૂરી રેકોર્ડ્સની તપાસ કરવામાં આવી. તમામ નિર્ધારિત ધોરણો અને કાનૂની જરૂરિયાતોને અનુરૂપ હોવાનું જણાતા, રેલવે સંરક્ષા કમિશનરે આ રેલવે સેક્શન પર જાહેર યાત્રી સેવાઓ ચલાવવાની મંજૂરી આપી દીધી. આ મંજૂરી રેલવે અધિનિયમ, 1989 ની જોગવાઈઓ અનુસાર તમામ જરૂરી સંરક્ષા ઔપચારિકતાઓ સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ આપવામાં આવી છે. મંજૂરી મુજબ મુખ્ય રેલવે લાઇન પર ટ્રેનોની મહત્તમ સેક્શનલ ગતિ 90 કિલોમીટર પ્રતિ કલાક નિર્ધારિત કરવામાં આવી છે. લેવલ ક્રોસિંગ ગેટ નંબર 99A પર હંગામી રૂપે 60 કિલોમીટર પ્રતિ કલાક અને લૂપ લાઈનો પર 15 કિલોમીટર પ્રતિ કલાક ની ગતિ મર્યાદા લાગુ રહેશે. રેલવે સંરક્ષા કમિશનર દ્વારા આ મંજૂરી વિવિધ ટેકનિકલ અને ઓપરેશનલ શરતોને આધીન આપવામાં આવી છે. જેમાં સિવિલ એન્જિનિયરિંગ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન, ઈલેક્ટ્રિકલ તેમજ યાત્રીઓની સુવિધાઓને લગતા નિર્ધારિત કામોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા, પૂરતા મેન્ટેનન્સ સ્ટાફની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી અને તમામ નિર્ધારિત સુરક્ષા ઉપાયોનું સંપૂર્ણ પાલન કરવાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, રેલવે સંરક્ષા કમિશનરે એવી પણ મંજૂરી આપી છે કે ભવિષ્યમાં તમામ નિર્ધારિત શરતોના સફળ પાલન, ટ્રેકના સંતોષકારક પ્રદર્શન અને પ્રિન્સિપલ ચીફ એન્જિનિયર દ્વારા જરૂરી પ્રમાણપત્ર આપ્યા બાદ આ રેલવે સેક્શનની સેક્શનલ ગતિ વધારીને 110 કિલોમીટર પ્રતિ કલાક સુધી કરી શકાશે. કટોસણ રોડ-રણુજ બ્રૉડ ગેજ રેલવે સેક્શનનું સંચાલન પશ્ચિમ રેલવેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ રેલવે સેક્શન પર યાત્રી સેવાઓ શરૂ થવાથી ઉત્તર ગુજરાત વિસ્તારની રેલવે કનેક્ટિવિટી સિસ્ટમ વધુ મજબૂત બનશે, યાત્રીઓને વધુ સારી, સુરક્ષિત અને ઝડપી રેલવે સેવાઓ ઉપલબ્ધ થશે તેમજ આ વિસ્તારના સામાજિક, ઔદ્યોગિક, પર્યટન અને આર્થિક વિકાસને નવી ગતિ મળશે.

# 51 છગ્ગા, 537 રન અને T20 ઈતિહાસનું સૌથી મોટું રન ચેઝ, ક્રિકેટની રેકોર્ડ બુક હચમચી

**નવી દિલ્હી, તા.16**

મેજર લીગ ક્રિકેટ ૨૦ cycle ના એલિમિનેટર-૧ મુકાબલામાં એક એવો ચમત્કાર જોવા મળ્યો છે જેને ક્રિકેટ જગત સદીઓ સુધી યાદ રાખશે. જો કોઈ વ્યક્તિએ મેચ શરૂ થતાં પહેલાં એવી ભવિષ્યવાણી કરી હોત કે ૨૦-૨૦ ઓવરની એક જ રમત દરમિયાન પિચ પર ૫૩૭ રનનો પહાડ ચણાઈ જશે, ચોગ્ગા-છગ્ગાની રમઝટ વચ્ચે કુલ ૫૧ ગગનચુંબી સિક્સરો લાગશે, એક જ ઈનિંગ્સમાં નહીં પણ આખી મેચમાં ત્રણ-ત્રણ બેટ્સમેનો સદી ફટકારી દેશે અને ટી૨૦ ક્રિકેટના ઈતિહાસનો સૌથી મોટો રન ચેઝ જોવા મળશે, તો કદાચ કોઈ રમતપ્રેમી આ વાત પર વિશ્વાસ ન કરત. પરંતુ ઓકલેન્ડના મેદાન પર રમાયેલા આ અવિશ્વસનીય અને રોમાંચક મુકાબલાએ ટી૨૦ ક્રિકેટ રમવાની અને જોવાની આખી વ્યાખ્યા જ બદલી નાખી છે. વોશિંગ્ટન ફ્રીડમે ક્રિકેટ જગતમાં અશક્ય લાગતા લક્ષ્યાંકને પાર પાડીને ઈતિહાસના સોનેરી અક્ષરે પોતાનું નામ નોંધાવી દીધું છે.

આ હાઈ-વોલ્ટેજ મેચમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી એમઆઈ ન્યૂયોર્કની ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૯ વિકેટના નુકસાને ૨૬૬ રનનો વિશાળ અને હિમાલય જેવો સ્કોર બોર્ડ પર મૂકી દીધો હતો. એમઆઈ ન્યૂયોર્ક તરફથી વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન નિકોલસ પૂરને મેદાનના ચારેય ખૂણે શોટ્સ ફટકારીને માત્ર ૩૧ બોલમાં મેજર લીગ ક્રિકેટના ઈતિહાસની સૌથી ફાસ્ટ સેન્ચુરી ઠોકી દીધી હતી અને કુલ ૧૦૬ રનની ઈનિંગ રમી હતી. તેમની આ તોફાની ઈનિંગમાં કેપ્ટન કીરોન પોલાર્ડે પણ બરાબરનો સાથ આપ્યો હતો અને ૨૫ બોલમાં ૬૪ રનની ધમાકેદાર ઈનિંગ રમીને પોતાના ટી૨૦ કરિયરમાં ૧૦૦૦ સિક્સર પૂરી કરવાનો એક અદ્ભુત વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. આ સિવાય ઓપનર ક્વિન્ટન ડી કોકે પણ શાનદાર અર્ધસદી ફટકારીને ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. એક સમયે ૧૩ ઓવરમાં એમઆઈ ન્યૂયોર્કનો સ્કોર ૩ વિકેટે ૨૧૧ રન હતો અને એવું લાગતું



હતું કે ટીમ ૩૦૦ રનનો આંકડો પણ વટાવી જશે, પરંતુ છેલ્લી ઓવરોમાં રચિન રવીન્દ્રએ ધારદાર બોલિંગ કરીને ૪ મહત્વની વિકેટો ઝડપી લેતા વોશિંગ્ટન ફ્રીડમે તેમને ૨૬૬ રનના સ્કોર પર રોકવામાં સફળતા મેળવી હતી.

જીતવા માટે ૨૬૭ રનના ઐતિહાસિક અને અશક્ય લાગતા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી વોશિંગ્ટન ફ્રીડમની શરૂઆત અત્યંત ખરાબ અને આંચકાજનક રહી હતી કારણ કે માત્ર ૧૦ રનના કુલ સ્કોર પર શાકિબ અલ હસને ઘાતક બોલિંગ કરીને ટીમના બંને ઓપનર બેટ્સમેનોને પેવેલિયન ભેગા કરી દીધા હતા. આ મુશ્કેલ અને ભારે દબાણવાળી પરિસ્થિતિમાં એન્ડ્રીસ ગોસ અને અનુભવી કેપ્ટન સ્ટીવ સ્મિથે મેદાન સંભાળ્યું હતું અને ત્યારબાદ જે કંઈ પણ થયું તે ક્રિકેટ ઈતિહાસમાં અમર થઈ ગયું. આ બંને દિગ્ગજોએ ત્રીજી વિકેટ માટે માત્ર ૮૯ બોલમાં ૨૪૧ રનની અણનમ અને વિસ્ફોટક ભાગીદારી કરી હતી, જે સમગ્ર પુરુષ ટી૨૦ ક્રિકેટના ઈતિહાસની સંયુક્ત રીતે બીજા નંબરની સૌથી મોટી પાર્ટનરશિપ બની ગઈ છે. અમેરિકન ખેલાડી એન્ડ્રીસ ગોસે ૫૬ બોલમાં ૧૩૨ રનની અદભુત ઈનિંગ રમી હતી અને તે મેજર લીગ ક્રિકેટમાં સદી ફટકારનાર પ્રથમ અમેરિકન બેટ્સમેન બન્યો હતો, જ્યારે બીજી તરફ કેપ્ટન સ્ટીવ સ્મિથે ૪૯ બોલમાં અણનમ ૧૧૦ રન ફટકારીને ટીમને અકલ્પનીય વિજય અપાવ્યો હતો. આ બંને બેટ્સમેનોએ માત્ર ૪૦-૪૦ બોલમાં પોતપોતાની સદી પૂરી કરી લીધી હતી અને વોશિંગ્ટન ફ્રીડમે ૧૮.૪ ઓવરમાં જ ૪ વિકેટ ગુમાવીને ૨૭૦ રન બનાવી ૬ વિકેટે આ ઐતિહાસિક મેચ જીતી લીધી હતી.

આ મેચમાં પુરુષોના ટી૨૦ ક્રિકેટ ઈતિહાસનો એક એવો અનોખો અને વિશિષ્ટ રેકોર્ડ પણ બન્યો જે આજ સુધી ક્યારેય બન્યો ન હતો, જેમાં એક જ મેચની અંદર ત્રણ અલગ-અલગ બેટ્સમેનોએ સદી ફટકારી હોય, જેમાં નિકોલસ પૂરને ૧૦૬ રન, એન્ડ્રીસ ગોસે ૧૩૨ રન અને સ્ટીવ સ્મિથે અણનમ ૧૧૦ રન બનાવ્યા હતા. આ જંગી જીત સાથે વોશિંગ્ટન ફ્રીડમે પંજાબ કિંગ્સનો સૌથી મોટો રન ચેઝ કરવાનો વર્લ્ડ રેકોર્ડ પણ તોડી નાખ્યો છે, કારણ કે આ પહેલા પંજાબ કિંગ્સે આઈપીએલ ૨૦૨૬માં દિલ્હી કેપિટલ્સ સામે ૨૬ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો અને વર્ષ ૨૦૨૪માં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ૨૬૨ રન ચેઝ કરીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આ એક જ મુકાબલાએ ક્રિકેટ જગતમાં રેકોર્ડ્સની સુનામી લાવી દીધી છે, જેમાં એક મેચમાં બંને ટીમોનો સંયુક્ત સ્કોર ૫૩૭ રન સુધી પહોંચ્યો હતો અને ટી૨૦ ફોર્મેટમાં રન ચેઝની સીમાઓને એક નવા જ સ્તરે પહોંચાડી દીધી છે.

# CSKના નવા કોચ અંગે અશ્વિનનું મોટું નિવેદન: 'જો ધોની હેડ કોચ બને તો તેનાથી શ્રેષ્ઠ વિકલ્પ બીજો કોઈ નથી'

**નવી દિલ્હી, તા.16**

ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) અને સ્ટીફન ફ્લેમિંગે પરસ્પર સહમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે. આ સાથે જ IPL ઈતિહાસના સૌથી સફળ કોચમાંથી એક એવા ફ્લેમિંગના 17 વર્ષના કાર્યકાળનો અંત આવ્યો છે. હવે ફ્રેન્ચાઈઝી નવા હેડ કોચની શોધ કરી રહી છે. આ વચ્ચે ભારતના અનુભવી ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને આ મુદ્દે પોતાની પ્રતિક્રિયા આપી છે. અશ્વિનનું માનવું છે કે, 'CSKએ હવે એક નવા યુગની શરૂઆત કરવી જોઈએ. જો કે, તેણે એમ પણ ઉમેર્યું કે જો મહેન્દ્ર સિંહ ધોની કોચિંગની જવાબદારી સંભાળવા તૈયાર થાય, તો ફ્રેન્ચાઈઝી માટે તેનાથી શ્રેષ્ઠ વિકલ્પ બીજો કોઈ નહીં હોઈ શકે.'

અશ્વિને કહ્યું કે, 'સ્ટીફન ફ્લેમિંગ અને મહેન્દ્ર સિંહ ધોનીના વિચારો એકબીજા સાથે ખૂબ મળતા આવતા હતા. ફ્લેમિંગ જાણતા હતા કે ધોની કઈ રીતે નિર્ણયો લે છે અને ધોની પણ સમજતા હતા કે ફ્લેમિંગ ટીમ માટે કેટલા મહત્વપૂર્ણ સહયોગી છે. બંનેની આ સફળ ભાગીદારી લાંબા સમય સુધી ચાલી. હવે ચેન્નાઈ સુપર કિંગ્સે



ભવિષ્યની દિશામાં આગળ વધવાની જરૂર છે.'

તેણે આગળ કહ્યું કે, 'જો ધોની હેડ કોચ બનવા માટે તૈયાર હોય તો CSK માટે તેમનાથી શ્રેષ્ઠ વિકલ્પ નહીં હોઈ શકે. પરંતુ જો એવું ન થાય, તો ટીમે એક એવા કોચની શોધ કરવી પડશે જે પોતાના દમ પર નિર્ણયો લેવા અને તેની જવાબદારી ઉઠાવવામાં સક્ષમ હોય.' અશ્વિનનું માનવું છે કે, 'જે પણ નવા હેડ કોચ બનશે, તેમના માટે પડકાર સરળ નહીં હોય. તેનું કારણ એ છે કે, મહેન્દ્ર સિંહ ધોની આજે પણ ટીમના સૌથી પ્રભાવશાળી ચહેરાઓમાંથી એક છે અને ટીમની પસંદગી સહિતના ઘણા મહત્વના નિર્ણયો પર તેમનો અભિપ્રાય ઘણો મહત્વનો રહે છે. નવા કોચ સામે શરૂઆતમાં કેટલીક અનિશ્ચિતતાઓ ચોક્કસપણે રહેશે. મહેન્દ્ર સિંહ ધોની ખૂબ મોટું નામ છે અને આજે પણ ટીમની પસંદગી સહિતની ઘણી મહત્વની ચર્ચાઓનો ભાગ રહે છે.'

સ્ટીફન ફ્લેમિંગ 2008માં IPLની પ્રથમ સીઝનમાં એક ખેલાડી તરીકે ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે જોડાયા હતા. ત્યારબાદ 2009માં તેમણે ટીમના મુખ્ય કોચનું પદ સંભાળ્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન CSKએ પાંચ IPL ખિતાબ અને બે ચેમ્પિયન્સ લીગ T20 ટ્રોફી પોતાના નામે કરી હતી. આ સિવાય ટીમે રેકોર્ડ 12 વખત પ્લેઓફમાં જગ્યા બનાવી હતી અને 10 વખત IPL ફાઈનલ રમી હતી.

# 19 વર્ષ પહેલાં જેને ખોળામાં નવડાવ્યો, હવે તેની જ સામે ફાઇનલ રમશે મેસી! ફિફા વર્લ્ડકપમાં ગજબ સંયોગ

**નવી દિલ્હી, તા.16**

ફિફા વર્લ્ડ કપ 2026નો ફાઈનલ મુકાબલો માત્ર આર્જેન્ટિના અને સ્પેન વચ્ચેની જંગ નથી, પરંતુ ફૂટબોલ ઈતિહાસની બે અલગ-અલગ પેઢીઓના મિલનની એક અદ્ભુત અને ભાવુક વાર્તા છે. રવિવારે ન્યૂજર્સીના મેટલાઈફ સ્ટેડિયમમાં જ્યારે વર્લ્ડ કપ ફાઈનલ રમાશે, ત્યારે એક તરફ 39 વર્ષના મહાન ખેલાડી લિયોનેલ મેસ્સી હશે અને બીજી તરફ 19 વર્ષનો યુવા સ્ટાર લામિન યમાલ. આ બંને ખેલાડીઓ વચ્ચે 19 વર્ષ જૂનો એક એવો કિસ્સો જોડાયેલો છે, જેના પર ફિલ્મી સ્ક્રિપ્ટની જેમ પણ વિશ્વાસ કરવો મુશ્કેલ છે.

આ કહાની ડિસેમ્બર 2007માં



શરૂ થઈ હતી. તે સમયે લિયોનેલ મેસ્સી 20 વર્ષના હતા અને બાર્સિલોના ક્લબ માટે રમીને એક ઉભરતા સિતારા તરીકે નામના મેળવી રહ્યા હતા. સ્પેનિશ અખબાર 'ડિયારિયો સ્પોર્ટ' અને યુનિસેફ(UNICEF)ના એક ચેરિટી કેલેન્ડર ફોટોશૂટ માટે મેસ્સીએ એક સ્થાનિક પરિવારના 5 મહિનાના બાળક સાથે તસવીરો ખેંચાવવાની હતી. એ માસૂમ બાળક બીજું કોઈ નહીં પણ લામિન યમાલ હતો.

ફોટોગ્રાફર જોઆન મોનફોર્ટના જણાવ્યા મુજબ, તે સમયે મેસ્સી ખૂબ જ શરમાળ હતા અને તેમને સમજાતું નહોતું કે આટલા નાના બાળકને કેવી રીતે સંભાળવો. એક વાદળી પ્લાસ્ટિકના ટબમાં બેઠેલા યમાલને મેસ્સીએ પોતાની ગોદમાં લીધો હતો. તે સમયે કોઈએ સપનામાં પણ વિચાર્યું નહોતું કે મેસ્સીની ગોદમાં રમનારું આ બાળક એક દિવસ વર્લ્ડ કપ ફાઈનલમાં તેમની સામે જ પ્રતિદ્વંદ્વી બનીને મેદાન પર ઉતરશે. વર્ષ 2024માં યમાલના પિતાએ આ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી ત્યારે તે ભારે વાયરલ થઈ હતી.

# 13 છગ્ગા, 31 બોલમાં સેન્ચુરી... IPLમાં ફ્લોપ રહેલા કેરેબિયન સ્ટાર બેટરનું તોફાની પ્રદર્શન

**નવી દિલ્હી, તા.16**

અમેરિકાની ધરતી પર રમાઈ રહેલી મેજર લીગ ક્રિકેટ (MLC) T20 ટૂર્નામેન્ટમાં કેરેબિયન બેટ્સમેનોનો પ્રચંડ વિસ્ફોટ જોવા મળ્યો છે. નૉકઆઉટ મેચના હાઈ-વોલ્ટેજ ડ્રામા વચ્ચે વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેનોએ અમેરિકાના મેદાન પર ચોગ્ગા અને છગ્ગાનો ભારે વરસાદ વરસાવ્યો હતો. આ ઐતિહાસિક મુકાબલામાં નિકોલસ પૂરને ટૂર્નામેન્ટના ઈતિહાસની સૌથી ફાસ્ટેસ્ટ સેન્ચુરી ફટકારીને સનસનાટી મચાવી દીધી હતી, જ્યારે બીજી તરફ ભૂતપૂર્વ કેપ્ટન કિરોન પોલાર્ડે T20 ક્રિકેટમાં પોતાના 1000 સિક્સર પૂરા કરીને એક અવિશ્વસનીય નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. કેરેબિયન પાવર



હિટીંગના જોરે મુંબઈ ઈન્ડિયન્સ ન્યૂયોર્કની ટીમે સ્કોરબોર્ડ પર 260 રનથી વધુનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો.

મેજર લીગ ક્રિકેટનો આ રોમાંચક એલિમિનેટર મુકાબલો MI ન્યૂયોર્ક અને વોશિંગ્ટન ફ્રીડમ વચ્ચે ખેલાયો હતો. આ મેચમાં વોશિંગ્ટનની ટીમના સુકાની સ્ટીવન સ્મિથે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, કેપ્ટન સ્મિથને સહેજ પણ અંદાજો નહીં હોય કે ન્યૂયોર્કના બેટ્સમેનો તેમની બોલિંગ લાઈન-અપના ચીરેચીરા ઉડાવી દેશે. પ્રથમ બેટિંગ કરતા MI ન્યૂયોર્કની ટીમે નિર્ધારિત ઓવરોમાં 9 વિકેટ ગુમાવીને 266 રનનો વિશાળ અને પહાડ જેવો સ્કોર બનાવ્યો હતો. ન્યૂયોર્કની ટીમને આ મજબૂત સ્થિતિમાં પહોંચાડવા પાછળ નિકોલસ પૂરન અને કિરોન પોલાર્ડનું તોફાન મુખ્ય કારણ રહ્યું હતું. ન્યૂયોર્કની ઈનિંગ્સના બીજા ઓવરના પ્રથમ બોલ પર જ જ્યારે પ્રથમ વિકેટ પડી, ત્યારે નિકોલસ પૂરન ક્રીઝ પર ઉતર્યો હતો. મેદાન પર આવતાની સાથે જ તેણે વોશિંગ્ટનના બોલરો પર આક્રમણ શરૂ કરી દીધું હતું. પૂરને માત્ર 31 બોલમાં પોતાની તોફાની સદી પૂરી કરી લીધી હતી, જે આ લીગના ઈતિહાસની સૌથી ઝડપી સદી છે.

તેણે પોતાની આ આક્રમક ઈનિંગ્સ દરમિયાન કુલ 13 ગગનચુંબી સિક્સર અને 5 ચોગ્ગા ફટકાર્યા હતા. પૂરન માત્ર 33 બોલમાં 106 રનની ધમાકેદાર ઈનિંગ્સ રમીને આઉટ થયો હતો. જ્યારે તે પેવેલિયન પરત ફર્યો ત્યારે 11.4 ઓવરમાં ટીમનો સ્કોર 183/3 રન થઈ ચૂક્યો હતો. પૂરને પોતાની તોફાની બેટિંગથી પ્રથમ 10 ઓવરમાં જ વોશિંગ્ટનની ટીમને મેચમાંથી સંપૂર્ણપણે બહાર કરી દીધી હતી.

પૂરન આઉટ થયા બાદ કેરેબિયન પાવરહાઉસ અને ટીમના સિનિયર ખેલાડી કિરોન પોલાર્ડે મોરચો સંભાળ્યો હતો. પોલાર્ડે માત્ર 25 બોલનો સામનો કરતા 1 ચોગ્ગા અને 8 આકાશી સિક્સરની મદદથી 64 રનની અત્યંત વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી.

# 'આલ્ફા'ની નિષ્ફળતા બાદ YRF સ્પાય યુનિવર્સનાં ભવિષ્ય પર પ્રશ્નાર્થ

**મુંબઈ, તા.16**

એક સમય એવો હતો જ્યારે યશરાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સ ભારતીય સિનેમાની સૌથી સફળ અને લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઈઝી માનવામાં આવતી હતી. પરંતુ 'વોર 2' (2025) અને ત્યારબાદ 'આલ્ફા'નાં બોક્સ ઓફિસ પર નિઃરાશાજનક પ્રદર્શન હવે આ યુનિવર્સના ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. જોકે ટ્રેડ નિષ્ણાતો માને છે કે યોગ્ય આયોજન અને નવી દિશા સાથે વાયઆરએફ ફરીથી મજબુત વાપસી કરી શકે છે.

આ અંગે ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શનું માનવું છે કે હવે સ્પાય યુનિવર્સને નવા અંદાજમાં રજુ કરવાની જરૂર છે. તેમણે કહ્યું, "સ્પાય યુનિવર્સને રીબૂટ કરવાની જરૂર છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે આ ફ્રેન્ચાઈઝીનો અંત આવી ગયો છે. રસ્તામાં સ્પીડ બ્રેકર આવે એટલે આપણે વાહન ચલાવવાનું બંધ કરી દઈએ એવું તો નથી." તેમણે વધુમાં ઉમેર્યું, "'એક થા ટાઈગર', 'ટાઈગર જિંદા હૈ' અને 'પઠાન' જેવી ફિલ્મો ખુબ જ મનોરંજક હતી. પરંતુ હવે દર્શકોને કંઈક નવું જોઈએ છે. ઉપરાંત 'ધુરંધર'એ ખાસ કરીને પાકિસ્તાન



આધારિત સ્પાય થ્રિલર્સને જોવાનો દૃષ્ટિકોણ જ બદલી નાખ્યો છે."

ટ્રેડ એનાલિસ્ટ અતુલ મોહનનું માનવું છે કે એકસરખા પ્લોટને કારણે દર્શકોનો રસ ઓછો થયો છે. તેમણે જણાવ્યું, "લોકોને એક્શન ફિલ્મો ગમે છે, પરંતુ જો ધ્યાનથી જુઓ તો સ્પાય યુનિવર્સની લગભગ દરેક ફિલ્મ એક જ ફોર્મ્યુલા પર આધારિત છે - દેશ જોખમમાં છે, વિલન પોતાની ઓળખ છુપાવે છે અને ઘણી વખત તે હીરોની ટીમમાંથી જ નીકળે છે."

તેમણે સુચન આપ્યું કે, "'ધુરંધર'ની જેમ નવી દિશામાં વિચારવાની જરૂર છે. જો પાકિસ્તાન આધારિત વિલન ન બતાવવો હોય તો બીજા દેશના વિરોધી પાત્રો લાવી શકાય. સૌથી મહત્વની વાત એ છે કે વાર્તા અને પ્રેઝન્ટેશનમાં નવાપણું હોવું જોઈએ." અતુલ મોહને 'આલ્ફા'નાં એક સીનનો ઉલ્લેખ કરતાં કહ્યું, "આલિયા ભટ્ટ અને શર્વરીના બિકિની સીન જેવી બાબતો ટાળવી જોઈએ. ફિલ્મને શક્ય તેટલી વાસ્તવિક બનાવવી જોઈએ." ફિલ્મ બિઝનેસ વિશ્લેષક ગિરીશ જોહર આલ્ફાની નિષ્ફળતા છતાં આશાવાદી છે. તેમણે કહ્યું, "આલ્ફાએ સ્પાય યુનિવર્સની વાર્તાને આગળ ધપાવી છે. આદિત્ય ચોપરા અને યશરાજ ફિલ્મ્સે ખુબ સમજદારીથી યુનિવર્સને વધુ વિસ્તૃત કર્યું છે."

તેમણે ફિલ્મના ક્લાઈમેક્સનો ઉલ્લેખ કરતાં કહ્યું, "અંતમાં અનિલ કપૂરનું પાત્ર આલિયા ભટ્ટ અને શર્વરીને કહે છે કે તેઓ ટાઈગર, પઠાન અને કબીર સાથે જોડાય. હવે કલ્પના કરો કે આ પાંચેય પાત્રો એક ફિલ્મમાં સાથે આવે, અથવા શાહરુખ-આલિયા કે સલમાન-આલિયાની જોડી જોવા મળે. માત્ર તેની જાહેરાત જ ભારે ઉત્સાહ પેદા કરશે. એટલે, લોકો ભલે કંઈ પણ કહે, પરંતુ લાંબા ગાળે 'આલ્ફા' સ્પાય યુનિવર્સ માટે સકારાત્મક પગલું સાબિત થઈ શકે છે." ટ્રેડ વર્તુળોમાં સામાન્ય માન્યતા એવી છે કે યશરાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સને હવે માત્ર મોટા સ્ટાર્સ નહીં, પરંતુ નવી વાર્તાઓ, અલગ પ્રકારના વિલન, વાસ્તવિક સ્પાય ડ્રામા અને તાજા અભિગમની જરૂર છે. અનેક નિષ્ણાતોનું માનવું છે કે 'પઠાન 2' આગામી વર્ષોમાં આ યુનિવર્સને ફરીથી ટોચ પર પહોંચાડવાની સૌથી મોટી તક બની શકે છે.

# 'તુંબાડ 2'માં આલિયા ભટ્ટના કાસ્ટિંગની જાહેરાત

**મુંબઈ, તા.16**

આખરે 'તુંબાડ 2'માં આલિયા ભટ્ટની એન્ટ્રીની આખરે જાહેરાત થઈ ગઈ છે. આ ફિલ્મ 2018માં આવેલી કલ્ટ ફેન્ટસી હોરર ફિલ્મની સિક્વલ છે. આ ફિલ્મમાં નવાઝુદ્દિ સિદ્દિકી પણ છે અને ફિલ્મ 3 ડિસેમ્બર, 2027ના દિવસે રિલીઝ થશે. આ સિક્વલ આદેશ પ્રસાદ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે અને સોહમ શાહ પેન સ્ટુડિયો સાથે મળીને આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે. મંગળવારે આ ફિલ્મમાં આલિયા ભટ્ટના કાસ્ટિંગની પણ જાહેરાત કરવામાં આવી છે. ફિલમ અંગે ઉત્સાહ વ્યક્ત કરતાં આલિયાએ કહ્યું કે, "મેં પહેલી વખત જોઈ ત્યારથી તુંબાડ મારા મનમાંથી ગઈ નથી. એવી ઘણી ઓછી ફિલ્મ હોય છે, જે એક એવી દુનિયા સર્જે જે તમને વાસ્તવિક લાગે સાથે જ તમે પણ તેનો ભાગ બની જાઓ, જે રિલીઝના લાંબા સમય પછી પણ લોકોની કલ્પનામાં તે વિકસતી રહે. આ જ બાબત મારી આ તકને વધુ ઉત્સાહ વધે એવી બનાવે છે."

આગળ તેણે કહ્યું, "હવે એ દુનિયાનો ભાગ બનવું મારે માટે બહુ જ ખાસ વાત છે. હું સોહમ અને નવાઝ સાથે કામ કરવા ઉત્સુક છું, બે એવા કલાકારો જેમની હું



લાંબા સમયથી પ્રશંસક રહી છું, તુંબાડ જેવી સમૃદ્ધ, રહસ્યમય અને ભુલી ન શકાય એવી વાર્તાનું પાત્ર બનવા ઉત્સુક છું. અમે સાથે મળીને જે સર્જી રહ્યાં છીએ તે દર્શકો સુધી પહોંચે તેના માટે હવે મારાથી રાહ જોવાતી નથી." એક્ટર પ્રોડ્યુસર સોહમ શાહે આલિયાના કાસ્ટિંગ વિશે કહ્યું, "તુંબાડ 2 માટે આલિયાના જોડાવાથી અમે બધાં જ બહુ ખુશ છીએ. આ પેઢીની તે સૌથી ટેલેન્ટેડ અક્ટ્રેસમાંની એક છે, તેમાં કોઈ બેમત નથી અને મને વિશ્વાસ છે કે લોકોને પણ આ ફિલ્મમાં તે કંઈક અલગ અવતારમાં જોવા મળશે."

સોહમે આગળ કહ્યું, "આપણે સૌએ તેમના ડેબ્યૂથી જ પડદા પરના તેમના અદ્ભુત અભિનયના સાક્ષી રહ્યા છીએ. આ તેમની સાથેનો મારો પ્રથમ સહયોગ છે અને હું તેમની સાથે કામ કરવા માટે ખરેખર આતુર છું. " 2018માં રિલીઝ થયેલી તુંમ્બાડનાં લોકકથા, ફૅન્ટસી અને હૉરરનું અનોખું સંયોજન રજૂ કરવા બદલ વિવેચકો તરફથી ઘણા વખાણ થયા હતા. ફિલ્મને થિયેટરમાં ફરીથી રિલીઝ કરવામાં આવ્યા બાદ નવી લોકપ્રિયતા મળી અને તે ભારતમાં સૌથી સફળ રી-રિલીઝ ફિલ્મોમાંની એક બની.

# શ્રદ્ધા કપૂરની 'ઈથા'ની રિલિઝ 28 ઑગસ્ટથી ટળી શકે છે

**મુંબઈ, તા.16**

શ્રદ્ધા કપૂરની પિરિયડ ડ્રામા 'ઈથા'ને લઈને મોટી અપડેટ સામે આવી છે. ફિલ્મનું ટીઝર 'કોકટેલ 2' સાથે જોડવામાં આવ્યું હતું અને તેને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. જોકે, હવે એવી માહિતી સામે આવી રહી છે કે ફિલ્મ તેની અગાઉ જાહેર કરાયેલી 28 ઑગસ્ટની તારીખે રિલીઝ નહીં થાય.

અહેવાલો મુજબ, નિર્માતા મેડોક ફિલ્મ્સ હાલમાં ફિલ્મને વહેલી રિલીઝ કરવી કે પછી પાછળ લઈ જવી, તે અંગે વિચાર કરી રહ્યા છે. જોકે, એક વાત લગભગ નક્કી માનવામાં આવી રહી છે કે ફિલ્મ 28 ઑગસ્ટે સિનેમાઘરોમાં નહીં આવે. આગામી થોડા દિવસોમાં નવી રિલીઝ તારીખ અંગે સત્તાવાર




જાહેરાત થવાની શક્યતા છે.

ઑગસ્ટના છેલ્લા સપ્તાહમાં એક સાથે અનેક મોટી ફિલ્મો રિલીઝ થવાની છે. શરૂઆતમાં 'ખોસલા કા ઘોસલા 2', 'ધ વિવાન', 'ઈથા' અને 'ટોક્સિક: અ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ' વચ્ચે જોરદાર બોક્સ ઓફિસ ટક્કર થવાની હતી.

પછી સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની 'ધ વીવાન'ને 28 ઑગસ્ટથી ખસેડીને 25 સપ્ટેમ્બર પર લઈ જવામાં આવી હતી. બીજી તરફ યશની ફિલ્મ 'ટોક્સિક' હવે 26 ઑગસ્ટે રિલીઝ થવાની છે.

ટ્રેડ વર્તુળોમાં ચર્ચા છે કે 'ઈથા'ના નિર્માતાઓ 'ટોક્સિક' સાથે સીધી ટક્કર ટાળવા માંગે છે. બંને ફિલ્મો મોટા પાયે કમાણી કરવાની ક્ષમતા ધરાવે છે, ખાસ કરીને મહારાષ્ટ્ર જેવા મહત્વપૂર્ણ બજારમાં બંને ફિલ્મો વચ્ચેના ક્લેશથી બિઝનેસ પર અસર પડી શકે છે. 'ઈથા'માં શ્રદ્ધા કપૂર મહારાષ્ટ્રનાં સુપ્રસિદ્ધ તમાશા કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું ડિરેક્શન 'છાવા' ફેમ લક્ષ્મણ ઉટેકરે કર્યું છે.


# આમિર ખાનના ગૌરી સાથેનાં લગ્ન બાદ ફતવો જારી, આમિરે 'લવ જેહાદ'ના આરોપોને ફગાવ્યા

**મુંબઈ, તા.16**

આમિર ખાને લાંબા સમયની મિત્ર ગૌરી સ્પ્રટ સાથે તાજેતરમાં અંગત લોકોની હાજરીમાં સિવિલ મેરેજ કર્યાં બાદ હવે એક નવો વિવાદ સામે આવ્યો છે. આ અંગેના અહેવાલો અનુસાર, એક મુસ્લિમ ધર્મગુરુએ આમિરના આંતરધર્મીય લગ્નને લઈને તેની વિરુદ્ધ ફતવો જાહેર કર્યો હોવાના અહેવાલો છે. બીજી તરફ, આમિર ખાને તેનાં લગ્નોને લઈને ઉઠેલા 'લવ જેહાદ'ના આરોપોને સ્પષ્ટ શબ્દોમાં ફગાવી દીધા છે.

ANIના અહેવાલ મુજબ, મુસ્લિમ પર્સનલ દારુલ ઈફ્તાના શાહી ચીફ મુફ્તિ મૌલાના ઈબ્રાહિમ હુસૈને કહ્યું કે તેમની શરિયતની વ્યાખ્યા મુજબ મુસ્લિમ પુરુષ માટે બિન-મુસ્લિમ મહિલા સાથે લગ્ન કરવાની મંજૂરી નથી, જ્યાં સુધી તે ઈસ્લામ સ્વીકારતી ન હોય. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં મૌલાનાએ કહ્યું હોવાનું સામે આવ્યું છે, "મુસ્લિમ મર્દ માટે ગૈર મુસ્લિમ સાથે લગ્ન કરવું હરામ છે."

તેમણે વધુમાં દાવો કર્યો કે આવા લગ્ન ઈસ્લામિક કાયદા મુજબ પાપ સમાન છે અને આ



અંગે અંતે અલ્લાહ સમક્ષ જવાબ આપવો પડશે. આમિર ખાન અને ગૌરી સ્પ્રટે 5 જુલાઈ, 2026ના રોજ મુંબઈ સ્થિત આમિરના નિવાસસ્થાને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ રજિસ્ટર મેરેજ કર્યા હતા. સમારોહમાં માત્ર પરિવારજનો અને નજીકના મિત્રો હાજર રહ્યાં હતાં. આમિર અગાઉ રીના દત્તા સાથે પરિણ્યો હતો, જેની તેને જુનૈદ ખાન અને આઈરા ખાન નામના બે સંતાનો છે. વર્ષ 2002માં બંનેનાં છૂટાછેડા થયાં હતાં. ત્યારબાદ આમિરે વર્ષ 2005માં ફિલ્મમેકર કિરણ રાવ સાથે લગ્ન કર્યાં હતાં. બંનેને સરોગસી દ્વારા પુત્ર આઝાદ રાવ ખાન થયો હતો. વર્ષ 2021માં બંનેએ અલગ થવાની જાહેરાત કરી હતી, જોકે આજે પણ તેઓ આઝાદનું કૉ-પેરેન્ટિંગ કરે છે અને વ્યાવસાયિક રીતે સાથે કામ કરે છે.

આ દરમિયાન આમિર ખાને તેનાં લગ્નોને લઈને સોશિયલ મીડિયા અને કેટલાક રાજકીય વર્તુળોમાં ઉઠેલા 'લવ જેહાદ'ના આરોપોનો પણ જવાબ આપ્યો છે. તેણે કહ્યું, "ગૌરી, કિરણ કે રીના - ત્રણેયમાંથી કોઈએ પણ પોતાનો ધર્મ બદલ્યો નથી. અમારા તમામ લગ્ન સિવિલ મેરેજ હતાં. ગૌરી હિન્દુ પણ નથી, તે ક્રિશ્ચિયન છે અને તે પણ પ્રેક્ટિસિંગ ક્રિશ્ચિયન નથી. સમય જતાં જીવન વધુ રમુજી બનતું જાય છે."

# સોનું ₹189 ઘટીને ₹1.42 લાખ પર આવ્યું: ચાંદી ₹680 વધીને ₹2.20 લાખ પ્રતિ કિલો પર પહોંચી

**નવી દિલ્હી, તા.16**

વૈશ્વિક બજારોની સીધી અસર હેઠળ ભારતીય બજારમાં આજે એટલે કે ૧૬ જુલાઈના રોજ કિંમતી ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું છે. સોનાના ભાવમાં આજે નરમાઈ રહી છે, જ્યારે ચાંદીની કિંમતોમાં ફરી એકવાર તેજીનો ચમકારો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના સત્તાવાર આંકડાઓ અનુસાર, આજે ૨૪ કેરેટ શુદ્ધ સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૧૮૯ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે તે ઘટીને ૧.૪૨ લાખ રૂપિયાની આસપાસ આવી ગયું છે. બીજી તરફ, ઔદ્યોગિક માંગમાં સતત વધારો થવાને કારણે એક કિલો ચાંદીના ભાવમાં ૬૮૦ રૂપિયાનો મોટો ઉછાળો આવ્યો છે અને તે વધીને ૨.૨૦ લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે.



આજે જુદા જુદા કેરેટ પ્રમાણે સોનાના ભાવ પર નજર કરીએ તો, શુદ્ધ ૨૪ કેરેટ સોનાની કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૧,૪૧,૭૧૩ રૂપિયા રહી છે. જ્યારે દાગીના બનાવવા માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ૨૨ કેરેટ સોનાનો ભાવ ૧,૨૯,૮૦૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ નોંધાયો છે. આ ઉપરાંત ૧૮ કેરેટ સોનાની કિંમત ૧,૦૬,૨૮૫ રૂપિયા અને ૧૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૮૨,૯૦૨ રૂપિયાના સ્તરે પહોંચી ગયો છે. દેશના મુખ્ય શહેરોમાં પણ સોનાના ભાવમાં તફાવત જોવા મળ્યો છે, જેમાં અમદાવાદ, ભોપાલ અને પટનામાં ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૪૩,૩૪૦ રૂપિયા રહ્યો છે, જ્યારે મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં સોનું ૧,૪૩,૨૯૦ રૂપિયાના સ્તરે વેચાઈ રહ્યું છે. આ સિવાય જયપુર, લખનઉ અને દિલ્હી જેવા શહેરોમાં આજના ભાવ ૧,૪૩,૪૪૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી નોંધાયા છે.

આ વર્ષે સોના અને ચાંદીના ભાવમાં અત્યાર સુધી ભારે વોલેટિલિટી જોવા મળી છે. વર્ષ ૨૦૨૬માં સોનાની કિંમતોમાં અત્યાર સુધીમાં કુલ ૯ હજાર રૂપિયાનો મોટો વધારો થયો છે. ગત વર્ષના અંતે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયાની આસપાસ હતો, જે હવે વધીને ૧.૪૨ લાખ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આની સરખામણીએ ચાંદીના ભાવમાં આ વર્ષે અત્યાર સુધીમાં ૧૦ હજાર રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, કારણ કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ચાંદી ૨.૩૦ લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે ઘટીને ૨.૨૦ લાખ રૂપિયા પર આવી ગઈ છે. ખાસ વાત એ છે કે આ જ વર્ષ દરમિયાન ૨૯ જાન્યુઆરીએ સોનાએ ૧.૭૬ લાખ રૂપિયા અને ચાંદીએ ૩.૮૬ લાખ રૂપિયા પ્રતિ કિલોનો ઓલ ટાઈમ હાઈ એટલે કે અત્યાર સુધીનો સૌથી સર્વોચ્ચ રેકોર્ડ સ્તર પણ બનાવ્યો હતો.

બજારના નિષ્ણાતોના મતે સોના અને ચાંદીના ભાવમાં હાલમાં જોવા મળી રહેલા ઘટાડા પાછળ મુખ્ય બે કારણો જવાબદાર છે. પ્રથમ કારણ એ છે કે વૈશ્વિક બજારમાં અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા મળેલા સંકેતો બાદ અમેરિકી ડોલર ઈન્ડેક્સ સતત મજબૂત થઈ રહ્યો છે. સામાન્ય રીતે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે ડોલર મજબૂત બને છે, ત્યારે સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓ પર દબાણ આવે છે અને તેના ભાવ ઘટે છે. બીજું મુખ્ય કારણ એ છે કે થોડા સમય પહેલા સોનું અને ચાંદી તેમના ઐતિહાસિક ઉચ્ચ સ્તરે પહોંચી ગયા હોવાથી મોટા રોકાણકારો અને ટ્રેડર્સે આ સ્તરે નફાવસૂલી એટલે કે પ્રોફિટ બુકિંગ શરૂ કરી દીધું છે, જેના લીધે બજારમાં કિંમતો નીચે આવી રહી છે. વર્તમાન પરિસ્થિતિને જોતા કોમોડિટી માર્કેટના એક્સપર્ટ અજય કેડિયાનું માનવું છે કે સોના અને ચાંદીના ભાવ તેમના ઓલ ટાઈમ હાઈ સ્તરથી ઘણા નીચે આવી ચૂક્યા છે, તેથી લાંબા ગાળાના રોકાણકારો માટે આ ખરીદીની ખૂબ જ સારી તક હોઈ શકે છે. જોકે, તેમણે રોકાણકારોને એક સલાહ પણ આપી છે કે આ સમયે સોના-ચાંદીમાં એકસાથે બધી મૂડી રોકવાનું ટાળવું જોઈએ અને સિસ્ટમેટિક રીતે ટુકડે-ટુકડે રોકાણ કરવું જોઈએ. તેમના અંદાજ મુજબ વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર ૧.૬૦ લાખ રૂપિયા અને ચાંદી ૨.૮૦ લાખ રૂપિયા પ્રતિ કિલોના સ્તરને સ્પર્શી શકે છે.

સામાન્ય ગ્રાહકો માટે જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. ગ્રાહકોએ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડનો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદવું જોઈએ, જેથી સોનાની શુદ્ધતાની સાચી ખબર પડી શકે. આ ઉપરાંત ખરીદીના દિવસે સોનાનું સાચું વજન અને તે દિવસના સત્તાવાર ભાવો ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ પરથી ચોક્કસપણે ક્રોસ ચેક કરી લેવા જોઈએ, કારણ કે ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ સોનાના ભાવમાં મોટો તફાવત હોય છે. તેવી જ રીતે બજારમાં અસલી ચાંદીની ઓળખ કરવા માટે પણ કેટલીક સરળ રીતો છે.

# સેન્સેક્સ ફ્લેટ બંધ, 77186 પર આવ્યો: નિફ્ટી 5 અંક ઘટીને 24072ના સ્તરે, રિયલ્ટી શેર્સ સૌથી વધુ ઘટ્યા

**નવી દિલ્હી, તા.16**

ભારતીય શેરબજાર માટે આજનો ટ્રેડિંગ દિવસ ભારે ઉતાર-ચઢાવથી ભરેલો રહ્યો હતો. ૧૬ જુલાઈના રોજ બજારમાં સવારથી જ ભારે વોલેટિલિટી જોવા મળી હતી અને આખો દિવસ ઈન્ડેક્સ લાલ અને લીલા નિશાન વચ્ચે અથડાતો રહ્યો હતો. આખરે કારોબારના અંતે બજાર બિલકુલ ફ્લેટ એટલે કે કોઈ મોટા ફેરફાર વગર બંધ થયું હતું. આજના ટ્રેડિંગ સેશનમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સંવેદનશીલ ઈન્ડેક્સ સેન્સેક્સ માત્ર ૧ અંકના મામૂલી વધારા સાથે ૭૭,૧૮૬ના સ્તર પર સ્થિર બંધ રહ્યો હતો. બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ પણ ખરીદારો અને વેચનારાઓ વચ્ચેની ખેંચતાણ વચ્ચે ૫ અંકના નજીવા ઘટાડા સાથે ૨૪,૦૭૨ના સ્તર પર આવીને અટક્યો હતો. આજના કારોબારમાં સૌથી વધુ નુકસાન રિયલ્ટી સેક્ટરના શેરોને થયું હતું, જ્યાં રોકાણકારોએ મોટા પાયે પ્રોફિટ બુકિંગ કરતા રિયલ્ટી ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ રહ્યો હતો. આ પહેલાના ટ્રેડિંગ દિવસ એટલે કે ૧૫ જુલાઈના રોજ બજારનું ચિત્ર તદ્દન અલગ હતું. બુધવારે સ્થાનિક બજારમાં શાનદાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો, જેમાં સેન્સેક્સ ૧૩૦ પોઈન્ટના મજબૂત ઉછાળા સાથે ૭૭,૧૮૫ના



મથાળે બંધ થવામાં સફળ રહ્યો હતો. તે જ દિવસે નિફ્ટી પણ ૨૬ પોઈન્ટ વધીને ૨૪,૦૭૯ના સ્તરે બંધ થયો હતો. જોકે, ગઈકાલની આ તેજી બાદ આજે રોકાણકારોએ ઊંચા સ્તરે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું અને બજારમાં શરૂઆતથી જ દબાણ જોવા મળ્યું હતું. વૈશ્વિક બજારોની વાત કરીએ તો આજે એશિયન માર્કેટમાં ખૂબ જ મિશ્ર વાતાવરણ જોવા મળ્યું હતું. દક્ષિણ કોરિયાના કોસ્પી ઈન્ડેક્સમાં આજે ૬.૨૫ ટકાનો મોટો કડાકો બોલાયો હતો અને તે આશરે ૪૫૫ પોઈન્ટ તૂટીને ૬,૮૨૭ ના સ્તર પર બંધ રહ્યો હતો. જાપાનના નિકેઈ ઈન્ડેક્સમાં પણ ભારે વેચવાલી નોંધાઈ હતી, જે ૨.૮૪ ટકા અથવા ૧,૭૩૬ પોઈન્ટ ગબડીને ૬૬,૭૯૭ના સ્તરે આવી ગયો હતો. જોકે આ ઘટાડાની સામે હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં તેજી જોવા મળી હતી, જે ૧.૮૪ ટકા અથવા ૪૨૦ પોઈન્ટના વધારા સાથે ૨૫,૧૦૧ ના સ્તરે બંધ રહ્યો હતો. આ અગાઉ અમેરિકી શેરબજારમાં ૧૫ જુલાઈના રોજ જોરદાર તેજી નોંધાઈ હતી. ત્યાં ડાઉ જોન્સ ઈન્ડેક્સ આશરે ૧૫૦ પોઈન્ટ વધીને ૫૨,૬૫૯ પર બંધ થયો હતો, જ્યારે ટેકનોલોજી આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ ૧૬૨ પોઈન્ટના વધારા સાથે ૨૬,૨૬૯ પર અને એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સ ૨૯ પોઈન્ટ વધીને ૭,૫૭૨ ના સ્તરે બંધ રહ્યો હતો. વૈશ્વિક બજારોની આ મિશ્ર અસરો ભારતીય બજાર પર પણ સ્પષ્ટ વર્તાઈ રહી હતી.

આ બધાની વચ્ચે ભારતીય શેરબજારને સ્થાનિક સંસ્થાગત રોકાણકારો એટલે કે ડીઆઈઆઈ તરફથી ખૂબ જ મજબૂત ટેકો મળી રહ્યો છે. છેલ્લા સાત દિવસના આંકડા દર્શાવે છે કે સ્થાનિક રોકાણકારોએ બજારમાંથી શેર ખરીદવામાં ભારે ઉત્સાહ દાખવ્યો છે અને આ સમયગાળા દરમિયાન કુલ ૯,૧૭૭ કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરી છે. માત્ર આજના એક જ દિવસમાં સ્થાનિક સંસ્થાઓએ બજારમાં ૨,૯૨૮ કરોડ રૂપિયાનું નવું ભંડોળ ઠાલવ્યું છે, જ્યારે છેલ્લા ૩૦ દિવસનો તેમનો કુલ ખરીદીનો આંકડો ૪૧,૦૨૮ કરોડ રૂપિયા જેટલો મોટો રહ્યો છે. આની સરખામણીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એટલે કે એફઆઈઆઈ સતત વેચવાલીના મોડમાં જોવા મળી રહ્યા છે.

# ડીઝલ-ATF પર એક્સપોર્ટ ડ્યુટી વધી, પેટ્રોલ પર ઘટી: દેશમાં ફ્યુઅલની અછત રોકવા માટે નિર્ણય લેવાયો

**નવી દિલ્હી, તા.16**

કેન્દ્ર સરકાર દ્વારા દેશની આર્થિક સ્થિતિ અને વૈશ્વિક ઉર્જા સંકટને ધ્યાનમાં રાખીને ઈંધણની નિકાસના નિયમોમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. સરકારના આ નવા નિર્ણય હેઠળ ડીઝલ અને વિમાન ઈંધણ એટલે કે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) ના નિકાસ (એક્સપોર્ટ) પર લાગતી ડ્યુટીમાં મોટો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે, જ્યારે બીજી તરફ પેટ્રોલ નિકાસકારોને આંશિક રાહત આપતા તેના એક્સપોર્ટ પર લાગતા ટેક્સમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવાયો છે. આ નવા સંશોધિત દરો અનુસાર, ડીઝલના એક્સપોર્ટ પર વસૂલવામાં આવતી ડ્યુટી અગાઉના પ્રતિ લિટર ૮.૫૦ રૂપિયાથી સીધી વધારીને ૧૫.૫૦ રૂપિયા પ્રતિ લિટર કરી દેવામાં આવી છે, જેનો અર્થ એ થાય કે ડીઝલની નિકાસ પર સીધો પ્રતિ લિટર ૭ રૂપિયાનો મોટો વધારો ઝીંકાયો છે. આ જ પ્રમાણે વૈશ્વિક સ્તરે એરોપ્લેનમાં વપરાતા વિમાનના ઈંધણ એટલે કે ATF પર પણ નિકાસ ડ્યુટી અગાઉના દર ૭.૫૦ રૂપિયાથી વધારીને ૧૪.૫૦ રૂપિયા પ્રતિ લિટર નિર્ધારિત કરવામાં આવી છે. જોકે, પેટ્રોલના નિકાસકારોને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક રહેવા માટે



સરકારે થોડી રાહત આપી છે અને પેટ્રોલ પર લાગતી એક્સપોર્ટ ડ્યુટીને ૪ રૂપિયાથી ઘટાડીને ૨.૫૦ રૂપિયા પ્રતિ લિટર કરી દીધી છે. ઈંધણના આ તમામ સંશોધિત અને નવા ભાવ ૧૬ જુલાઈ ૨૦૨૬થી સમગ્ર દેશમાં સત્તાવાર રીતે લાગુ કરી દેવામાં આવ્યા છે.

સરકારના આ મહત્વકાંક્ષી વહીવટી નિર્ણય પાછળનો મુખ્ય તર્ક એ છે કે વર્તમાન સમયમાં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના સંકટને જોતા ભારત દેશની અંદર પેટ્રોલિયમ પેદાશોની કોઈ અછત ઊભી ન થાય. સરકાર ઈચ્છે છે કે સ્થાનિક રિફાઈનરીઓ અને ખાનગી તેલ કંપનીઓ માત્ર વધુ નફો કમાવવાની લાલચે દેશના ઘરેલું બજારને અવગણીને વિદેશી બજારોમાં વધુ પડતું તેલ વેચવાનું પસંદ ન કરે. આ વ્યૂહાત્મક સંતુલન જાળવી રાખવા માટે સરકાર દ્વારા દર ૧૫ દિવસે આંતરરાષ્ટ્રીય માર્કેટની સ્થિતિનું મૂલ્યાંકન કરીને ટેક્સ અને ડ્યુટીના દરોની સતત સમીક્ષા કરવામાં આવે છે. નાણા મંત્રાલયે આ અંગે વધુ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે આ વર્ષે ૨૭ માર્ચના રોજ સરકારે ઘરેલું બજારમાં ઈંધણની પર્યાપ્ત અને અવિરત ઉપલબ્ધતા જાળવી રાખવાના ઉદ્દેશ્યથી વિશેષ વધારાની એક્સાઈઝ ડ્યુટી (SAED) અને રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ (RIC) ના સ્વરૂપમાં આ ખાસ ટેક્સ લેવાની શરૂઆત કરી હતી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને યુદ્ધ જેવા સંકટોને કારણે વૈશ્વિક સ્તરે ઉર્જા બજારમાં અસ્થિરતા ઊભી થઈ છે, ત્યારે ભારતીય કંપનીઓ પોતાના નફાના સ્કેલને વધારવા માટે દેશની જરૂરિયાતોને બાજુ પર મૂકીને બહાર વધુ જથ્થો ન મોકલે તે સુનિશ્ચિત કરવા આ કડક આર્થિક પગલું ભરવામાં આવ્યું છે. મંત્રાલયના ઉચ્ચ સત્તાવાર અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ, પેટ્રોલ, ડીઝલ અને વિમાન ઈંધણની સરેરાશ કિંમતોમાં થતી દૈનિક વધઘટના આધારે દર પખવાડિયે આ ડ્યુટી દરોનું પુનઃ મૂલ્યાંકન કરવામાં આવે છે.

# IRCTCની નવી ટિકિટ બુકિંગ વેબસાઈટ લોન્ચ: બધી ક્લાસની સીટો એકસાથે દેખાશે, ફાસ્ટર ચેકઆઉટ' ફીચર મળશે

**નવી દિલ્હી, તા.16**

ભારતીય રેલવેની સફર કરનારા કરોડો મુસાફરો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતના સમાચાર સામે આવ્યા છે. રેલવે પ્રવાસીઓ માટે ટિકિટ બુકિંગની પ્રક્રિયાને વધુ ઝડપી, સરળ અને આધુનિક બનાવવાના હેતુથી ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) દ્વારા પોતાની સત્તાવાર વેબસાઈટનું એક સંપૂર્ણ નવું અને અપગ્રેડેડ વર્ઝન લોન્ચ કરી દેવામાં આવ્યું છે. આ નવીનતમ બીટા વર્ઝનની સેવાઓ ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ રાત્રે ૯ વાગ્યાથી સત્તાવાર રીતે પ્રવાસીઓ માટે લાઈવ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગયા મહિને જયપુર ખાતે આવેલી માલવીય રાષ્ટ્રીય પ્રૌદ્યોગિકી સંસ્થાન (MNIT)ની મુલાકાત દરમિયાન દેશના રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે વિદ્યાર્થીઓ સાથેની એક ખાસ વાતચીતમાં જાહેરાત કરી હતી કે ૧૫ જુલાઈ સુધીમાં મુસાફરોની સેવામાં આ નવું પોર્ટલ રજૂ કરવામાં આવશે, અને આપેલા વચન મુજબ જ આ મહત્વપૂર્ણ ડિજિટલ સુધારો સમયસર અમલમાં મૂકી દેવાયો છે. નવા પ્લેટફોર્મની રચના એવી રીતે કરવામાં આવી છે કે જેથી સામાન્યમાં સામાન્ય મુસાફર પણ વગર કોઈ મુશ્કેલીએ અને ઝડપથી ટિકિટ બુક કરી શકે. સામાન્ય રીતે જૂની વેબસાઈટ પર લોગિન કરતી વખતે અથવા પેમેન્ટના અંતિમ તબક્કામાં મુસાફરોને હેરાન કરતા અને અસ્પષ્ટ અક્ષરોવાળા કેપ્ચાનો સામનો કરવો પડતો હતો, પરંતુ હવે સ્માર્ટ કેપ્ચા સિસ્ટમ દાખલ થવાથી તે માથાનો દુખાવો કાયમ માટે દૂર થઈ ગયો છે. આ સિવાય વેબસાઈટ પર વારંવાર આવતા બિનજરૂરી પોપ-અપ મેસેજ, ચમકતા ગ્રાફિક્સ અને પ્રવાસીઓનું ધ્યાન ભટકાવતા વિજ્ઞાપનના બિનજરૂરી એલિમેન્ટ્સને સંપૂર્ણપણે હટાવીને સમગ્ર ઈન્ટરફેસને એકદમ સાફ-સુથરો અને પ્રવાસી-અનુકૂળ બનાવવામાં આવ્યો છે.

આ અપગ્રેડથી સીટોની ઉપલબ્ધતા જાણવી પણ પહેલા કરતાં ઘણી સરળ બની ગઈ છે. અગાઉના સમયમાં મુસાફરોને સ્લીપર, થર્ડ એસી અને સેકન્ડ એસી જેવા અલગ-અલગ ક્લાસ માટે વારંવાર અને અલગ-અલગ સર્ચ કરવું પડતું હતું, પરંતુ હવે સ્ક્રીન પર તમામ ટ્રેનની તમામ કેટેગરીની ખાલી સીટોની માહિતી એકસાથે અને એક જ નજરમાં જોઈ શકાશે. આ માત્ર સામાન્ય બાહ્ય બદલાવ નથી પણ



મુસાફરોનો કિંમતી સમય બચાવવાનો એક મોટો ટેકનિકલ પ્રયાસ છે. વેબસાઈટ પર હવે ફાસ્ટર ચેકઆઉટનું નવું ફીચર લાવવામાં આવ્યું છે, જે ટિકિટ બુકિંગના સ્ટેપ્સને નોંધપાત્ર રીતે ઘટાડી દે છે. પહેલા મુસાફરે પેમેન્ટ પૂર્વે જે લાંબી અને જટિલ પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું તે હવે માત્ર ગણતરીના ક્લિક્સમાં પૂર્ણ થઈ જશે, જેના કારણે તત્કાલ બુકિંગના સમયે પણ લોકોને મોટી રાહત મળશે. તેની સાથે જ વારંવાર મુસાફરી કરતા નોકરિયાત વર્ગ અથવા વેપારીઓ માટે 'ઈઝીઅર રિપીટ બુકિંગ' નામની વિશેષ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. આ સુવિધા હેઠળ નિયમિત પ્રવાસ કરનારા પ્રવાસીઓ અને તેમના પરિવારજનોની ઉંમર, નામ અને ઓળખ જેવી તમામ વિગતો સિસ્ટમમાં સુરક્ષિત રીતે સેવ રહેશે, જેથી દર વખતે ટિકિટ બુક કરતી વખતે આવી સામાન્ય વિગતો વારંવાર ટાઈપ કરવાનો કંટાળો નહીં આવે અને ટિકિટો મિનિટોમાં બુક થઈ જશે. જો તમે પણ આ નવિનતમ સુવિધાનો જાતે અનુભવ કરવા ઈચ્છતા હોવ તો IRCTCની લિંક https://www.irctc.co.in/eticket/ પર જઈને આ નવા પોર્ટલનો ઉપયોગ શરૂ કરી શકો છો. આ ઉપરાંત જે મુસાફરો જૂની વેબસાઈટના હોમપેજ પર જશે તેમને પણ નવી બીટા વેબસાઈટ પર સીધા રિડાયરેક્ટ થવા માટે મુખ્ય સ્ક્રીન પર જ એક ખાસ લિંક ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. વર્ષ ૨૦૦૨માં ખૂબ જ મર્યાદિત ક્ષમતા સાથે શરૂ થયેલી આ વેબસાઈટ આજે દેશનું સૌથી મોટું અને વ્યસ્ત ટિકિટિંગ હબ બની ચૂકી છે. શરૂઆતના વર્ષોમાં આ પ્લેટફોર્મ પર ખૂબ ઓછો ટ્રાફિક રહેતો હતો, પરંતુ આજે ટેકનોલોજીના પ્રસાર વચ્ચે દરરોજ સરેરાશ ૧૪.૫ લાખ જેટલી ટિકિટો આ એક જ વેબસાઈટ પરથી બુક થઈ રહી છે. આટલા વિશાળ મુસાફર વર્ગના અવિરત ટ્રાફિકને કોઈપણ પ્રકારના લેગ અથવા સર્વર ડાઉનની સમસ્યા વિના સંભાળવા માટે આખા પ્લેટફોર્મના ટેકનિકલ માળખાને બેકએન્ડથી અપગ્રેડ કરવું અનિવાર્ય બની ગયું હતું.

રેલવે તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કામગીરી માત્ર દેખાવ પૂરતી સીમિત નથી, પરંતુ તેની પાછળ એક મોટો વહીવટી અને ટેકનિકલ બદલાવ રહેલો છે. રેલવે પ્રશાસન દાયકાઓ જૂના પેસેન્જર રિઝર્વેશન એન્જિનને પણ સમાંતર રીતે અપગ્રેડ કરી રહ્યું છે. આ આખી પ્રક્રિયામાં સૌથી મોટો પડકાર એ હતો કે આટલા મોટા પાયે બેકએન્ડ સિસ્ટમ બદલતી વખતે ઓનલાઈન ટિકિટિંગ સેવાને એક મિનિટ માટે પણ બંધ રાખી શકાય તેમ નહોતી. ચાલુ સિસ્ટમની સાથે જ બેકએન્ડમાં આ કામગીરી કરવી એ ટેકનિકલ ટીમ માટે અત્યંત પડકારજનક કામ હતું. રેલવે વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આગામી કેટલાક અઠવાડિયા સુધી મુસાફરો પાસેથી આ બીટા વર્ઝન અંગેનો પ્રતિભાવ મેળવવામાં આવશે. આ પ્રતિસાદો અને નવી બેકએન્ડ સિસ્ટમનું જોડાણ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં જ નવું અપગ્રેડેડ IRCTC પોર્ટલ સત્તાવાર રીતે કાયમી ધોરણે તમામ ગ્રાહકો માટે શરૂ કરી દેવાશે, ત્યાં સુધી પ્રવાસીઓ બીટા વર્ઝનની સાથે-સાથે જૂની વેબસાઈટ પરથી પણ સરળતાથી પોતાની મુસાફરીનું બુકિંગ ચાલુ રાખી શકશે.

# ઈન્સ્ટાગ્રામ પર નકલી કોપીરાઈટ સ્ટ્રાઈકનો ખેલ: એડિટ ફીચરથી પોસ્ટ બેકડેટેડ કરવામાં આવી રહી છે, દિલ્હી હાઈકોર્ટ પહોંચ્યા બે ડિજિટલ ક્રિએટર્સ

**નવી દિલ્હી, તા.16**

ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના વર્તમાન યુગમાં ડિજિટલ કન્ટેન્ટ ક્રિએશન આજે લાખો લોકો માટે માત્ર શોખ નથી પરંતુ કમાણી અને કારકિર્દીનું એક અત્યંત મહત્વપૂર્ણ સાધન બની ગયું છે, પરંતુ આ જ ચળકતા ડિજિટલ વિશ્વમાં હવે એક એવું ભયાનક અને ચોંકાવનારું કૌભાંડ સામે આવ્યું છે જેણે કન્ટેન્ટ ક્રિએટર્સની ઊંઘ હરામ કરી દીધી છે. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા વૈશ્વિક પ્લેટફોર્મની માલિકી ધરાવતી કંપની મેટાની પોતાની કોપીરાઈટ સુરક્ષા પ્રણાલીમાં રહેલી ટેકનિકલ ખામીઓનો દુરુપયોગ કરીને મૂળ અને ઓરિજિનલ કન્ટેન્ટ બનાવનારા ભારતીય ક્રિએટર્સને ખૂબ જ શાતિરતાથી નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ આખા કૌભાંડમાં કેટલાક અજાણ્યા અને ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વો ફેસબુક પર આપવામાં આવેલા પબ્લિશ પોસ્ટના 'એડિટ' ફીચરનો દુરુપયોગ કરે છે, જેના દ્વારા તેઓ પોતાની જૂની પોસ્ટની તારીખને પાછળની તારીખમાં એટલે કે બેકડેટેડ કરી દે છે અને ત્યારબાદ નકલી દસ્તાવેજો તથા પ્લેટફોર્મની સુરક્ષા નબળાઈનો સહારો લઈને મૂળ સર્જકોના સાચા અને અસલી વીડિયો પર નકલી કોપીરાઈટ સ્ટ્રાઈક મોકલીને બ્લેકમેઈલિંગ અને નાણાકીય ઉઘરાણીની ગંદી રમત રમી રહ્યા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ અને પ્લેટફોર્મના ખુલ્લા દુરુપયોગ વિરુદ્ધ દેશના બે અત્યંત લોકપ્રિય અને લાખો ફોલોઅર્સ ધરાવતા ડિજિટલ ક્રિએટર્સ પુષ્કર રાજ ઠાકુર અને નીરજ જોશીએ અવાજ ઉઠાવ્યો છે અને પોતાની વર્ષોની મહેનતથી ઉભા કરેલા સામ્રાજ્ય તેમજ બૌદ્ધિક સંપદાની રક્ષા કરવા માટે દિલ્હી હાઈકોર્ટના દ્વાર khખડાવીને મેટા કંપની વિરુદ્ધ અલગ-અલગ સિવિલ કોમર્શિયલ સૂટ ફાઈલ કરીને ન્યાયની ગુહાર લગાવી છે. આ બંને પ્રખ્યાત ક્રિએટર્સે દિલ્હી હાઈકોર્ટ સમક્ષ રજૂ કરેલી અરજીઓમાં અત્યંત ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે આ નકલી કોપીરાઈટ સ્ટ્રાઈક સિસ્ટમનો ઉપયોગ હેકર્સ દ્વારા તેમને માનસિક રીતે હેરાન કરવા અને છેવટે મોટી રકમ પડાવવા માટે એક પાવરફુલ હથિયાર તરીકે થઈ રહ્યો છે જેના કારણે તેમના વેરિફાઈડ એકાઉન્ટ્સ હંમેશા માટે બંધ થઈ જવાનો મોટો



ખતરો ઊભો થયો છે. ક્રિએટર્સે મેટાની આપમેળે કામ કરતી ઓટોમેટેડ સિસ્ટમ પર સવાલો ઉઠાવતા કોર્ટને જણાવ્યું છે કે આ રોબોટિક પ્રણાલી કોઈપણ ઊંડાણપૂર્વકની માનવીય તપાસ કે પુરાવા વગર ફરિયાદો પર એક્શન લઈ લે છે અને તે એ પણ ચેક નથી કરતી કે વીડિયો ખરેખર કોણે બનાવ્યો છે, તેનો વાસ્તવિક અપલોડિંગ સમય કયો છે અને શું તેની કોઈ એડિટ હિસ્ટ્રી છે કે નહીં. આ ટેકનિકલ બેદરકારીના લીધે પુષ્કર રાજ ઠાકુરના ડઝનબંધ ઓરિજિનલ વીડિયો પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવ્યા છે અને નવાઈની વાત એ છે કે અસલી માલિક હોવા છતાં મેટાએ તેમને બૌદ્ધિક સંપદાની રક્ષા કરતા 'રાઈટ્સ મેનેજર' ટૂલનો એક્સેસ આપવાનો ઈનકાર કર્યો હતો, જ્યારે બીજી તરફ ડિજિટલ છેતરપિંડી કરનારા તત્વો આ જ સુવિધાનો બેરોકટોક દુરુપયોગ કરીને તેમની વિરુદ્ધ સતત નકલી ફરિયાદો મોકલી રહ્યા છે.

આ ચકચારી મામલામાં ડિજિટલ ક્રિએટર નીરજ જોષીની અરજી પર જસ્ટિસ જ્યોતિ સિંહની અદાલતમાં થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે મેટા કંપનીના તે લેખિત નિવેદનને રેકોર્ડ પર લીધું હતું જેમાં કંપનીએ બાંહેધરી આપી છે કે જો નીરજ જોષીનું વેરિફાઈડ એકાઉન્ટ હજી સુધી કાયમી ધોરણે બંધ નથી થયું, તો તેઓ આ આખા ષડયંત્રના આરોપોની તપાસ કરશે અને તેમના પ્રોફાઈલને સંપૂર્ણપણે સુરક્ષિત રાખશે, તેની સાથે જ કોર્ટે કંપનીને આદેશ આપ્યો છે કે તેઓ ત્રણ સપ્તાહની અંદર નીરજ જોષીને તેમના એકાઉન્ટ સાથે છેડછાડ કરનારા શંકાસ્પદ લોકોની બેઝિક સબસ્ક્રાઈબર ઈન્ફોર્મેશન અને આઈપી લોગની વિગતો પૂરી પાડે જેથી ગુનેગારોની સાચી ઓળખ કરી શકાય. બીજી તરફ, જસ્ટિસ તુષાર રાવ ગેડેલા અને ત્યારબાદ જસ્ટિસ અનૂપ જયરામ ભંભાણી સમક્ષ રજૂ થયેલી પુષ્કર રાજ ઠાકુરની અરજી પર સુનાવણી દરમિયાન મેટા કંપનીએ કોર્ટને ખાતરી આપી છે કે આગામી સુનાવણી સુધી ઠાકુરના કન્ટેન્ટને કોઈ નકલી સ્ટ્રાઈકના આધારે હટાવવામાં નહીં આવે અને તેમનું એકાઉન્ટ પણ બંધ નહીં કરાય, તેમજ ઠાકુર જેવી રીતે હટાવવામાં આવેલા વીડિયોના યુઆરએલ આપશે કે તુરંત જ તે તમામ વીડિયો પ્લેટફોર્મ પર રિસ્ટોર કરી દેવામાં આવશે. પોતાની બ્રાન્ડ વેલ્યુ, સ્પોન્સર્સ અને મોનેટાઈઝેશન ગુમાવવાના કારણે થયેલા ભારે આર્થિક નુકસાનના બદલામાં પુષ્કર રાજ ઠાકુરે મેટા કંપની અને તે અજ્ઞાત છેતરપિંડી કરનારાઓ પાસેથી આશરે બે કરોડ રૂપિયાના વળતરની માંગણી કરી છે અને સાથે જ મેટાની સિસ્ટમમાં કેવાયસી વેરિફિકેશન, ટાઈમસ્ટેમ્પ પ્રોટેક્શન અને મજબૂત એન્ટી-મેનિપ્યુલેશન પ્રોટોકોલ લાગુ કરવાની માંગણી પણ કરી છે. આ પ્રકારના કિસ્સાઓએ સમગ્ર ઓનલાઈન કમ્યુનિટીમાં ચિંતા વધારી દીધી છે કારણ કે ઓરિજિનલ કન્ટેન્ટ બચાવવા માટે બનેલી સિસ્ટમનો જ ઉપયોગ હવે ખરેખર અસલી સર્જકોને નુકસાન પહોંચાડવા અને તેમની વર્ષોની મહેનતને બરબાદ કરવા માટે થઈ રહ્યો છે.

# કેલિબર માઈનિંગ એન્ડ લોજિસ્ટિક્સ લિમિટેડનો IPO 17 જુલાઈએ ખુલશે: પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર રૂ.402-424 નક્કી કરવામાં આવી

**નવી દિલ્હી, તા.16**

કેલિબર માઈનિંગ એન્ડ લોજિસ્ટિક્સ લિમિટેડ (અગાઉ કેલિબર મર્કેન્ટાઈલ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) એ તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. 10ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શૅર માટે રૂ.402 થી રૂ.424 ની કિંમત બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર (IPO) શુક્રવાર, 17 જુલાઈ, 2026 ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખૂલશે અને મંગળવાર, 21 જુલાઈ, 2026 ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 35 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 35 ઈક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે. આજની તારીખ 10 રૂપિયાની મૂળ કિંમત ધરાવતા 5,59,41,823 ઈક્વિટી શેર બાકી છે. 10 રૂપિયાની મૂળ કિંમત ધરાવતી આ ઓફરમાં રૂ.40,000 લાખ સુધીનો નવો ઈશ્યૂ અને પ્રમોટર્સ - મોહિત સતીશકુમાર ચઢ્ઢા, અનુજ કૃષ્ણલાલ ચઢ્ઢા, મનીષ કૃષ્ણલાલ ચઢ્ઢા અને રાહુલ રોશનલાલ ચઢ્ઢા દ્વારા રૂ.5,000 લાખ સુધીની ઓફર-ફોર-સેલનો સમાવેશ થાય છે.

રૂ.20,800 લાખના તેના નવા ઈશ્યુમાંથી મળનારી રકમનો ઉપયોગ કંપની દ્વારા લેવામાં આવેલા ચોક્કસ ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી/પૂર્વચુકવણી માટે,



રૂ.16,700 લાખ વાણિજ્યિક વાહનો, પ્લાન્ટ અને મશીનરી ખરીદવા માટેના મૂડી ખર્ચ માટે અને બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવશે. કંપનીએ બુક-રનિંગ લીડ મેનેજર સાથે પરામર્શ કરીને રૂ.10,000 લાખ સુધીનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કરી લીધું છે. આ ઓફર બુક-બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે, જેમાં ચોખ્ખી ઓફરનો 50% હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશલ ખરીદદારોને અને ચોખ્ખી ઓફરનો 15% અને 35% થી ઓછો હિસ્સો અનુક્રમે બિન-સંસ્થાકીય રોકાણકાર અને રિટેલ રોકાણકારોને ફાળવવમાં આવશે.

2014 માં સ્થાપિત, કંપની એક ખાણકામ ઓપરેટર છે, જે એક સંકલિત સેવા પ્રદાતા તરીકે ઓવરબર્ડન દૂર કરવા, કોલસા કાઢવા અને કોલસા લોજિસ્ટિક્સનું સંચાલન કરે છે. 30 એપ્રિલ, 2026 સુધીમાં, તેની પાસે 1,911 વાહનો, પ્લાન્ટ અને મશીનરીનો કાફલો છે (જેમાં 100 ભાડાપટ્ટે આપેલા વાહનો, પ્લાન્ટ અને મશીનરીનો સમાવેશ થાય છે) જેમાં 883 ટિપર, 64 લોડર, 162 ખોદકામ કરનારા અને 362 ટિપ ટ્રેઈલરનો સમાવેશ થાય છે. કંપની તેના ગ્રાહકોને કોલસા કાઢવા, ઓવરબર્ડન દૂર કરવા, કોલસા લોડિંગ અને અનલોડિંગ, રોડ ટ્રાન્સપોર્ટેશન અને રેલ પરિવહનનું સંકલન સહિતની એન્ડ-ટુ-એન્ડ સેવાઓ પ્રદાન કરે છે, જે તેને વન-સ્ટોપ કોલસા ખાણકામ અને લોજિસ્ટિક્સ પ્રદાતા બનાવે છે. તેની ખાણકામ અને ઓવરબર્ડન દૂર કરવાની કામગીરી મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં સ્થિત છે; જોકે, તે કોઈપણ ખાણની માલિકી ધરાવતી નથી. કંપનીના સૌથી મોટા ગ્રાહકો કોલ ઈન્ડિયા લિમિટેડ (કોલ ઈન્ડિયા અથવા CIL) ની ખાણ લેતી પેટાકંપનીઓ છે, જેમ કે વેસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (WCL) અને નોર્ધન કોલફિલ્ડ્સ લિમિટેડ (NCL). લોજિસ્ટિક્સમાં, કંપની 30 એપ્રિલ, 2026 સુધીમાં તેના 1,811 માલિકીના (અને 100 ભાડાપટ્ટે) વાહનો, પ્લાન્ટ અને મશીનરીના કાફલાનો ઉપયોગ કરીને કોલસાના લોડિંગ, અનલોડિંગ અને રોડ ટ્રાન્સપોર્ટેશન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# અષાઢી બીજે 70થી વધુ તાલુકામાં મેઘમહેર: રાજકોટ, બોટાદ અને જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ

**અમદાવાદ, તા.16**

રાજ્યમાં એકસાથે ચાર વેધર સિસ્ટમ (લો પ્રેશર સિસ્ટમ, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોન્સૂન ટ્રફ) સક્રિય થતાં અષાઢી બીજના પવિત્ર અવસરે વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. આજે અષાઢી બીજના પાવન દિવસે જ સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

બપોર સુધીના રાજ્યના 70 કરતા વધુ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સુરતના કામરેજમાં 2 ઈંચ વરસાદ વરસ્યો છે. રાજકોટ, જામનગર, અને કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં પણ નોંધપાત્ર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

હવામાન વિભાગે આગામી 7 દિવસ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ સાથે સાર્વત્રિક સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે, આજે રથયાત્રાના દિવસે અમદાવાદમાં થન્ડરસ્ટોર્મ અને તેજ પવન સાથે સામાન્યથી મધ્યમ વરસાદ પડવાની ખાસ સંભાવના દર્શાવી છે.

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ સરપદળ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અષાઢી બીજના પવિત્ર દિવસે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ખંભાળા, કેરાળા, મેટોડા, રંગપર અને બોડી ઘોડી સહિતના 5થી 7 ગામોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા ટૂંકા સમયમાં જ ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. આ મુશળધાર વરસાદને પગલે આજુબાજુની સ્થાનિક નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને નદીઓ બે કાંઠે વહેતી થઈ ગઈ હતી.

પડધરી તાલુકાના અનેક ગામડાઓમાં લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહ્યા હતા, કારણ કે હજી સુધી અહીં પૂરતો વાવણી લાયક વરસાદ થયો ન હતો. એવામાં અષાઢી બીજના મુહૂર્તમાં જ આ વિસ્તારોમાં વરસાદ વરસતા સમગ્ર પંથકના ખેડૂતોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ખેતીકામની જોરશોરથી શરૂઆત થઈ ગઈ છે.

જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના ઈટાળા, જાયવા અને નાના ગરેડીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અષાઢી બીજના પવિત્ર દિવસે ધીમીધારે વરસાદનું આગમન થયું હતું. છેલ્લા ઘણા સમયથી અસહ્ય ગરમી અને ભારે ઉકળાટ સહન કરી રહેલા લોકોને આ વરસાદી ઝાપટાંથી મોટી રાહત મળી છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

બીજી તરફ, લાંબા સમયની



રાહ જોવડાવ્યા બાદ મેઘરાજાની પધરામણી થતાં સ્થાનિક ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વરસાદથી ખેતી પાકને નવું જીવન મળશે તેવી આશા બંધાતા ધરતીપુત્રોના ચહેરા ખીલી ઉઠ્યા છે.

સૌરાષ્ટ્ર પંથકમાં લાંબા વિરામ બાદ મેઘરાજાનું વિધિવત અને ધમાકેદાર આગમન થયું છે. જૂનાગઢ જિલ્લાના કેશોદ અને વંથલી પંથકમાં સવારથી જ સર્જાયેલા વાદળછાયા વાતાવરણ વચ્ચે જોરદાર વરસાદી ઝાપટાં શરૂ થયા હતા. બીજી તરફ, ગીર સોમનાથ જિલ્લામાં પણ મેઘરાજાએ જમાવટ કરી છે, જેમાં ઉના-તાલાલા શહેર સહિત જંગલ સરહદે આવેલા છેવાડાના ગામો જેવા કે જાવંત્રી, પાણીકોઠા, વડાલા અને ઉના પંથકમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ભગવાન જગન્નાથની રથયાત્રાના પાવન પર્વે જાણે કુદરત જળાભિષેક કરી રહી હોય તેમ વરસાદનો આ બીજો રાઉન્ડ શરૂ થતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં અદભુત ઠંડક પ્રસરી ગઈ છે. છેલ્લા કેટલાય દિવસોની અસહ્ય ગરમી અને બફારાથી અકળાયેલા સ્થાનિક લોકોને આનાથી મોટી રાહત મળી છે, જ્યારે મુહૂર્ત સાચવીને વરસેલો આ વરસાદ ખેતી માટે 'કાચા સોના' સમાન સાબિત થતાં ગીર અને જૂનાગઢ પંથકના ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ વ્યાપી ગયો છે.

અષાઢી બીજના પવિત્ર પર્વે અમરેલી અને બગસરા પંથકમાં મેઘરાજાએ શુકન સાચવતા ધમાકેદાર એન્ટ્રી કરી છે. અમરેલી શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારો જેવા કે વડેરા અને રંગપુર સહિતના ગામોમાં જોરદાર વરસાદી ઝાપટાં પડ્યા છે. ખેતી માટે આ વરસાદ ખૂબ જ ફાયદાકારક સાબિત થવાનો હોવાથી સમગ્ર પંથકના ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ વ્યાપી ગયો છે.

પાટણ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં શરૂઆતના વરસાદ બાદ છેલ્લા બે સપ્તાહથી વરસાદ ખેંચાતા અસહ્ય ઉકળાટનો માહોલ સર્જાયો હતો. લાંબા વિરામ બાદ ગત મોડીરાત્રે એકાએક વરસાદ શરૂ થતાં સમગ્ર પંથકમાં આનંદની લાગણી છવાઈ છે. વરસાદના કારણે વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી ગઈ છે અને સૂકાઈ રહેલા પાકોને નવું જીવનદાન મળ્યું છે. પાટણ રાત્રે 2થી 6 વાગ્યા સુધીમાં 17 મિમી, સરસ્વતી તાલુકામાં રાત્રે 2થી 4 વાગ્યામાં 25 મિમી, હારીજમાં 2 મિમી, સમીમાં 4 મિમી, ચાણસ્મામાં 1 મિમી વરસાદ વરસયો છે.

વરસાદના સત્તાવાર આંકડાકીય વિશ્લેષણ તરફ નજર કરીએ તો ચાલુ સિઝનમાં હજુ પણ ચિંતાજનક ચિત્ર સામે આવી રહ્યું છે. રાજ્યમાં ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં સરેરાશ માત્ર 162.8 મિમી (6.42 ઈંચ) વરસાદ જ નોંધાયો છે. હવામાન વિભાગના લાંબાગાળાના રેકોર્ડ મુજબ, સામાન્ય પરિસ્થિતિમાં આ સમયગાળા દરમિયાન રાજ્યમાં સરેરાશ 226.1 મિમી વરસાદ વરસી જવો જોઈતો હતો. આ ગણતરીએ જોતાં ગુજરાતમાં ચાલુ વર્ષે સરેરાશ કરતાં અંદાજે 28 ટકા જેટલો ઓછો વરસાદ નોંધાયો છે, જેથી ખેડૂતો અને વહીવટી તંત્ર આગામી દિવસોમાં સારો વરસાદ વરસે તેની આશા રાખી રહ્યા છે.

## ધોળકામાં 'જય રણછોડ'ના નાદ સાથે 2 ભવ્ય રથયાત્રા નીકળી: ભીડ વચ્ચે મહિલા બેભાન, લોકોએ દાખવી અનોખી માનવતા

**અમદાવાદ, તા.16**

અષાઢી બીજના પવિત્ર પર્વે ધોળકામાં કાળિયા ઠાકરની ભવ્ય રથયાત્રા યોજાઈ હતી, જેને પગલે સમગ્ર પંથક 'જય રણછોડ, માખણચોર'ના નારાઓ સાથે ભક્તિમય માહોલમાં ગરકાવ થઈ ગયો છે. ધોળકામાં આજે એકસાથે 2 ભવ્ય રથયાત્રાઓનું પ્રસ્થાન થયું હતું, જેમાં ભક્તો ભારે ઉત્સાહથી જોડાયા હતા. પ્રથમ રથયાત્રા ધોળકા શહેરના ચારશેરી સ્થિત કૃષ્ણ મંદિરથી પરંપરાગત રીતે નીકળી હતી. આ વર્ષે આ રથયાત્રાનું 75મું વર્ષ હોવાથી ભક્તોમાં અનોખો આનંદ જોવા મળ્યો હતો. બીજી રથયાત્રા કેલિયા વાસણા ગામે આવેલા ઐતિહાસિક રણછોડરાયના મંદિરથી પ્રસ્થાન પામી હતી. આ આયોજનનું આ 5મું વર્ષ છે. આ રથયાત્રામાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામના 3 ભવ્ય રથો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બંને રથયાત્રાઓના રૂટ પર સેવાભાવી



સંસ્થાઓ અને સ્થાનિક લોકો દ્વારા ચા, નાસ્તો, ઠંડું પાણી અને શરબત જેવી સેવાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રા દરમિયાન ધોળકાના સરોડા રોડ પર એક સંવેદનશીલ ઘટના બની હતી. દર્શન માટે ઉમટેલી ભારે જનમેદની વચ્ચે એક મહિલા અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા. જો કે, આ કટોકટીની પળોમાં ધોળકાવાસીઓએ અદ્ભુત માનવતા દાખવી હતી. હજારોની ભીડ હોવા છતાં, સ્થાનિક લોકોએ તાત્કાલિક એક થઈને એમ્બ્યુલન્સ માટે ગણતરીની મિનિટોમાં જ ગ્રીન કોરિડોર જેવો સરળ રસ્તો કરી આપ્યો હતો. લોકોના આ અભૂતપૂર્વ સહયોગને કારણે દર્દીને સમયસર હૉસ્પિટલ પહોંચાડી શકાયા હતા. હાલ હૉસ્પિટલમાં સારવાર મેળવી રહેલી આ મહિલાની તબિયતમાં ઘણો સુધારો છે અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

સમગ્ર રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ પ્રશાસન સંપૂર્ણ સજ્જ હતું. રૂટ પર DYSP, PI અને PSI સહિત 564 પોલીસ જવાનોનો ચુસ્ત કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો.

## ફોરેસ્ટ કર્મચારીઓને માર મારવાનો કેસ: MLA ચૈતર વસાવાના પત્ની શકુંતલા વસાવા સહિત ચાર દોષિતોની જમીન અરજી ઉપર હાઇકોર્ટમાં સુનવણી પૂર્ણ

**અમદાવાદ, તા.16**

ગુજરાતના રાજકારણ અને કાનૂની જગતમાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને ચકચારી અહેવાલ સામે આવ્યો છે. નર્મદા જિલ્લાના ડેડિયાપાડા મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના પત્ની શકુંતલા વસાવા સહિતના અન્ય નવ જેટલા આરોપીઓ વિરુદ્ધ નર્મદા પોલીસ મથકે એક ગંભીર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર વિવાદ જંગલ ખાતાની જમીન અને વન વિભાગના કર્મચારીઓ સાથેની માથાકૂટ સંબંધિત છે. પોલીસ ફરિયાદ અનુસાર, જમીન મામલે ચર્ચા કરવાના બહાને વન વિભાગના સત્તાવાર અધિકારીને પોતાના નિવાસસ્થાને બોલાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની સાથે ઉગ્ર બોલાચાલી બાદ શારીરિક મારપીટ કરવામાં આવી હતી, જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ અપાઈ હતી અને વાતાવરણમાં ભય ફેલાવવાના ઈરાદાથી હવામાં હથિયાર વડે ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઘટનાક્રમને પગલે નર્મદા પોલીસે ધારાસભ્ય અને તેમના સાથીદારો વિરુદ્ધ કડક કાનૂની કાર્યવાહી હાથ ધરીને ભારતીય દંડ સંહિતા (IPC) ની વિવિધ કલમો જેવી કે કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૧૮૬, ૨૯૪, ૩૫૩, ૩૮૬ તેમજ આર્મ્સ એક્ટની કલમ ૨૫ હેઠળ સત્તાવાર ગુનો નોંધી કાયદાકીય તપાસ શરૂ કરી હતી. નર્મદાની સ્થાનિક અદાલતે આ કેસની તમામ કાનૂની પ્રક્રિયાઓ અને પુરાવાઓની ઝીણવટભરી તપાસ કર્યા બાદ ચુકાદો આપતા ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના પત્ની શકુંતલા વસાવા સહિત કુલ નવ આરોપીઓને તકસીરવાન ઠેરવીને સાત વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

સ્થાનિક અદાલત દ્વારા દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ આ મામલે કાનૂની લડત હવે ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. જેલની સજા કાપી રહેલા દોષિતો પૈકી ધારાસભ્ય ચૈતર વસાવાના પત્ની શકુંતલા વસાવા સહિત અન્ય કેટલાક સહ-આરોપીઓએ કાનૂની રાહત મેળવવા



માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે અને નર્મદા કોર્ટના ચુકાદાને પડકારતી અપીલ તેમજ વચગાળાના જામીન મેળવવા માટેની અરજી દાખલ કરી છે. આ જામીન અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં ગઈકાલે અને આજે એમ બે દિવસ સુધી શકુંતલા વસાવા સહિત ચાર મુખ્ય આરોપીઓની જામીન અરજીઓ પર બંને પક્ષોના વકીલો વચ્ચે સામસામે વિગતવાર અને જોરદાર કાનૂની દલીલો થઈ હતી. હાઈકોર્ટે બંને પક્ષોની તીખી ધારદાર રજૂઆતો અને કાનૂની પાસાઓ સાંભળ્યા બાદ આજે સુનાવણીની પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી છે અને આ સંવેદનશીલ કેસમાં જામીન આપવા કે નહીં તે અંગેનો અંતિમ ચુકાદો આગામી ૨૨ જુલાઈ ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવશે તેવી સત્તાવાર જાહેરાત કરી છે. આ આખા વિવાદના મૂળમાં રહેલી ઘટનાની વાત કરીએ તો, અગાઉ જ્યારે નર્મદા કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવવામાં આવ્યો ન હતો તે પહેલાંની જામીન અરજીઓમાં બચાવ પક્ષ તરફથી કોર્ટ સમક્ષ કેટલીક રસપ્રદ દલીલો રજૂ કરવામાં આવી હતી. આ રજૂઆતો અનુસાર, જંગલ વિસ્તારમાં વન વિભાગ હસ્તકની કેટલીક જમીન લાંબા સમયથી ખાલી પડી રહી હતી, જ્યાં સ્થાનિક ગામડાના ગરીબ ખેડૂતોએ આજીવિકા મેળવવા માટે કપાસના પાકનું વાવેતર કર્યું હતું. જોકે, વન વિભાગના સ્થાનિક કર્મચારીઓ અને અધિકારીઓએ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરીને તે જમીન પરથી દબાણ ખાલી કરાવ્યું હતું અને ખેડૂતોનો તમામ સામાન જપ્ત કરીને ખુલ્લા બજારમાં વેચી માર્યો હતો. જંગલ ખાતાની આ એકતરફી કાર્યવાહીથી નારાજ થઈને ગામના ગરીબ લોકો પોતાની મહેનતનું યોગ્ય વળતર મેળવવાની આશા સાથે સ્થાનિક જનપ્રતિનિધિ તરીકે ધારાસભ્ય ચૈતર વસાવા પાસે મદદની આજીજી કરવા પહોંચ્યા હતા. પ્રજાના પ્રશ્નો ઉકેલવાના હેતુથી ધારાસભ્ય ચૈતર વસાવાએ વન વિભાગના અધિકારીઓ સાથે એક બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં પ્રાથમિક તબક્કે સરકારી અધિકારીઓ ખેડૂતોને થયેલા નુકસાનનું યોગ્ય વળતર ચૂકવવા સહમત થયા હોવાથી વિવાદનો સુખદ અંત આવ્યો હોવાનો દાવો કરાયો હતો, પરંતુ બાદમાં વન વિભાગના ઉચ્ચ અધિકારીઓના દબાણ અને આદેશથી રાજકીય કિન્નાખોરી રાખીને પોલીસમાં આ ખોટી ફરિયાદ નોંધાવવામાં આવી હોવાની દલીલ બચાવ પક્ષે કરી હતી. જોકે, સરકારી વકીલ અને વન વિભાગ તરફથી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલી વિગતો અનુસાર આ આખી ઘટના અત્યંત ગંભીર અને કાયદો-વ્યવસ્થાને પડકારનારી હતી. સરકારી પક્ષના આક્ષેપો મુજબ ધારાસભ્ય ચૈતર વસાવાએ સરકારી ફરજ પર તહેનાત વન વિભાગના નબળા કર્મચારીઓને ધાકધમકી આપીને ગેરકાયદેસર રીતે ૬૦ હજાર રૂપિયાના વળતરની માંગણી કરી હતી.

## અમદાવાદ એરપોર્ટ પર મહિલા મુસાફરના બુરખામાંથી 34 લાખનું સોનુ ઝડપાયું: 233 ગ્રામના 24 કેરેટ સોનાના બે 'ટીટી બાર' જપ્ત કરાયા

**અમદાવાદ, તા.16**

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ફરી એકવાર સોનાની ગેરકાયદેસર તસ્કરીનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં અમદાવાદ કસ્ટમ્સ વિભાગના 'એર ઈન્ટેલિજન્સ યુનિટ' (AIU) ના સજાગ અધિકારીઓએ મોટી સફળતા મેળવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અબુ-ધાબીથી ઉડાન ભરીને અમદાવાદ આવેલા ફ્લાઈટ નંબર 3L111 દ્વારા આજે ૧૬મી જુલાઈ ૨૦૨૬ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરેલી એક મહિલા મુસાફરની શંકાસ્પદ હિલચાલને આધારે કસ્ટમ્સ વિભાગ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. કસ્ટમ્સ અધિકારીઓએ જ્યારે આ મહિલા મુસાફરની આકરી પૂછપરછ અને સઘન તપાસ હાથ ધરી ત્યારે ટેક્સ ચોરીનું આખું નેટવર્ક સામે આવ્યું હતું. આ મહિલાએ કસ્ટમ ડ્યુટી એટલે કે સરકારી જકાત ભરવાનું ટાળવાના સ્પષ્ટ ઈરાદા સાથે પોતાના વસ્ત્રો એટલે કે બુરખાની અંદર અત્યંત ચાલાકીપૂર્વક ૨૪ કેરેટ શુદ્ધ સોનાના બે 'ટીટી બાર' (TT bars) છુપાવ્યા હતા. અધિકારીઓએ મહિલા પાસેથી કુલ ૨૩૩ ગ્રામ સોનું જપ્ત કર્યું છે, જેની વર્તમાન ભારતીય બજાર કિંમત આશરે ૩૪,૨૯,૨૧૬ રૂપિયા જેટલી



આંકવામાં આવી છે. કસ્ટમ્સ વિભાગે આ ગેરકાયદેસર સોનાના જથ્થાને 'કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨' ની કડક જોગવાઈઓ હેઠળ જપ્ત કરીને કાનૂની કાર્યવાહી શરૂ કરી છે, અને આ સોનું વિદેશમાં કયા સ્મગલર પાસેથી ખરીદવામાં આવ્યું હતું તેમજ સ્થાનિક સ્તરે તે અમદાવાદ કે ગુજરાતમાં કોને પહોંચાડવાનું હતું તે દિશામાં ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા અને કસ્ટમ્સ વિભાગની કામગીરી પર તાજેતરમાં જ અનેક સવાલો ઉભા થયા છે, જેના કારણે આજની આ સફળતા કસ્ટમ્સ વિભાગની છબી સુધારવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. થોડા સમય પહેલાં જ અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સોનું લઈને બહાર નીકળેલા બે શંકાસ્પદ મુસાફરોને અસલી પોલીસ અધિકારીઓ દ્વારા જ રસ્તામાંથી અપહરણ કરીને લૂંટી લેવામાં આવ્યા હોવાની એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી હતી, જેણે સમગ્ર રાજ્યના પોલીસ બેડા અને એરપોર્ટ પ્રશાસનમાં ભારે ચકચાર મચાવી દીધી છે. આ ઘટનાને પગલે એવા ગંભીર પ્રશ્નો ઉભા થયા હતા કે કસ્ટમ્સ વિભાગની આટલી કડક સુરક્ષા અને નાક નીચેથી આ બંને મુસાફરો આટલો મોટો સોનાનો જથ્થો લઈને એરપોર્ટની બહાર નીકળવામાં કેવી રીતે સફળ રહ્યા. જો કે, લૂંટનો ભોગ બનેલા બંને મુસાફરોએ પોલીસ ફરિયાદ નોંધાવતી વખતે એવો દાવો કર્યો હતો કે તેઓ સોનાની ખરીદીના કાયદેસરના બિલ પાછળથી રજૂ કરશે, પરંતુ સૌથી મોટો તપાસનો વિષય એ છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર